203 વર્ષ

દૈનિક **મુંબઈ સમાચાર**

સૌરાષ્ટ્ર આવૃત્તિ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 282 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ કાર્તિક વદ-૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 27 November 2024, Wednesday ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

બુધવાર, ૨૭ નવેમ્બર ૨૦૨૪ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

ઈન્ટરવલ પૂર્તિ ૫ ૬ ૭ ૮

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# શિંદેનું રાજીનામુંઃ કૌન બનેગા CM સસ્પેન્સ અકબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેનાના વડા એકનાથ શિંદેએ મંગળવારે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન પદેથી રાજીનામું આપી દીધું હતું, રાજ્ય વિધાનસભાની ચૂંટણીનાં પરિણામો જાહેર થયાના ત્રણ દિવસ પછી પણ નવા મુખ્ય પ્રધાન તરીકે તેમના સ્થાને કોણ આવશે તેનું સસ્પેન્સ અકબંધ રહ્યું છે. દિલ્હીમાં કેન્દ્રીય પ્રધાન રામદાસ આઠવલેએ કહ્યું હતું કે, ભાજપના નેતૃત્વે દેવેન્દ્ર ફડણવીસને ત્રીજી વખત મુખ્ય પ્રધાન બનાવવાનો નિર્ણય કરી નાખ્યો છે, પરંતુ ભાજપ તરફથી આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ મળી નથી.

શિંદે અને ફડણવીસ મંગળવારે વહેલી સવારે મુંબઈ પોલીસ કમિશનરની ઑફિસમાં ૨૬/૧૧ના આતંકવાદી હુમલાના શહીદોને શ્રદ્ધાંજલિ આપવા માટેના એક કાર્યક્રમમાં સાથે જ હતા, પરંતુ તેમના વચ્ચે ભાગ્યે જ કોઈ વાતચીત થઈ હોવાનું જોવા મળ્યું હતું.

શિંદેનું રાજીનામું તેમના શિવસેના પક્ષની અંદરથી વધતા દબાણ વચ્ચે આવ્યું હતું કે તેઓ આ પદ પર ચાલુ રહે કારણ કે વિધાનસભાની ચૂંટણીઓ તેમના નેતૃત્વ હેઠળ લડવામાં આવી હતી અને જીતવામાં આવી હતી.

નાયબ મુખ્ય પ્રધાનો દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર સાથે, એકનાથ શિંદે મુખ્ય પ્રધાન તરીકે રાજીનામું સુપરત કરવા માટે અગાઉ રાજભવન ખાતે રાજ્યપાલ સી. પી. રાધાકૃષ્ણનને મળ્યા હતા. ત્યારબાદ રાજ્યપાલે શિંદેને નવા મુખ્ય પ્રધાન શપથ ગ્રહણ ન થાય ત્યાં સુધી કાર્યવાહકની ભૂમિકામાં ચાલુ રહેવા

(જુઓ પાનું ૨) ▸▸

## નાગરિકોનું જીવનધોરણ સુધારવા માટે સૌ સાથે મળીને કામ કરેઃ રાષ્ટ્રપતિ

નવી દિલ્હીઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ મંગળવારે જણાવ્યું હતું કે દેશના નાગરિકોનું જીવનધોરણ સુધારવા માટે અમલદારો, ધારાસભા અને ન્યાયતંત્રે સાથે મળીને કામ કરવું જોઇએ.

દેશના બંધારણને અપનાવાયું તેની ૭૫મી જયંતીની ઉજવણી કરવા યોજાયેલા ખાસ કાર્યક્રમને સંબોધતા રાષ્ટ્રપતિએ જણાવ્યું

(જુઓ પાનું ૨) ▸▸



**સંવિધાન દિનઃ** નવી દિલ્હીમાં સંવિધાન સદન ખાતે મંગળવારે 'સંવિધાન દિન' કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, વડા પ્રધાન મોદી અને લોકસભાના સ્પીકર ઓમ બિડલા.

## પેન કાર્ડમાં ક્યૂઆર કોડ રાખવાની યોજનાને મંજૂરી

### કરદાતાઓને નિઃશુલ્ક અપાશેઃ નંબરમાં ફેરફાર નહિ થાય

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે ક્યૂઆર કોડ સાથેના પરમેનન્ટ અકાઉન્ટ નંબર (પેન) કાર્ડ આપવાની યોજના માટે રૂપિયા ૧,૪૩૫ કરોડ મંજૂર કર્યા હતા.

કરદાતાઓને આ નવા પેન કાર્ડ નિઃશુલ્ક અપાશે. 'પેન ટૂ' પ્રોજેક્ટનો હેતુ બધી સરકારી એજન્સીઓની સમાન ડિજિટલ સિસ્ટમ્સ માટે સમાન ઓળખપત્ર ('કોમન બિઝનેસ આઇડેન્ટિફાયર') તૈયાર કરવાનો છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની કેબિનેટ કમિટીની સોમવારે મળેલી બેઠકમાં આ પ્રોજેક્ટને મંજૂરી અપાઇ હતી.

પરમેનન્ટ અકાઉન્ટ નંબર (પેન)

(જુઓ પાનું ૨) ▸▸

## ...તો અમેરિકામાં અદાણી સામેના કેસ પાછા ખેંચાઇ શકે

ન્યૂ યોર્કઃ અમેરિકાના એક મૂળ ભારતીય એટર્નીએ દાવો કર્યો હતો કે અમેરિકામાં ડોનલ્ડ ટ્રમ્પ પ્રમુખપદે આવે, તે પછી જો ભારતના અબજોપતિ ગૌતમ અદાણી સામેનો ૨૬.૫ કરોડ ડૉલરની લાંચનો કેસ 'અયોગ્ય અને ખામીવાળો' લાગશે, તો તે પાછો ખેંચાઇ શકે છે.

એટર્ની રવિ બત્રાએ જણાવ્યું હતું કે દરેક નવા પ્રમુખની નવી ટીમ હોય છે. અમેરિકાના ૪૭મા પ્રમુખ ટ્રમ્પનું પણ નવું પ્રધાનમંડળ હશે. તેઓને જો કેસ પાયાવિહોણો લાગશે, તો તેને પાછો ખેંચાવી શકે છે.

બત્રાએ જણાવ્યું હતું કે જો નવી સરકારને કોઇ કેસ ચોક્કસ વ્યક્તિને લક્ષ્ય બનાવવા વિરોધીઓએ કર્યો હોવાનું લાગે, તો પણ તે કેસ પાછો ખેંચાવી શકે છે.

(જુઓ પાનું ૨) ▸▸

## 'આપ'ના સ્થાપના દિવસ પર કેજરીવાલનું નિવેદનઃ લોકતંત્ર, બંધારણ બચાવવાની લડાઇ યથાવત્ રહેશે

નવી દિલ્હીઃ આમ આદમી પાર્ટી (આપ) ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે મંગળવારે પાર્ટીના સ્થાપના દિવસ પર કહ્યું કે પાર્ટી પોતાની 'પ્રમાણિકતા અને લોકોના પ્રેમના કારણે મજબૂત થઇ' છે અને બંધારણ અને લોકશાહીનું રક્ષણ કરવાની લડાઇ ચાલુ રહેશે. દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું કે ૧૨ વર્ષ પહેલા 'આપ'ની સ્થાપનાથી સામાન્ય માણસને શક્તિ મળી હતી.

તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર લખ્યું હતું કે ૨૦૧૨માં આજનો આ દિવસ ઇતિહાસની એ ક્ષણ છે જ્યારે દેશના સામાન્ય વ્યક્તિએ પોતાની તાકાત ઓળખી હતી અને 'આમ આદમી પાર્ટી'ની સ્થાપના કરી હતી. અત્યાર સુધીની અમારી સફર સંઘર્ષ, બલિદાન અને વિજયની ગાથાઓથી ભરેલી રહી છે.

કેજરીવાલે લખ્યું હતું કે, છેલ્લા એક વર્ષમાં અમને ખતમ કરવાના લાખો પ્રયાસો થયા પરંતુ અમારી ઇમાનદારી, જનતાનો પ્રેમ અને કાર્યકર્તાઓની હિંમતે અમને વધુ મજબૂત બનાવ્યા હતા. અમે અન્યાય અને સરમુખત્યારશાહી સામે પહેલા કરતાં વધુ મજબૂત ઊભા છીએ. તેમણે કહ્યું કે બંધારણ અને લોકશાહીને બચાવવાની આ લડાઈ ચાલુ રહેશે.

દિલ્હીના મુખ્યમંત્રી આતિશીએ પણ 'આપ'ના સ્થાપના દિવસ પર પાર્ટી કાર્યકર્તાઓને શુભેચ્છા પાઠવી હતી. તેમણે 'એક્સ' પર લખ્યું હતું કે, ''૧૨ વર્ષ પહેલા શરૂ થયેલી આ ક્રાંતિએ કરોડો લોકોનાં દિલમાં કામની રાજનીતિ મારફતે આશા અને ફેરફારનું સપનું જગાવ્યું હતું અને અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં આ સપનાને પૂર્ણ કરવામાં આવી રહ્યા છે.''

આતિશીએ કહ્યું, ૧૨ વર્ષની આ સફર સરળ નહોતી. દરરોજ એક નવો પડકાર આવતો હતો પરંતુ અમારા કાર્યકરોની મહેનત, વિશ્વાસ અને પ્રેમથી અમે આગળ વધતા રહ્યા. તેમણે સામાન્ય માણસનું જીવન સુધારવા અને ભારતને વિશ્વમાં ટોચનો દેશ બનાવવામાં મદદ કરવાનો પક્ષનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. ■

## યુપીમાં બ્રિટિશકાળના બંધ કરાયેલા પુલનો એક ભાગ તૂટ્યો

ઉન્નાવ : અંગ્રેજોના સમયમાં બનેલા કાનપુર અને ઉન્નાવને જોડતા ગંગા પરના ઐતિહાસિક પુલનો એક ભાગ મંગળવારે વહેલી સવારે નદીમાં પડી ગયો હતો.

લગભગ ચાર વર્ષથી બંધ પડેલો પુલ પરોઢિયે બે વાગ્યાની આસપાસ ધરાશાયી થયો હતો. આ ઘટનાને કારણે કોઈ હતાહત નથી થયું. સ્થાનિકોએ દાવો કર્યો હતો કે ગંગા ઘાટ પાસેનો પુલ ૧૮૭૪માં ઉન્નાવ જિલ્લાના શુક્લગંજ વિસ્તારમાં અવધ અને રોહિલખંડ રેલવે લિમિટેડ કંપની દ્વારા બનાવવામાં આવ્યો હતો.

સ્થાનિક આશુ અવસ્થીએ જણાવ્યું હતું કે, ''બ્રિજના બે પિલર વચ્ચેનો એક ભાગ સવારે બે વાગ્યા પછી ગંગામાં પડ્યો હતો. પુલ ટ્રાફિક માટે બંધ હોવાથી કોઈને ઈજા થઈ નથી.''



**પુલ તૂટ્યોઃ** ઉત્તર પ્રદેશના ઉન્નાવ ખાતે ગંગા નદી પરનો તૂટેલો અંગ્રેજોના શાસન વખતનો પુલ. અગાઉ, બિહારમાં અસંખ્ય પુલ તૂટી પડ્યા હતા. (પીટીઆઇ)

અન્ય એક સ્થાનિક, પાંડા રાજુએ જણાવ્યું હતું કે મીડિયા દ્વારા જાણવા મળ્યું હતું કે કાનપુર બાજુથી ઊંડી તિરાડો જોવા મળી હતી, જેના કારણે વહીવટીતંત્રે ૫ એપ્રિલ, ૨૦૨૧ના રોજ પુલને સંપૂર્ણપણે બંધ કરી દીધો હતો.

પુલનો ભાગ ગંગામાં તૂટી પડતાં, સંખ્યાબંધ સ્થાનિક લોકો સ્થળની નજીક પહોંચ્યા હતા અને સ્ટ્રક્ચરનો વીડિયો બનાવ્યો હતો. સ્ટ્રક્ચરની ક્લિપ્સ અને ફોટોગ્રાફ્સ ટૂંક સમયમાં સોશિયલ મીડિયા પર વાઇરલ થયા હતા. ■

## આંદામાન નજીકથી પકડાયેલું ૫૫૦૦ કિલો ડ્રગ્સ થાઈલેન્ડ માટેનું હોવાની પોલીસને શંકા

પોર્ટ બ્લેરઃ આંદામાન અને નિકોબાર પોલીસને શંકા છે કે બેરન ટાપુ નજીકથી મ્યાનમારના છ જણ સાથે ફિશિંગ બોટમાંથી જપ્ત કરાયેલ ૫૫૦૦ કિલો પ્રતિબંધિત મેથામ્ફેટામાઈન ડ્રગ થાઈલેન્ડ પહોંચાડવાનું હતું.

અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું કે પોલીસ મ્યાનમારથી આવી રહેલા ટ્રોલરમાંથી જપ્ત કરાયેલા સેટેલાઇટ ફોનનો કોલ રેકોર્ડ મેળવવાનો પ્રયાસ કરી રહી છે. ''અમે જપ્ત કરાયેલા સેટેલાઇટ ફોન કોલ ડિટેલ રેકોર્ડ દ્વારા ડ્રગ્સ મેળવનારાઓની વિગતો મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ કારણ કે પૂછપરછ દરમિયાન પકડાયેલા કંઈપણ જાહેર કરવાનો ઇનકાર કરી રહ્યા છે. એવું લાગે છે કે તેઓ કન્સાઇનમેન્ટ મેળવનાર અને તેની પાછળની વ્યક્તિની ઓળખ જાહેર કરવાથી ડરી રહ્યા છે.

અમે કોલ ડિટેલ રેકોર્ડ મેળવવા માટે સર્વિસ પ્રોવાઇડર સાથે સંપર્ક કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ, એમ અધિકારીએ કહ્યું હતું.

મેથામ્ફેટામાઈન ડ્રગનું વિશાળ કન્સાઈનમેન્ટ થાઈલેન્ડમાં પહોંચાડવાનું હતું અને તે ડ્રગ કાર્ટેલનો ભાગ હોઈ શકે છે, એમ પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

સામાનના જથ્થા અને મોડસ ઓપરેન્ડીના આધારે તે ચોક્કસપણે જેલિસ્કો ન્યુ જનરેશન કાર્ટેલ (એલ મેન્ચો દ્વારા સંચાલિત) અને ચાઇનીઝ અલ ચાપો ગેંગના નેતાઓ જેવા કુખ્યાત ડ્રગ કાર્ટેલનાં જેવું લાગે છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે ૨૦૧૯માં, અમે આંદામાનમાંથી સમાન ડ્રગ્સ જપ્ત કર્યું હતું. સમુદ્ર અને પછી અલ મેન્ચોની કાર્ટેલ મુખ્ય શંકાસ્પદ તરીકે ઊભરી આવી હતી. ■

## ગોપનીય બાબતો લીક ન થાય એની કાશ્મીર સરકારની તકેદારી : વૉટ્સઍપ અને જીમેલના ઉપયોગ પર પ્રતિબંધ

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : જમ્મુ અને કાશ્મીર સરકાર એક અજ્ઞાત ભયથી પીડાય છે. તેને આશંકા છે કે સરકારની ગુપ્ત વાતો ફૂટી જાય છે અથવા તો ફૂટી શકે છે. આથી રાજ્ય સરકારે અધિકારીઓ અને કર્મચારીઓને સત્તાવાર સંદેશવ્યવહારની સુરક્ષા અને ગોપનીયતા સુનિશ્ચિત રાખવાની સલાહ આપી છે. આવા હુકમનું કારણ એ છે કે ત્રીજા પક્ષના ઉપકરણો વાપરવાના વધતા ચીલા પર પ્રતિબંધ મૂકવાની સૂચના આપવામાં આવી છે.

સરકારે અધિકારીઓ અને કર્મચારીઓને સંવદનશીલ, ગુપ્ત અને ગોપનીય સંદેશવ્યવહાર પ્રસારિત કરવા, વોટ્સએપ, જીમેલ અને અન્ય તૃતીય પ્લેટફોર્મના સંદેશવ્યવહારનાં સાધનોના વધતા ઉપયોગની પ્રવૃતિ જોઈને આ હુકમો બહાર પાડ્યા છે.

સામાન્ય પ્રશાસન વિભાગ દ્વારા જારી કરાયેલા એક પરિપત્રમાં ત્રીજા પક્ષના પ્લટફોર્મના ઉપયોગનાં જોખમો પર પ્રકાશ પાડ્યો હતો. પરિપત્રમાં ભારપૂર્વક જણાવામાં આવ્યું હતું કે આ ત્રીજા પ્લેટફોર્મો વર્ગીકૃત જાણકારીનું જતન કરવા ડિઝાઈન કરાયા નથી અને આમાં સત્તાવાર સંદેશવ્હાર માટે જરૂરી સુરક્ષાનો અભાવ છે. આ જોખમોને ઓછા કરવા અને સંવેદનશીલ માહિતી લીક ન થાય એ માટે આ હુકમો બહાર પાડવમાં આવ્યા છે.

સરકારે આદેશ આપ્યો છે કે અધિકારીઓ એ સુનિશ્ચત કરે કે તેઓ જાણકારીને યોગ્ય રીતે વર્ગીકૃત કરે છે કે નહીં. અધિકારીઓને સુવિધા માટે ઉચ્ચ સ્તરીય દસ્તાવેજોને ડાઉનલોડ ન કરે. સુરક્ષિત કાર્યાલય સંચાર માટે ઉચિત ફાયરવોલ ગોઠવે.

જીએડી પરિપત્ર પ્રમાણે મીટિંગ આઈડી અને પાસવર્ડ ફક્ત અધિકૃત લોકો સાથે જ શેર કરે. સરકારે આદેશ દીધો છે કે વીડિયો કોન્ફરન્સ દરમિયન ટોચની ગુપ્ત કે જાણકારી પર ચર્ચા ન કરે. ઘરથી કામ કરનારા અધિકારી માટે સરકારે વીપીએન અને ફાયરવોલ સેટઅપના માધ્યમથી કાર્યાલય સર્વરથી જોડાયેલા કડક સુરક્ષાના ઉપકણોના ઉપયોગ કરવાની ભલામણ કરી છે. તદુપરાંત અધિકારીઓને સલાહ અપાઈ છે કે સીક્રેટ બાબતો પર ચર્ચા કરતી વખતે ડિજિટલ સહાયક ઉપકરણો જેવા કે એમેઝોન અને એપલ હોમપાડના કાર્યલયોને બહાર રાખો. સરકારે આદેશ આપ્યો છે કે સંવેદનશીલ જાણકારી સાથે જોડાયેલી સત્તાવાર ચર્ચા વખતે સ્માર્ટફોનને ડ્રોઈંગ રૂમથી બહાર રાખો. જમ્મુ અને કાશ્મીર સરકારે એ વાત પર ભાર મૂક્યો હતો કે બધા અધિકારીઓ અને કર્મચારીઓએ આ હુકમોનું કડક પાલન કરવું પડશે. જો પાલન નહીં કરાય તો અનુશાસનાત્મક કાર્યવાહી કરાશે. ■

## વિપક્ષની બંને ગૃહોમાં બંધારણ પર ચર્ચાની માગ

નવી દિલ્હીઃ વિપક્ષના નેતાઓએ મંગળવારે સંસદના બંને ગૃહોમાં બંધારણ પર ચર્ચાની માગ કરી હતી. રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે તેમણે અને લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ બંને ગૃહોમાં અધ્યક્ષને પત્ર લખીને વિનંતી કરી છે કે બંને ગૃહોમાં બે દિવસ સુધી બંધારણ પર ચર્ચા થવી જોઈએ. ખડગેએ કહ્યું, ''તેના માટે સમય ફાળવવો જોઈએ જેથી કરીને બંધારણ વિશે સારી બાબતો પર ચર્ચા થઈ શકે, અને આજે જે ખોટી બાબતો થઈ રહી છે તેની પણ ચર્ચા થઈ શકે. અમે સરકારના જવાબની રાહ જોઈ રહ્યા છીએ.'' પાર્ટીના વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંહે બંધારણની પ્રસ્તાવના વાંચી હતી અને પ્રશ્ન કર્યો હતો કે શું બંધારણનો અમલ થઈ રહ્યો છે. ■

## તમિળનાડુના અનેક હિસ્સાઓમાં ભારે વરસાદ, વાહનવ્યવહારને થઇ અસર

ચેન્નઇઃ તમિલનાડુના અનેક વિસ્તારોમાં મંગળવારે ભારે વરસાદ વરસ્યો હતો અને ભારતીય હવામાન વિભાગે જણાવ્યું હતું કે બંગાળની ખાડી પરનું લો પ્રેશર ક્ષેત્ર ડીપ ડિપ્રેશનમાં ફેરવાઈ શકે છે. જે વિસ્તારોમાં વરસાદ વરસ્યો તેમાં ચેન્નઈના આસપાસના જિલ્લાઓ ચેંગલપેટ, કાંચીપુરમ અને તિરુવલ્લુર, ઉત્તરી તટીય શહેર કુડ્ડાલોર અને તિરુવરુર અને મન્નારગુડી સહિત કાવેરી ડેલ્ટા ક્ષેત્ર સામેલ છે.

હવામાન વિભાગે કહ્યું હતું કે અનેક વિસ્તારોમાં હળવાથી મધ્યમ અને કેટલાંક સ્થળોએ ભારે વરસાદ થયો હતો. વરસાદના કારણે વાહનવ્યવહારને અસર થઈ હતી અને રસ્તાઓ પર પાણી ભરાયા હતા. હવામાન વિભાગના પ્રાદેશિક હવામાન કેન્દ્ર અનુસાર, બંગાળની ખાડી પર દબાણ વિસ્તાર ચેન્નઈથી લગભગ ૮૩૦ કિમી દક્ષિણ-દક્ષિણપૂર્વમાં અને નાગપટ્ટીનમથી ૬૩૦ કિમી દક્ષિણ-દક્ષિણપૂર્વમાં છે.

હવામાન વિભાગે કહ્યું કે ''આગામી ૧૨ કલાક દરમિયાન ડિપ્રેશન ક્ષેત્ર ઉત્તર-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધે અને ડીપ ડિપ્રેશનમાં ફેરવાય તેવી શક્યતા છે.'' ત્યાર પછી આગામી બે દિવસ દરમિયાન તે ઉત્તર-ઉત્તરપશ્ચિમ તરફ શ્રીલંકા-તમિલનાડુના દરિયાકાંઠા તરફ આગળ વધે તેવી શક્યતા છે. ■



**ભારે વરસાદઃ** ચેન્નઈમાં ભારે વરસાદને કારણે રસ્તા પર ભરાયેલાં પાણીમાંથી પસાર થઈ રહેલાં વાહનો. ચોમાસા પછી શિયાળામાં પડેલા આ વરસાદને લીધે સામાન્ય જનજીવનને અસર થઇ હતી. (પીટીઆઇ)

## ભારત બાદ ચીનમાં ધમાલ મચાવશે વિજય સેતુપતિની ફિલ્મ 'મહારાજા'

બીજિંગ : તમિલ ફિલ્મ 'મહારાજા' શુક્રવારે ચીનમાં રિલીઝ થશે અને તેની સાથે બંને દેશો વચ્ચેના સંબંધો સામાન્ય થયા બાદ ચીનના દર્શકોને બતાવવામાં આવનારી આ પહેલી ભારતીય ફિલ્મ બનશે. પૂર્વી લદ્દાખમાં મડાગાંઠ ઉકેલવા માટે ગયા મહિને બંને દેશો વચ્ચે થયેલા કરાર બાદ સ્થિતિ સામાન્ય થઈ ગઈ છે. 'મહારાજા' ફિલ્મની પ્રી-સ્ક્રીનિંગ શરૂ થઈ ચૂકી છે અને આ ફિલ્મ ચીનમાં હોલિવૂડની 'ગ્લેડીયેટર-૨' અને સ્થાનિક ફિલ્મ 'હર સ્ટોરી' સાથે રિલીઝ થશે. સરકારની માલિકીના ગ્લોબલ ટાઈમ્સે મંગળવારે જણાવ્યું હતું કે ફિલ્મને ચાઈનીઝ મૂવી રિવ્યૂ સાઈટ ડૌબેન ૧૦ માંથી ૮.૭ રેટિંગ મળ્યું છે અને તાજેતરનાં વર્ષોમાં સૌથી વધુ રેટિંગ ધરાવતી ભારતીય ફિલ્મોમાં તેની ગણતરી થઈ રહી છે.

નિથિલન સ્વામીનાથન દ્વારા નિર્દેશિત આ ફિલ્મમાં વિજય સેતુપતિ, અનુરાગ કશ્યપ, મમતા મોહનદાસ અને નટ્ટી નટરાજ જેવા કલાકારો છે. આ ફિલ્મ ભારતીય થિયેટર્સમાં ૧૪ જૂને રિલીઝ થઈ હતી અને તે જબરદસ્ત હિટ રહી હતી. 'મહારાજા' ફિલ્મનું ચાઈનીઝ નામ 'યિન ગુઓ બાઓ યિંગ' છે. ■

## કેરળમાં હાઈવે કિનારે તંબુ બાંધી સૂઇ રહ્યા હતા લોકો, ટ્રક નીચે કચડાઇ જતાં પાંચનાં મોત

ત્રિશૂર (કેરળ) : કેરળના ત્રિશૂર જિલ્લામાં મંગળવારે વહેલી સવારે એક ટ્રક રસ્તાની બાજુમાં બાંધવામાં આવેલા તંબુમાં ઘૂસી ગયો હતો. જેના કારણે તંબુમાં સૂઇ રહેલા બે બાળકો સહિત ઓછામાં ઓછા પાંચ લોકોનાં મોત થયાં હતાં અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા હતા. પોલીસે આ માહિતી આપી હતી.

પોલીસે જણાવ્યું હતું કે, વલપડ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના નટ્ટિકામાં નેશનલ હાઇવે પર રસ્તાની બાજુમાં વિચરતી જાતિના લોકો તંબુઓમાં સૂતા હતા ત્યારે વહેલી સવારે ૪:૩૦ વાગ્યે ટ્રકે તેમને કચડી નાખ્યા હતા. તેમણે કહ્યું કે ઘાયલોને ત્રિસુર સરકારી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે જ્યાં બે લોકોની હાલત ગંભીર હોવાનું કહેવાય છે.મૃતકોમાં દોઢ વર્ષ અને ચાર વર્ષનાં બે બાળકો અને બે મહિલાઓનો સમાવેશ થાય છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ચંડીગઢમાં ટ્વીન બ્લાસ્ટ, બિશ્નોઈએ પોલીસનું નાક વાઢી લીધું

**વડા પ્રધાન** નરેન્દ્ર મોદી ૩ ડિસેમ્બરે ચંદીગઢની મુલાકાતે જવાના છે પણ એ પહેલાં મંગળવારે સવારે સેક્ટર-૨૬માં બે ક્લબની બહાર થયેલા બે બોમ્બવિસ્ફોટોના કારણે ખળભળાટ મચ્યો છે. સેવિલે બાર અને લાઉન્જ ક્લબ તથા ડી'ઓરા રેસ્ટોરન્ટની બહાર વહેલી સવારે થયેલા બ્લાસ્ટમાં સદભાગ્યે કોઈને જાનહાનિ થઈ નથી પણ વિસ્ફોટમાં સેવિલે બાર એન્ડ લોન્જ અને ડી'ઓરા ક્લબની બહારના કાચ તૂટી ગયા હતા.

વડા પ્રધાનની યાત્રાને ગણીને અઠવાડિયું બચ્યું છે ત્યારે ચંદીગઢમાં બ્લાસ્ટ થાય તેના કારણે ચંદીગઢની કાયદો અને વ્યવસ્થાની વ્યવસ્થા સામે તો સવાલ ઉઠ્યા જ છે પણ લોરેન્સ બિશ્નોઈ ગેંગની વધતી દાદાગીરીનો મુદ્દો પણ ચર્ચામાં છે કેમ કે આ બંને બ્લાસ્ટની જવાબદારી લોરેન્સ બિશ્નોઈ ગેંગે સ્વીકારી છે. ચંદીગઢમાં જ્યાં વિસ્ફોટ થયો હતો એ પોશ વિસ્તાર છે. આ બંને ક્લબની નજીકમાં શાકમાર્કેટ છે. ઘણી કેન્દ્રીય સંસ્થાઓ પણ નજીકમાં છે. પોલીસલાઇન અને સેક્ટર-૨૬ પોલીસ સ્ટેશન પણ છે ને છતાં બ્લાસ્ટ કરવાની હિંમત કરાઈ એ મોટી વાત છે.

નરેન્દ્ર મોદી ત્રીજીએ ચંદીગઢ આવવાના છે તેથી પોલીસ એલર્ટ મોડ પર છે. પીએમની સુરક્ષા ટીમ પણ એક-બે દિવસમાં ચંદીગઢ આવવાની છે. આ કારણે પોલીસ વધારે સતર્ક હતી છતાં પોશ વિસ્તારમાં બ્લાસ્ટ કરીને આ બ્લાસ્ટ કરનારાંએ પોલીસનું નાક વાઢી લીધું છે એવું કહેવામાં જરાય અતિશયોક્તિ નથી.

આ બ્લાસ્ટની ઘટના એટલે પણ ચર્ચામાં છે કે, પ્રખ્યાત રેપર બાદશાહ સેવિલે બાર અને લાઉન્જ ક્લબના માલિકોમાં ભાગીદારી છે. સેવિલે બાર એન્ડ લોન્જના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પણ ઉલ્લેખ કરાયો છે કે આ રેસ્ટોરન્ટ રેપર બાદશાહની માલિકીની છે. બાદશાહનું ઇન્સ્ટા આઇડી પણ સાથે ટેગ કરાયું છે. બીજી રેસ્ટોરન્ટ પણ બાદશાહની માલિકીની છે.

વહેલી સવારે માસ્ક પહેરેલા આરોપીઓ સેક્ટર-૨૬ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવ્યા અને બાઇક સ્લીપ રોડ પર પાર્ક કર્યા પછી પહેલાં તેમણે સેવિલે બાર અને લોન્જની બહાર ક્રૂડ બોમ્બ ફેંક્યો. આ ઘટના સીસીટીવીમાં દેખાય છે કે, સવારે ૩.૧૫ વાગ્યે એક યુવકે ક્લબ તરફ બોમ્બ જેવી વસ્તુ ફેંકી હતી. એ બાદ જોરદાર વિસ્ફોટ થયો હતો. ધુમાડો વધતાં જ યુવક ત્યાંથી ભાગી ગયો હતો. આ પછી બંને ડી'ઓરા ક્લબની બહાર બોમ્બ ફેંકવા ગયા હતા. આ બંને ક્લબ વચ્ચે લગભગ ૩૦ મીટરનું અંતર છે.

લોરેન્સ ગેંગના ગેંગસ્ટર ગોલ્ડી બ્રારે સોશિયલ મીડિયામાં પોસ્ટ કરીને બ્લાસ્ટની જવાબદારી લેતાં લખ્યું છે કે, બાદશાહે ખંડણી એટલે કે પ્રોટેક્શન મની ના આપતાં ચીમકી આપવા બ્લાસ્ટ કરાયા છે. આ સોશિયલ મીડિયા પોસ્ટમાં લોરેન્સ ગેંગના ગોલ્ડી બ્રાર અને રોહિત ગોદારા ૨ બ્લાસ્ટની જવાબદારી લે છે એવું લખીને કહેવાયું છે કે, આ બંને ક્લબના માલિકોને પ્રોટેક્શન મની માટે મેસેજ કરવામાં આવ્યો હતો પણ તેમણે અમારા મેસેજને નકાર્યા. તેમના કાન ખોલવા માટે આ ધડાકા કરવામાં આવ્યા હતા. જે કોઈ અમારા કોલ્સને અવગણી રહ્યા છે તેણે સમજી લેવું જોઈએ કે આનાથી મોટું કંઈક થઈ શકે છે.

ચંદીગઢ સાયબર પોલીસે આ પોસ્ટની તપાસ શરૂ કરી છે. બીજી તરફ બ્લાસ્ટની પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે, આ ઘટનામાં જે બોમ્બનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તેમાં ખીલા અને જ્વલનશીલ સામગ્રી ભરેલી હતી. આ બધી વસ્તુઓ પણ સ્થળ પરથી મળી આવી છે. પોલીસ માની રહી છે કે, દેશી બનાવટના બોમ્બ એટલે કે સૂતળી બોમ્બમાં ખિલા ભરીને ક્રૂડ બોમ્બ બનાવાયા હતા. પોલીસ ખંડણીના એંગલની પણ તપાસ કરી રહી છે. પોલીસ શહેરમાં ક્યા ક્લબ સંચાલકોને ખંડણીના કોલ આવ્યા છે કે મેસેજ મળ્યા છે એ એંગલથી પણ તપાસ કરી રહી છે. આ હુમલો ખાલી ગભરાટ ફેલાવવા માટે કરવામાં આવ્યો હતો કે પછી ગોલ્ડી બ્રારે કહ્યું છે તેમ કોઈ ગેંગસ્ટર એમાં સામેલ છે કે નહીં તેની તપાસ પણ કરી રહી છે. બાદશાહને કે તેના ભાગીદારોને ક્યારે કહેવાતા પ્રોટેક્શન મની એટલે કે ખંડણી આપવા માટે ફોન કરાયા હતા તેની વિગતો બહાર લાવવા માટે બાદશાહની પણ પૂછપરછ થઈ શકે છે.

ચંદીગઢમાં પહેલી વાર આ હુમલો થયો નથી. આ પહેલાં લગભગ બે મહિના પહેલાં ચંદીગઢના સેક્ટર-૧૦ના પોશ વિસ્તારમાં એક રિટાયર્ડ પ્રિન્સિપાલ ભૂપેશ મલહોત્રાના ઘર પર ગ્રેનેડ હુમલો થયો હતો. આ બ્લાસ્ટના કારણે ઘરમાં ૭થી ૮ ઈંચનો ખાડો પડી ગયો હતો. બારીઓના કાચ તૂટી ગયા હતા. આ હુમલો કરનારા ત્રણ હુમલાખોર એક ઓટોમાં આવ્યા હતા અને ઘટના બાદ એ જ ઓટોમાં ફરાર થઈ ગયા હતા.

આ હુમલાની તપાસ બે મહિનાથી ચાલી રહી છે. સ્થાનિક પોલીસ ઉપરાંત બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ, ડોગ-સ્ક્વોડ અને નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (ગઈઅ)ની ટીમ પણ તપાસ કરવા પહોંચી હતી. બે શંકાસ્પદ યુવકોના સ્કેચ બનાવાયા હતા પણ કોઈ પકડાયું નથી. પોલીસ હજુ અંધારામાં ફાંફાં મારી રહી છે ત્યાં ફરી બ્લાસ્ટ થઈ ગયો.

ગોલ્ડી બ્રાર કહે છે તેમ લોરેન્સ બિશ્નોઈ ગેંગે બ્લાસ્ટ કરાવ્યો હોય તો એ ચંદીગઢ પોલીસ માટે ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મરવા જેવું કહેવાય. લોરેન્સ બિશ્નોઈ અમદાવાદની સાબરમતી જેલમાં બંધ છે ને એ ત્યાં બેઠો બેઠો ખંડણી માગી શકે, ખંડણી માટે બ્લાસ્ટ કરાવી શકે એ જોતાં લોરેન્સ બિશ્નોઈ કાયદાથી પર છે ને ખુલ્લેઆમ કાયદાની મજાક ઉડાવી રહ્યો છે એવું લાગે.

આ પહેલાં લોરેન્સ બિશ્નોઈ ગેંગે મહારાષ્ટ્રના મુંબઈમાં અજિત પવારની એનસીપી નેતા બાબા સિદ્દીકીની ગોળી મારી હત્યા કરી દેવડાવી હતી. બાબા સિદ્દીકી ત્રણ વખત ધારાસભ્ય રહી ચૂક્યા હતા અને અગાઉની કૉંગ્રેસ સરકારમાં મંત્રી પણ રહી ચૂક્યા હતા. બાબા સિદ્દીકીની ગણતરી મહારાષ્ટ્રના ધુરંધર નેતાઓમાં થતી હતી. અજિત સાથે જોડાયા પછી વીવીઆઈપી બની ગયેલા સિદ્દીકીને સરકાર દ્વારા વાય કેટેગરીની સુરક્ષા અપાઈ હતી છતાં બિશ્નોઈએ તેમને ઉડાવી દીધા હતા.

લોરેન્સ બિશ્નોઈએ એ પહેલાં સલમાન ખાનને ધમકી આપીને તેના ઘર પર ફાયરિંગ કરાવ્યું હતું. બિશ્નોઈ સમાજ માટે પવિત્ર મનાતા કાળિયારના શિકારના કેસમાં સલમાન ખાન દોષિત ઠર્યો છે. લોરેન્સ બિશ્નોઈએ સલમાનને આ મહાપાપ બદલ જોધપુર આવીને બિશ્નોઈ સમાજની મહાપંચાયત સામે માફી માગવા કહેવું. સલમાને માફી માગવાનો ઈન્કાર કરી દીધો હતો. તેના પગલે લોરેન્સ બિશ્નોઈએ સલમાનને ધમકી આપેલી અને પછી સલમાન ખાનના ઘર પર ફાયરિંગ પણ કર્યું હતું. લોરેન્સે સલમાનની નજીકનાં લોકોને પણ પોતે પતાવી દેશે એવી ધમકી આપેલી. બાબા સિદ્દીકી સલમાન ખાનના ખાસ માણસોમાં એક હતા.

બિશ્નોઈના આતંક સામે પોલીસ કે સત્તાવાળા કશું ના કરી શકે એ કેવી લાચારી કહેવાય ?

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌર હેમંતઋતુ પ્રારંભ),
બુધવાર, તા. ૨૭-૧૧-૨૦૨૪

- ભારતીય દિનાંક ૬, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, કાર્તિક વદ -૧૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે કાર્તિક, તિથિ વદ-૧૨
- પારસી શહેનશાહી રોજ ૧૫મો દએપમહેર, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૫મો દએપમહેર, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૪મો, માહે ૫મો જમાદીલ અવ્વલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૬મો, માહે ૫મો જમાદીલ અવ્વલ, સને ૧૪૪૬
- નક્ષત્ર ચિત્રા.
- ચંદ્ર કન્યામાં સાંજે ક. ૧૮-૦૬ સુધી, પછી તુલામાં.
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ), તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૫૪ અમદાવાદ ક. ૦૬ મિ. ૦૩, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૨, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-દ્વ
- ભરતી : સવારે ક. ૦૯-૦૬, રાત્રે ક. ૨૨-૨૨
- ઓટઃ બપોરે ક. ૧૫-૩૧, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૫૮ (તા. ૨૮)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, કાર્તિક કૃષ્ણ – દ્વાદશી. તિથિવાસર ક. ૧૦-૨૬ સુધી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, કળશ- વાસ્તુ, વિષ્ણુ -લક્ષ્મી પૂજન, મંગળ-બુધ ગ્રહ દેવતાનું પૂજન, બીલીનું વૃક્ષ વાવવું, પરગામ મધ્યમ, વિદ્યારંભ, હજામત, નવાં આભૂષણ,વસ્ત્રો, મહેંદી લગાવવી, નવા વાસણ, પશુ લે-વેચ, પ્રથમ વાહન, નૌકા બાંધવી, ચંત્રારંભ, દસ્તાવેજ, દુકાન, માલ લેવો, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવુ, સર્વશાંતિ, શાંતિ પોષ્ટિક પૂજા, નામકરણ, દેવ દર્શન, અન્ન પ્રાશન.
- આચમનઃસૂર્ય -મંગળ ત્રિકોણઃ ઉદાર સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ સૂર્ય મંગળ ત્રિકોણ. ચંદ્ર ચિત્રાના તારા સાથે યુતિ કરે છે.
- ગોચરગ્રહોઃ સૂર્ય-વૃશ્ચિક મંગળ-કર્ક, બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર-ધનુ, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## રેપર બાદશાહ પણ લૉરેન્સ બિશ્નોઈના નિશાના પરઃ નાઈટ ક્લબની બહારના ધડાકાની જવાબદારી લીધી

ચંડીગઢ : રેપર બાદશાહની નાઈટ ક્લબની બહાર કરાયેલા વિસ્ફોટમાં લોરેન્સ બિશ્નોઈ ગેંગનો હાથ હોવાનું બહાર આવ્યું છે. લોરેન્સના નિકટના સાથીદાર ગોલ્ડી બ્રારે આની જવાબદારી લીધી છે. ચંડીગઢના બે નાઈટ ક્લબમાં સવારે ધડાકા થતાં સનસનાટી ફેલાઈ ગઈ. ચંડીગઢના સેક્ટર ૨૬માં સેવિલે બાર એન્ડ લાઉંજ અને ડિઓરા ક્લબની બહાર બાઈક પર આવેલા બે બુકાનીધારી સવારે બોમ્બ ફેંકીને ફરાર થઈ ગયા હતા. અહીં ઉલ્લેખનીય છે કે પંજાબી ગાયક સિદ્ધુ મુસેવાલાની હત્યાનો આરોપ પણ લોરેન્સ ગેંગ પણ લાગ્યો છે. થોડા દિવસ અગાઉ એક્ટર સલમાન ખાનની ઘરની બહાર થયેલા ફાયરિંગના મામલામાં પણ લોરેન્સનું નામ આવ્યું હતું. ભૂતપૂર્વ વિધાનસભ્ય અને સલમાનના નિકટના બાબા સિદ્દીકી હત્યા કેસમાં પણ લોરેન્સ ગેંગ સંડોવાયેલી છે.

ગોલ્ડી બ્રારે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં લખ્યું હતું કે તેણે અને રોહિત ગોદારાએ બ્લાસ્ટને અંજામ આપ્યો હતો. તેણે કહ્યું હતું કે સેવિલે બાર અને લાઉંજ રેસ્ટોરાંનો માલિક રેપર બાદશાહ છે. ખંડણી માટે કોલ કરવામાં આવ્યો હતો, પરંતુ તેણે ફોન ઉપાડ્યો નહોતો. આથી ક્લબની બહાર સ્ફોટ કરાયા. રેપર બાદશાહ સમજી જાય કે આનાથી પણ મોટો હુમલો થઈ શકે. આ ધડાકા ઓછી તીવ્રતાવાળા હતા અને એને લીધે ડિઓરા ક્લબની બારીના કાચ તૂટી ગયા હતા. પોલીસે કહ્યું હતું કે પરોઢિયે ૩-૨૫ કલાકે આ હુમલો કરાયો હતો. પોલીસને ઘટનાસ્થળેથી દોરડાના ટૂકડા મળ્યા હતા. સેન્ટ્રલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીએ નમૂના ભેગા કર્યા છે. એફઆઈઆર નોંધાઈ છે અને તપાસ ચાલુ છે. રેપર બાદશાહે ડિસેમ્બરમાં આ ક્લબ ખોલી હતી. જે વખતે ધડાકો થયો ત્યારે ક્લબ બંધ હતી. ત્રણ ડિસેમ્બરે વડા પ્રધાન નરેન્દ્ર મોદી ચંડીગઢ આવવાના છે અને પોલીસ એલર્ટ મોડ પર છે. આ ઘટનાથી પોલીસનું ટેન્શન વધી ગયું છે.

## મોદી સરકારની ત્રાસવાદ-વિરોધી નીતિની વિશ્વભરમાં પ્રશંસા થઇ રહી છેઃ અમિત શાહ

### મુંબઈ પરના હુમલાના શહીદોને શ્રદ્ધાંજલિ આપી

નવી દિલ્હીઃ કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે મુંબઈ પર ૨૦૦૮માં થયેલા ત્રાસવાદી હુમલામાં શહીદ થયેલા લોકોને મંગળવારે શ્રદ્ધાંજલિ આપતા જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદીની સરકારની ત્રાસવાદ-વિરોધી અને 'અસહિષ્ણુતા'ની નીતિની વિશ્વભરમાં પ્રશંસા થઇ રહી છે. ભારત ત્રાસવાદ-વિરોધી કાર્યવાહીમાં વૈશ્વિક સ્તરે નેતૃત્વ કરી રહ્યું છે.

અમિત શાહે જણાવ્યું હતું કે ડરપોક ત્રાસવાદીઓએ ૨૦૦૮માં મુંબઈમાં નિર્દોષ લોકોની હત્યા કરી હતી અને તે માનવતાની દૃષ્ટિએ કલંકિત તેમ જ શરમજનક હતી.

કેન્દ્રના ગૃહ પ્રધાને સોશિયલ મીડિયા 'એક્સ' પર હેશટેગ 'મુંબઇટેરરઅટેક' સાથે હિંદીમાં લખેલા સંદેશામાં જણાવ્યું હતું કે હું મુંબઈ પર ૨૬/૧૧એ કરાયેલા હુમલામાં ત્રાસવાદીઓ સામે લડતા શહીદ થયેલા લોકો અને માર્યા ગયેલા અન્ય નિર્દોષ નાગરિકોને શ્રદ્ધાંજલિ આપું છું. મોદી સરકારની ત્રાસવાદ સામેની 'અસહિષ્ણુતાવાળી' નીતિની વિશ્વભરમાં પ્રશંસા થઇ રહી છે.

મુંબઈ પર ૨૦૦૮ની ૨૬ નવેમ્બરે પાકિસ્તાનના દસ ત્રાસવાદીએ કરેલા હુમલામાં અંદાજે ૧૬૬ જણ માર્યા ગયા હતા. (એજન્સી)

## બેલટ પેપરને પાછા લાવવા 'ભારત જોડો યાત્રા' જેવા અભિયાનની જરૂરઃ ખડગે

નવી દિલ્હી : કૉંગ્રેસના વડા મલ્લિકાર્જુન ખડગેએ ચૂંટણીમાં મતપત્રની મદદથી ચૂંટણી ફરી શરૂ થાય એ માટે સિસ્ટમ અંગેની જાગૃતિ લાવવા 'ભારત જોડો યાત્રા' જેવા અભિયાનની જરૂર હોવાનું કહ્યું છે. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં અને વિવિધ રાજ્યોની પેટાચૂંટણીમાં જંગી પરાજય મળ્યાના બે દિવસ બાદ ખડગેએ આ નિવેદન કર્યું હતું.

ખડગેએ મતપત્રની મદદથી મતદાન કરવાની માગણી કરી હતી અને આ અંગે જાગૃતિ કેળવવા 'ભારત જોડો યાત્રા' જેવા સંગઠિત ઝુંબેશ શરૂ કરવાનો અનુરોધ કર્યો હતો.

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીનો ઉલ્લેખ કરતાં ખડગેએ આક્ષેપ કર્યો હતો કે અબજોપતિ બિઝનેસમેન ગૌતમ અડાણીની સંપત્તિ હોડમાં મુકાઈ હોવાથી આ ચૂંટણી સાથે તેમને ઘણો સંબંધ હતો.

ખડગેએ કહ્યું હતું કે આપણે બધાએ એક થઈને અને આગળ આવીને તેમને બાજુ પર હડસેલવા પડશે. હું ચૂંટણી વિશે વાત કરવા માગતો નથી, પરંતુ હું ખાતરીપૂર્વક કહું છું કે બધા ગરીબના અને કચડાયેલા સમાજોના મત કચરામાં જાય છે. તેમણે બેલટ પેપરથી ચૂંટણી કરવાની માગણી કરવી જોઈએ. જોઈએ તો ભાજપ તેમની પાસે ઈવીએમ રાખે. અમને એ જોઈતા નથી. અમે મતપત્રથી મતદાન થાય એવી માગણી કરીએ છીએ. આમ થશે તો તેમને તેમની સાચી સ્થિતિનો ખ્યાલ આવશે. આપણા પક્ષે આ ઝુંબેશ શરૂ કરવી જોઈએ. અમે બીજા પક્ષો સાથે ચર્ચા કરીશું. હું રાહુલ ગાંધીને આ ઝુંબેશ લોન્ચ કરવાનો અનુરોધ કરું છું.

## ઉત્તર પ્રદેશના સંભલમાં હિંસા બાદ જનજીવન સામાન્યઃ સ્કૂલો ફરી શરૂ, ઇન્ટરનેટ સેવા બંધ

સંભલઃ ઉત્તર પ્રદેશના સંભલ જિલ્લામાં અદાલતના જામા મસ્જિદના સર્વેક્ષણ આદેશ પછી ફેલાયેલી હિંસાના બે દિવસ પછી જનજીવન ધીમે ધીમે સામાન્ય થઈ રહ્યું છે. મંગળવારે શાળાઓ ફરી ખૂલી હતી. આવશ્યક ચીજવસ્તુઓનું વેચાણ કરતી દુકાનો પણ ખૂલવા લાગી હતી. જોકે ઈન્ટરનેટ સેવાઓ હજુ પણ બંધ છે. વહીવટીતંત્ર પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યું છે અને સંવેદનશીલ વિસ્તારોમાં ભારે સુરક્ષા દળો તૈનાત છે.

હિંસાને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્રએ ૩૦ નવેમ્બર સુધી સંભલમાં બહારના લોકો અને જનપ્રતિનિધિઓના પ્રવેશ પર પ્રતિબંધ લગાવી દીધો છે. મુખ્ય ચોક પર પોલીસ દળો તૈનાત કરવામાં આવ્યા છે અને સંવેદનશીલ વિસ્તારોમાં રેપિડ એક્શન ફોર્સના જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે. પરિસ્થિતિને સંપૂર્ણ નિયંત્રણમાં રાખવા માટે જિલ્લા પ્રશાસને દેખરેખ અને પેટ્રોલિંગ વધારી દીધું છે. કોર્ટના આદેશ પર શાહી જામા મસ્જિદનું સર્વેક્ષણ ૧૯ નવેમ્બરના રોજ શરૂ થયું ત્યારે સંભલમાં હિંસા વધી હતી. એક અરજીમાં દાવો કરવામાં આવ્યો હતો કે મસ્જિદની જગ્યા પર પહેલા હરિહર મંદિર હતું. સર્વેની ટીમે રવિવારે ફરી સર્વે શરૂ કર્યો ત્યારે મસ્જિદ પાસે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યાં હતાં. ગુસ્સે ભરાયેલાં ટોળાએ સૂત્રોચ્ચાર કર્યા અને પોલીસ અને સુરક્ષા દળો સાથે ઘર્ષણ થયું હતું. હિંસા દરમિયાન ટોળાએ વાહનોને આગ ચાંપી હતી અને પથ્થરમારો કર્યો હતો.

સત્તાવાર આંકડાઓ અનુસાર આ હિંસામાં અત્યાર સુધીમાં ચાર લોકોનાં મોત થયાં છે. એક અન્યએ પોસ્ટમોર્ટમ કરાવ્યું નથી. લગભગ બે ડઝન લોકો ઘાયલ થયા છે. ઘાયલોમાં પોલીસકર્મીઓ અને વહીવટી અધિકારીઓ પણ સામેલ છે. ઘટનાની મેજિસ્ટ્રેટ તપાસ ચાલી રહી છે.જિલ્લા પોલીસ અધિક્ષક કૃષ્ણ કુમાર વિશ્નોઈએ જણાવ્યું હતું કે પરિસ્થિતિ હવે નિયંત્રણમાં છે અને હિંસા ભડકાવનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

## મધ્ય પ્રદેશના મુરૈનામાં વિસ્ફોટથી ચારનાં મોત

મુરૈનાઃ મધ્ય પ્રદેશના મુરૈના શહેરમાં એક મકાનમાં જોરદાર વિસ્ફોટ થતાં ત્રણ મકાનો ધરાશાયી થતાં ચાર મહિલાઓનાં મોત થયાં અને પાંચ અન્ય ઘાયલ થયા હતા. પોલીસે આ જાણકારી આપી હતી. પોલીસ અધિક્ષક સમીર સૌરભે કહ્યું હતું કે આ ઘટના શહેરના રાઠોડ કોલોની વિસ્તારમાં મધ્યરાત્રિની આસપાસ બની હતી. તેમણે કહ્યું કે મૃતકોમાંથી એક મહિલાનો મૃતદેહ કાટમાળ નીચેથી બહાર કાઢવામાં આવ્યો હતો.વિસ્ફોટમાં વાસુદેવ રાઠોડનું ઘર ધરાશાયી થયું અને તેમની ૨૮ વર્ષની પુત્રવધૂનું મૃત્યુ થયું હતું. તેમણે કહ્યું હતું કે કાટમાળ હટાવતી વખતે ઘરમાં એલપીજી સિલિન્ડર અકબંધ જોવા મળ્યા હતા, તેથી સંભવ છે કે વિસ્ફોટ બારુદના કારણે થયો હોઇ શકે છે.

## બેલટ પેપરથી ચૂંટણીઃ અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે મંગળવારે દેશમાં ચૂંટણી બેલટ પેપરથી કરવાની અરજી ઠુકરાવી દીધી હતી અને કહ્યું હતું કે જ્યારે લોકો ચૂંટણી હારી જાય ત્યારે ઈલેક્ટ્રિક વોટિંગ મશીન (ઈવીએમ)માં ચેડાં થાય છે એવો આક્ષેપ કરે છે.

જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ પી. બી. વરાલેની ખંડપીઠે એવી ટકોર કરી હતી કે જ્યારે તમે જીતો છો ત્યારે ઈવીએમ સાથે ચેડાં થતા નથી, જ્યારે તમે હારી જાઓ છો ત્યારે ઈવીએમ સાથે ચેડાં થાય છે. જાહેર હીત અરજીમાં મતપત્રથી ચૂંટણી કરાવવાની સાથે બીજી ઘણી માગણી હતી. આમાં કોઈ ઉમેદવાર દારૂ કે નાણા કે બીજી પ્રલોભનકારી વસ્તુઓ વેચતા પકડાય તો એને પાંચ વર્ષ માટે ગેરલાયક ઠરાવવાની માગણી પણ હતી. જ્યારે અરજદાર કે. એ. પોલે કહ્યું હતું કે મેં જાહેર હિત અરજી નોંધાવી છે ત્યારે બેન્ચે કહ્યું કે તમારી અરજી રસપ્રદ છે. તમને આ વિચાર કેવી રીતે આવ્યો. અરજદારે કહ્યું કે હું એ સંસ્થાનો પ્રમુખ છું જેણે ત્રણ લાખ અનાથ બાળકો અને ૪૦ લાખ વિધવાઓને બચાવ્યા છે. બેન્ચે કહ્યું કે તમે શા માટે રાજકીય અખાડામાં પ્રવેશો છો. (એજન્સી)

પહેલા પાનાનું ચાલુ

### કૌન બનેગા

વિનંતી કરી હતી, એમ રાજભવનના એક અધિકારીએ જણાવ્યું હતું. અહીં ઉલ્લેખનીય છે કે અગાઉની વિધાનસભાની મુદત મંગળવારે સાંજે પાંચ વાગ્યે પૂરી થઈ ગઈ છે અને હવે રાજ્યમાં સંક્રમણ કાળ લાગુ થઈ ગયો છે.

ભાજપના પ્રધાન સુધીર મુનગંટીવારે કહ્યું હતું કે રાજ્યમાં નવી સરકારના ગઠનમાં પાંચ-છ દિવસ લાગી શકે છે કેમ કે કેન્દ્રીય ટીમ મુંબઈ આવશે અને તેઓ વિધાનસભ્યોને મળીને માહિતી મેળવ્યા બાદ પોતાનો નિર્ણય જાહેર કરશે. શાસક મહાયુતિ ગઠબંધને તાજેતરની વિધાનસભા ચૂંટણીઓમાં પ્રભાવશાળી પ્રદર્શન કરીને ૨૮૮ બેઠકોમાંથી ૨૩૦થી વધુ બેઠકો મેળવી હતી. ભાજપને ૧૩૨ સીટો મળી હતી, ત્યારબાદ શિંદેની આગેવાની હેઠળની શિવસેનાને ૫૭ અને અજિત પવારની આગેવાનીવાળી એનસીપીને ૪૧ સીટો મળી હતી. આ ઉપરાંત પાંચ અપક્ષ સભ્યોએ ભાજપને સાથ આપવાનો નિર્ણય જાહેર કરી દીધો છે. શિંદે કેબિનેટના પ્રધાન દીપક કેસરકરે પત્રકારોને જણાવ્યું હતું કે નવી સરકાર વહેલી તકે શપથ લેશે.

પ્રચંડ જીત છતાં મહાયુતિમાં આગામી મુખ્ય પ્રધાન કોણ હશે તે અંગે મતભેદો થઈ રહ્યા છે. મુખ્યત્વે એકનાથ શિંદે અને દેવેન્દ્ર ફડણવીસને મુખ્ય પ્રધાનપદના મુખ્ય ઉમેદવાર માનવામાં આવે છે.

કેસરકરે કહ્યું હતું કે, શિવસેનાની કેડર ઇચ્છે છે કે આગામી મુખ્ય પ્રધાન તેમની પાર્ટીમાંથી બને, અંતિમ નિર્ણય વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહ પર રહેશે અને તેઓ જે નિર્ણય લેશે તે પાર્ટી સ્વીકારશે.

આગામી મુખ્ય પ્રધાન કોણ બનશે તેના પર મહાયુતિનો નિર્ણય વિલંબમાં પડશે તેવા સંકેતો મળી રહ્યા હતા, કારણ કે મંગળવારે સવારે રાજ્યપાલે એકનાથ શિંદેને રાજીનામું આપ્યા પછી રખેવાળ મુખ્ય પ્રધાન તરીકે કાર્ય કરવા કહ્યું હતું. શિવસેનાના નેતાઓએ કહ્યું છે કે તેઓ એકનાથ શિંદેને ચાલુ રાખવા ઈચ્છે છે, જે દર્શાવે છે કે સેનાએ તેમનો દાવો નકારી કાઢ્યો નથી. અજિત પવારની એનસીપીએ હજુ સુધી તેનું પત્તું ખોલ્યું નથી, જોકે પક્ષના વરિષ્ઠ નેતા છગન ભુજબળે તાજેતરમાં કહ્યું હતું કે મુખ્ય પ્રધાનપદે ફડણવીસ તેમને સ્વીકાર્ય છે.

### પેન કાર્ડમાં

અક્ષર અને આંકડા સમાવતો ૧૦ આંકડાનો હોય છે.

માહિતી અને પ્રસારણ પ્રધાન અશ્વિની વૈષ્ણવે સંબંધિત માહિતી પત્રકારોને આપતા જણાવ્યું હતું કે વિવિધ વેપાર અને અન્ય નાણાકીય કામકાજ માટે હાલમાં ત્રણથી ચાર ઓળખપત્ર વપરાય છે, તેને સ્થાને એક સમાન ઓળખપત્ર (કોમન બિઝનેસ આઇડેન્ટિફાયર) રાખવાની યોજના છે.

હાલના વ્યક્તિગત અને બિઝનેસના પરમેનન્ટ અકાઉન્ટ નંબરમાં કોઇ ફેરફાર નહિ થાય. 'પેન ટૂ' પ્રોજેક્ટ અત્યાધુનિક ટૅક્નોલૉજી આધારિત કરદાતાની નોંધણીની સેવાવાળો છે અને આશા છે કે તેને લીધે સરકારી સેવા ઝડપથી અને વધુ સારી રીતે મળી શકશે તેમ જ તેના લાભ પણ ઘણાં હશે.

સત્તાવાર અખબારી યાદીમાં જણાવાયું હતું કે 'પેન ટૂ' પ્રોજેક્ટ સરકારના 'ડિજિટલ ઇન્ડિયા'ના લક્ષ્યને આગળ વધારવામાં મદદરૂપ બનશે. તેને લીધે વિવિધ સરકારી એજન્સીની બધી ડિજિટલ સિસ્ટમ માટે સમાન ઓળખપત્ર (કોમન આઇડેન્ટિફાયર) તૈયાર થશે.

'પેન ડેટા વૉલ્ટ સિસ્ટમ'માં અંગત માહિતી સુરક્ષિત રહેશે અને તકરાર કે વાંધાને ઝડપથી ઉકેલી શકાશે.

હાલના 'પેન કાર્ડ'ને અત્યાધુનિક બનાવીને તેમાં પરમેનન્ટ અકાઉન્ટ નંબર / ટૅક્સ ડિડક્શન ઍન્ડ કલેક્શન અકાઉન્ટ નંબરને લગતી વિવિધ સેવાને આવરી લેવાશે.

દેશમાં હાલમાં અંદાજે ૭૮ કરોડ પરમેનન્ટ અકાઉન્ટ નંબર (પેન) છે અને તેમાંના આશરે ૯૮ ટકા વ્યક્તિગત છે. (એજન્સી)

### નાગરિકોનું જીવનધોરણ

હતું કે દેશની એકતા અને અખંડતાનું રક્ષણ કરવાની, કોમી એખલાસ વધારવાની અને મહિલાઓનું સન્માન કરવાની દરેક નાગરિકની મૂળભૂત ફરજ છે.

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે જણાવ્યું હતું કે બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકર કહેતા કે જ્યારે લોકો સંપ્રદાયને દેશથી મોટો ગણશે, ત્યારે આપણી સ્વતંત્રતા ફરી જોખમમાં મુકાશે. આંતરિક વિખવાદ લોકશાહી સામે ભયરૂપ છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે દેશમાં પરિવર્તન આવી રહ્યું છે, ત્યારે બંધારણ 'દીવાદાંડી' સમાન સાબિત થશે. આપણે સૌએ દેશના બંધારણને સેંકડો વર્ષો સુધી 'જીવિત' રાખવા માટે રાષ્ટ્રના હિતને પ્રાધાન્ય આપવું જોઇએ.

વડા પ્રધાને જણાવ્યું હતું કે રાજેન્દ્ર પ્રસાદ કહેતા કે દેશને એવા પ્રામાણિક લોકોની જરૂર છે કે જેઓ રાષ્ટ્રને સર્વોચ્ચ માનતા હોય.

દેશના મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાએ જણાવ્યું હતું કે ભારત વૈશ્વિક સ્તરે મહત્ત્વનો લોકતાંત્રિક દેશ બની ગયો છે. સ્વતંત્રતા વખતે દેશમાં નિરક્ષરતા અને ગરીબી મોટા પ્રમાણમાં હતી, પરંતુ હવે પરિસ્થિતિ ઘણી બદલાઇ ગઇ છે.

એટર્ની જનરલ આર. વેંકટરામાણી, સુપ્રીમ કોર્ટ બાર એસોસિયેશનના પ્રમુખ કપિલ સિબલે પણ સર્વોચ્ચ અદાલત ખાતે યોજાયેલા કાર્યક્રમને સંબોધ્યો હતો. દરમિયાન, કૉંગ્રેસના નેતા અને લોકસભામાંના વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે જો વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશનું બંધારણ વાંચ્યું હોત, તો તેઓ દરરોજ જે વહીવટી પગલાં લે છે, તે નહિ લેત. મોદી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) દલિતો, આદિવાસીઓ અને અન્ય પછાત જાતિના લોકોની પ્રગતિમાં બાધારૂપ બની રહ્યા છે. (એજન્સી)

### ... તો અમેરિકામાં

ટ્રમ્પની નવી સરકારના ન્યાયતંત્ર કે સિક્યોરિટીઝ ઍન્ડ એક્સ્ચેન્જ કમિશનને ફોજદારી કે દીવાની કેસ 'અયોગ્ય કે ખામીવાળો' લાગશે, તો તે સંબંધમાં જરૂરી કાર્યવાહી કરશે.

વરિષ્ઠ એટર્નીએ જણાવ્યું હતું કે અમેરિકાના નવા પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ વિદેશ નીતિમાં પણ ફેરફાર કરી શકે છે.

ગૌતમ અદાણી, તેમના ભત્રીજા સાગર અદાણી અને વનીત જૈન સામે બ્રુકલીનની ફેડરલ કોર્ટમાં ફોજદારી કેસ કરાયો છે. તેઓ પર રોકાણકારો અને બૅન્કો પાસેથી અબજો ડૉલર ભેગા કરવા ભારત સરકારના અધિકારીઓને મોટી લાંચ આપવાનો આરોપ છે.

અમેરિકામાં પ્રમુખ દેશના ૯૪ ફેડરલ ડિસ્ટ્રિક્ટ માટેના યુનાઇટેડ સ્ટેટ્સ એટર્નીની નિમણૂક કરે છે. (એજન્સી)

# ગુજરાત ભાજપને કમુરતા પહેલા નવા પ્રદેશ પ્રમુખ મળશેઃ આજે કમલમમાં બેઠક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત વિધાનસભાની પેટા ચૂંટણીમાં ભાજપ તરફી પરિણામો આવ્યા બાદ કમુરતા પહેલા સંગઠનની રચના પૂર્ણ કરવાની દિશામાં કામગીરી શરૂ કરવામાં આવી છે. આવતીકાલે કમલમ ખાતે પ્રદેશ પ્રમુખ સી આર પાટીલની અધ્યક્ષતામાં મહત્ત્વની બેઠક બોલાવવામાં આવી છે જેમાં સાંસદ ધારાસભ્ય અને પદાધિકારીઓને હાજર રહેવા આદેશ કરાયા હતો, ટૂંકમાં કહીએ તો પાલિકાને પંચાયતની ચૂંટણી પહેલા નવા પ્રમુખને કમાન સોંપવાની તજવીજ શરૂ થઈ ચુકી છે. સંસદના શિયાળુ સત્રનો પ્રારંભ થયો છે. આ શિયાળુ સત્રની વ્યસ્તતા વચ્ચે આવતીકાલે કેન્દ્રીય જળ શકિત પ્રધાન સી આર પાટીલ ગાંધીનગર આવી રહ્યા છે બુધવારે રાષ્ટ્રીય સંગઠન પર્વ સદસ્યતા અભિયાનની રાષ્ટ્રીય ટીમના સભ્યો અને ગુજરાતના પ્રભારી રાજદીપ રોય સાથે કોબા પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું છે, ગુજરાત ભાજપને પાર્ટીના ઉત્તરાધિકારી તરીકે ત્યારે નવા પ્રદેશ પ્રમુખ મળી જાય તો નવાઈ પામવા જેવું નહીં હોય.

હાલ સી.આર. પાટીલ ત્રણ જગ્યાએ જવાબદારી સંભાળી રહ્યા છે અધ્યક્ષ પદની મુદ્દત પૂર્ણ થઈ છે ત્યારે આઈ કમાન્ડ અને તેમાંથી પોતાને મુકત કરવા અનેક વખત ઈચ્છા પ્રગટ કરી ચૂકયા છે શનિવારે સુરતમાં પક્ષના કાર્યક્રમને સંબોધતા તેમણે બે દિવસમાં જ આ દિશામાં પ્રક્રિયા પૂર્ણ થાય તેવા સંકેત આપ્યા હતા, સંસદના સત્ર વચ્ચે આવતીકાલે કમલમ ખાતે મહત્ત્વની બેઠક બોલાવવામાં આવી છે આગામી કમુરતા પહેલા સંગઠનની રચના પૂર્ણ કરવામાં આવે તેવા સંકેત મળી રહ્યા છે. બુધવારે કાર્યશાળા બાદ મહાનગરોમાં વોર્ડ તાલુકા એટલે કે મંડળ અને ત્યારબાદ જિલ્લા સ્તરે નવા પ્રમુખ અધિકારીઓ સહિતનું સંગઠન માળખું આકાર પામી જશે જેની ચૂંટણી કેવી રીતે કરવી તે અંગે આવતીકાલે બપોરે બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે આ માટે તમામ ધારાસભ્યો સાંસદો અને પ્રદેશ હોદ્દેદારોને ચૂંટણી અધિકારીઓને બોલાવાયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર આગામી દિવસોમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે.

# ભુજની અદાણી મેડિકલ કૉલેજના મેનેજમેન્ટે એરિયર્સ અને સ્ટાઈપેન્ડ વધારાની માગ ન સ્વીકારતાં ૩૦૦ ડૉક્ટરની હડતાળ યથાવત્

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: રાજ્યની સરકારી અને ખાનગી મેડિકલ કોલેજોના રેસિડેન્ટ અને ઇન્ટર્ન તબીબોને ચૂકવવાપાત્ર સ્ટાઇપેન્ડની રકમમાં ગુજરાત સરકારે વધારો જાહેર કરી ૧ એપ્રિલથી અમલમાં લાવવાના આદેશને ઘોળીને પી જનારી ભુજની ગુજરાત અદાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ કોલેજના ૩૦૦ જેટલા તબીબી વિદ્યાર્થીઓ દ્વારા મેનેજમેન્ટે તેમની માગ ન સ્વીકારતા હડતાળ યથાવત રાખી હતી.

ભુજમાં મુખ્ય જિલ્લા સરકારી હોસ્પિટલનું સંચાલન અદાણી ગ્રુપ દ્વારા કરાય છે. મેડિકલ કોલેજમા અભ્યાસ કરતા તબીબી વિદ્યાર્થીઓ હોસ્પિટલમાં જ રેસિડન્ટ અને ઇન્ટર્ન ડોક્ટર તરીકે સેવા આપે છે.ગુજરાત સરકારે તબીબી વિદ્યાર્થીઓ માટે જાહેર કરેલું સ્ટાઇપેન્ડ ચૂકવવામાં મેનેજમેન્ટ દ્વારા આનાકાની કરાતા આંદોલન શરૂ કરાયું છે. અગાઉ લેખિત-મૌખિક રજૂઆતો કરાઈ અને છેલ્લા શુક્રવારે હડતાળ પર જવાનું અલ્ટીમેટમ પણ અપાયું હતું તેમ છતાં કોઈ નિર્ણય ન લેવાયો જેથી ૧૭૦ રેસિડન્ટ અને ૧૫૦ ઇન્ટર્ન તબીબ હડતાલ પર ઉતર્યા છે. હડતાળ પર ઊતરેલા ડોક્ટરોનો પગાર કાપી લેવાશે, આટલા દિવસોનું સ્ટાઈપેન્ડ નહિ ચૂકવાય,ટર્મ એક્સટેન્શન કરવા સાથે આગામી પરીક્ષાના પરિણામમાં જોઈ લેવાની ધમકી આપીને આ આંદોલન વિખેરવાનો પ્રયાસ કરાયો હોવાનો ગંભીર આક્ષેપ મેડિકલના વિદ્યાર્થીઓએ કર્યો હતો. આ દરમિયાન, મેનેજમેન્ટ દ્વારા જાહેર કરવામાં આવેલી અખબારી યાદીમાં જણાવાયું હતું કે, ગુજરાત અદાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સના સત્તાવાળાઓ દ્વારા જુનિયર તબીબો માટે સ્ટાઇપેન્ડનો વધારો પહેલી ઓક્ટોબર ૨૦૨૪થી અમલમાં મુકાયો છે. જુનિયર ડોક્ટર એસોસિએશન તેમજ ઇન્ટર્ન તબીબોને આ અંગે વાકેફ કરાયા હતા. જી.કે. જનરલ હોસ્પિટલમાં સિનિયર તબીબો, કન્સલ્ટન્ટ ડોકટરો અને સિનિયર રેસિડેન્ટ તબીબો સેવામાં કાર્યરત હોવાથી આરોગ્ય સેવાને ખાસ કોઈ અસર થવા પામી નથી.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારની જાહેરાત પ્રમાણે,રેસિડન્ટ તબીબને અગાઉના ૮૪ હજાર સામે ૧ એપ્રિલથી ૧,૦૦,૮૦૦ અને ઇન્ટર્ન તબીબને અગાઉના ૧૮ હજાર સામે ૨૧,૩૦૦ સ્ટાઈપેન્ડ ચૂકવવાનું છે પણ મેનેજમેન્ટ ૧ ઓક્ટોબરથી વધારો આપવાનું કહે છે જેથી ડોક્ટરો જાહેરાત મુજબ ૧ એપ્રિલથી ૬ મહિના એટલે કે ૩૦ સપ્ટેમ્બર સુધીનું સ્ટાઇપેન્ડ માગી રહ્યા છે ૬ મહિના પ્રમાણે કોલેજ મેનેજમેન્ટને વિદ્યાર્થીઓને ૨ કરોડ આપવાના થાય છે, આ રકમ ન ચૂકવાતા વિદ્યાર્થીઓએ આ હડતાળને ચાલુ રાખવાનો નિર્ણય લીધો હતો.

# ચકચારી ખ્યાતિ હૉસ્પિટલ કાંડમાં ક્રાઈમ બ્રાંચની મોટી કાર્યવાહીઃ ફરાર પાંચ આરોપીઓ ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના ચકચારી ખ્યાતિકાંડની તપાસ કરી રહેલી અમદાવાદ ક્રાઈમ બ્રાંચને મહત્વની સફળતા હાથ લાગી હતી. ખ્યાતિ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલમાં સ્ટેન્ટ મુકાવ્યા બાદ ૨ દર્દીનાં મોત બાદ સાત આરોપીઓ સામે ગુનો નોંધાયો હતો, પોલીસે ડો. પ્રશાંત વઝીરાણીની ધરપકડ કરી હતી. અન્ય ફરાર પાંચ આરોપીઓ સીઈઓ ચિરાગ રાજપૂત, મિલિન્દ પટેલ, રાહુલ જૈન, પ્રતીક ભટ્ટ, પંકિલ પટેલની અમદાવાદ ક્રાઈમ બ્રાંચે ધરપકડ કરી હતી. આ કાંડમાં હજુ સુધી કુલ ૯ આરોપીઓ પોલીસ ફરિયાદમાં નોંધાયા છે. જેમાંથી ૬ આરોપીઓ ઝડપાયા છે. જ્યારે ત્રણ લોકો હજી વોન્ટેડ છે, ત્યારે હજી એક આરોપી વિદેશમાં છે.

ક્રાઈમ બ્રાંચે ખ્યાતિ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલના સીઈઓ ચિરાગ રાજપૂત, માર્કેટિંગ મેનેજર રાહુલ જૈન અને મિલિન્દ પટેલ, પ્રતીક ભટ્ટ અને પંકિલ પટેલની અલગ અલગ સ્થળેથી ધરપકડ કરી હતી. આરોપીઓ મધ્ય ગુજરાતના ફાર્મ હાઉસમાં છુપાયા હોવાની બાતમી ક્રાઈમ બ્રાન્ચને મળી હતી. જેમાં ચિરાગ રાજપૂત ખેડાથી જ્યારે અન્ય બે ઉદયપુરથી ઝડપાયા હતા. પોલીસે આરોપીઓની અટકાયત કરી પૂછપરછ હાથ ધરી હતી. ખ્યાતિકાંડ મામલે હજી પણ હોસ્પિટલના ચેરમેન કાર્તિક પટેલ, રાજશ્રી કોઠારી અને ડો. સંજય પટોળિયા ફરાર હોય તેઓની શોધખોળ ચાલી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદના એસજી હાઇવે પર રાજપથ ક્લબની સામે આવેલી ખ્યાતિ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલમાં સ્ટેન્ટ મુકાવ્યા બાદ બે દર્દીનાં મોત થતાં સમગ્ર રાજ્યમાં ખળભળાટ મચી ગયો હતો. મૃતકોના પરિવારજનોએ બેદરકારી અને છેતરપિંડીનો આરોપ લગાવી આરોપીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની માગ કરી હતી. આ સમગ્ર ઘટનાની ગંભીરતાને જોતા તપાસ આખરે અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચને સોંપાઇ હતી.

# નમો લક્ષ્મી યોજના હેઠળ રાજ્યની લગભગ ૧૦ લાખ વિદ્યાર્થિનીઓને ₹ ૧૩૮ કરોડથી વધુની આર્થિક સહાય ચૂકવવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની દીકરીઓને પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યા પછી, આર્થિક અક્ષમતાને કારણે શિક્ષણ છોડી ન દેવું પડે અને વધુ ને વધુ દીકરીઓ પોતાનું સંપૂર્ણ શાળાકીય શિક્ષણ પૂર્ણ કરે, તેવા ઉદ્દેશથી મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે આ વર્ષે નમો લક્ષ્મી યોજનાનો શુભારંભ કરાવ્યો હતો. આ વર્ષના બજેટમાં આ યોજના માટે રૂપિયા ૧૨૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. આ યોજના હેઠળ ધોરણ ૯થી ૧૨માં અભ્યાસ કરવા માટે વિદ્યાર્થિનીઓને આ ચાર વર્ષો દરમિયાન કુલ રૂપિયા ૫૦ હજારની આર્થિક સહાય આપવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, યોજના અમલી થયેથી અત્યાર સુધીમાં રાજ્યની લગભગ ૧૦ લાખ વિદ્યાર્થિનીઓને કુલ રૂપિયા ૧૩૮.૫૪ કરોડથી વધુની આર્થિક સહાય ચૂકવવામાં આવી છે.

રાજ્યની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અને કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત શાળાઓમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને આ સહાય મળવાપાત્ર છે. આ યોજના હેઠળ ધોરણ ૯થી ૧૨નો અભ્યાસ પૂર્ણ કરવા પર પાત્રતા ધરાવનાર દરેક વિદ્યાર્થિનીને કુલ રૂપિયા ૫૦,૦૦૦ સુધીની સહાય નીચે મુજબ મળવાપાત્ર રહેશે

ધોરણ ૯ અને ૧૦ની મળીને કુલ રૂપિયા ૨૦,૦૦૦ની આર્થિક સહાય ચૂકવવામાં આવશે. આ સહાય પૈકી, ધોરણ ૯ અને ૧૦માં શૈક્ષણિક વર્ષ દરમ્યાન ૧૦ મહિના માટે માસિક રૂપિયા ૫૦૦ મુજબ વાર્ષિક રૂપિયા ૫૦૦૦ પ્રમાણે બંને વર્ષના મળી કુલ રૂપિયા ૧૦,૦૦૦ ચૂકવવામાં આવશે. જ્યારે બાકીના રૂપિયા ૧૦,૦૦૦ ધોરણ ૧૦ની બોર્ડ પરીક્ષા પાસ કર્યા પછી મળવાપાત્ર રહેશે.

જ્યારે ધોરણ ૧૧ અને ૧૨ની મળીને કુલ રૂપિયા ૩૦,૦૦૦ની આર્થિક સહાય ચૂકવવામાં આવશે.જેમાં, ધોરણ ૧૧ અને ૧૨માં શૈક્ષણિક વર્ષ દરમ્યાન ૧૦ મહિના માટે માસિક રૂપિયા ૭૫૦ મુજબ વાર્ષિક રૂપિયા ૭૫૦૦ પ્રમાણે, બંને વર્ષના મળી કુલ રૂપિયા ૧૫,૦૦૦ ચૂકવવામાં આવશે. જ્યારે બાકીના રૂપિયા ૧૫,૦૦૦ ધોરણ ૧૨ની બોર્ડ પરીક્ષા પાસ કર્યા પછી મળવાપાત્ર રહેશે.

# વલસાડ જિલ્લામાં ટોલટેક્સમાં તોતિંગ વધારાથી વાહનચાલકોમાં રોષ

અમદાવાદઃ વલસાડ જિલ્લાના બગવાડાના ટોલ બૂથ પર ટોલ ટેક્સમાં ધરખમ વધારાથી વલસાડ જિલ્લાના ટ્રાન્સપોર્ટરોમાં વિરોધ જોવા મળ્યો હતો. થોડા દિવસ પહેલા ટોલ દરમાં સૂચવાયેલો નવો ભાવ વધારો બે વખત મુલતવી રખાયા બાદ આખરે મહારાષ્ટ્રની ચૂંટણી સંપન્ન થતા લાગુ કરી દેવાયો હતો. બગવાડા અને બોરીયાચ ટોલનાકા પર અગાઉ વન-વેનો ટોલ ૬૫ રૂપિયા હતો, જે વધારીને ૧૧૫ રુપિયા કરી દેવાતા વાહનચાલકો અને ટ્રાન્સપોર્ટરોએ રોષ વ્યક્ત કર્યો હતો. રવિવારથી જ વાહનચાલકો પાસેથી નવા ભાવ મુજબ ટોલ વસૂલ કરવાનું શરૂ કરી દેવાયું છે. ટોલટેક્સમાં ભાવ વધારાનો નિર્ણય કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રાલય તરફથી કરાયો છે. અગાઉ ટોલમાં વધારા મુદ્દે સ્થાનિકોના વિરોધ બાદ જનપ્રતિનિધિઓએ ટેક્સમાં વધારો નહીં કરવાનું વચન આપ્યું હતું. જોકે મહારાષ્ટ્રની ચૂંટણી પૂર્ણ થતા જ બારોબાર વધારો કરી દેતા જનપ્રતિનિધિના વાયદાનું સૂરસૂરિયું થઈ ગયું. અગાઉના ટોલ કરતાં ભાવમાં ૭૫ ટકા જેટલો વધારો ઝીંકાયો. હાલ તો તોતિંગ વધારાથી વાહનચાલકોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે.

કેન્દ્ર સરકાર પરિવહન વિભાગ દ્વારા વાપીના બગવાડા નવસારીના બોરિયાચ ટોલ પ્લાઝા પર ટોલટેક્સ અંગે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. જેમાં વાહનોની કેટેગરી મુજબ ૪૦ થી ૯૦ ટકા મુજબ ટેક્સમાં વધારાની જાહેરાત નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા કરવામાં આવી હતી. આ જાહેરાત બાદ વાહન ચાલકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ત્યારે વાપી ટ્રાન્સપોર્ટ એશો.દ્વારા બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં વાપી ટ્રાન્સપોર્ટ એસો.ના પ્રમુખે જણાવ્યું હતું કે, ટોલટેક્સમાં ધરખમ વધારાનો અમે વિરોધ કરીએ છીએ.

# સુરત પાલિકા દ્વારા નાણાકીય વર્ષના બીજા તબક્કામાં મિલકત વેરાની રિકવરી પર ભાર મુકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત મહાનગર પાલિકામાં બજેટમાં નક્કી કરવામાં આવેલાં મુખ્ય કામો પાછળ કરોડો રૂપિયાની જોગવાઈ કરવામાં આવી હતી. તે ઉપરાંત પાલિકાની આવક માટેના નવા સ્રોત ઊભા કરવા માટે પણ ખાસ પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે. છેલ્લા એક મહિનામાં મિલકત વેરાના રિવિઝન વેરાબિલ ઇસ્યુ થતાં ચાલુ નાણાકીય વર્ષનું માગણું ૨૩૯૦ કરોડે પહોંચી ગયું છે. જ્યારે ૧૯ નવેમ્બર સુધીમાં મિલકત વેરા પેટે થયેલી આવકનો આંક ૧ હજાર કરોડને પાર થઈ ગયો છે. હવે નાણાકીય વર્ષના બીજા તબક્કામાં મિલકત વેરાની રિકવરી પર ભાર મુકવામાં આવશે તેવું પાલિકાના અધિકારી સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. સુરત મહાનગર પાલિકા દ્વારા વસૂલાતા મિલકત વેરા ડિમાન્ડ અને રિકવરીના આંકડાની વાત કરીએ તો ૨૦૨૩-૨૪માં ૨૧૩૯ કરોડની ડિમાન્ડ સામે ૧૫૬૩ કરોડની આવક થઈ હતી. ચાલુ વર્ષે છેલ્લા એક મહિનામાં મોટી સંખ્યામાં રિવિઝન બિલો ઇસ્યુ થતાં માગણું ૨૫૧ કરોડ વધીને ૨૩૯૦ કરોડે પહોંચી ગયું છે. તે સામે આવક ૧૦૦૬.૪૪ કરોડે પહોંચી છે. ૧૯ નવેમ્બર સુધી થયેલી રિકવરીનો આંક ઓછો દેખાઈ રહ્યો હોવાથી પાલિકા દ્વારા આગામી દિવસોમાં રિકવરી પર ભાર મુકાશે.

સુરત મહાનગર પાલિકાએ ચાલુ નાણાકીય વર્ષમાં ૨૩,૯૮,૯૮૮ મિલકતોના વેરા બિલ ઇસ્યુ કર્યા હતાં. જ્યારે ૨૦૨૩-૨૪માં ૨૩.૬૦ લાખ મિલકતોના બિલ ઇસ્યુ થયા હતા. પાલિકા તંત્રને ૧૯ નવેમ્બર સુધીમાં થયેલી આવક, રિકવરીમાં રાંદેર ઝોન ૯૫.૬૦ કરોડ, સેન્ટ્રલ ઝોન ૧૦૭ .૭૪ કરોડ, કતારગામ ઝોન ૧૩૩.૦૪ કરોડ, વરાછા-એ ઝોન ૧૩૩.૭૧ કરોડ, ઉધના-એ ઝોન ૧૮૭.૬૩ કરોડ, અઠવા ઝોન ૧૩૧.૨૨ કરોડ, લિંબાયત ઝોન ૧૩૦.૫૦ કરોડ, વરાછા-બી ઝોન ૫૯.૭૫ કરોડ અને સચિન-કનકપુર ઝોનમાં ૨૭.૨૫ કરોડની રિકવરી નોંધાઇ હતી.

# સુરેન્દ્રનગરના ચોટીલા નજીક ભયંકર અકસ્માતઃ ચાર મહિલાનાં કરુણ મોત, ૧૮ ઈજાગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરેન્દ્રનગરમાં ચોટીલા નજીક ભયાનક અકસ્માત થયો હતો. ચોટીલા-રાજકોટ હાઇવે ઉપર મોલડી પાસે પીકઅપ વાન સાથે ટ્રક ધડાકાભેર અથડાતા સમગ્ર માહોલ ચિચિયારીઓથી ગુંજી ઊઠી હતો. આ ગમખ્વાર અકસ્માતમાં એક જ પરિવારની ચાર મહિલાઓનાં કરુણ મોત નિપજ્યાં હતાં જયારે તેમાં જ ૧૮ લોકો ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે સુરેન્દ્રનગર અને રાજકોટ ખસેડવામાં આવ્યા છે. પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

મળતી જાણકારી અનુસાર, ચોટીલા પાસે આવેલા આપાગીગાના ઓટલા પાસે ગંભીર અકસ્માત સર્જાયો છે. લીમડીના શિયાણી ગામના રેથરિયા કોળી પરિવાર ૪ સગા દેરાણી જેઠાણીનાં મોત નિપજ્યાં હતાં, એક જ પરિવારના લોકો પિતૃ કાર્ય માટે સોમનાથ જઇ રહ્યા હતા. આ દરમિયાન ચોટીલા-રાજકોટ હાઈવે પર મોલડી પાસે અકસ્માત સર્જાયો હતો. ટ્રક અને પીકઅપ વાન વચ્ચે ભયાનક ટક્કર થતાં પીકઅપમાં સવાર ચાર મહિલાઓના ઘટનાસ્થળે જ મોત થયાં હતાં.

મૃતકોમાં મગજીબેન ગોબરભાઈ રેથરીયા (ઉં.૭૨) (૨ ) ગલાલબેન કાળુભાઈ રેથરીયા ઉં-૬૦ મંજુબેન ઘનશ્યામભાઈ રેથરીયા (ઉં.૬૫) (૪) ગૌરીબેન પાંચાભાઈ રેથરીયા (ઉં.૬૮) નો સમાવેશ થાય છે.

# ડાકોરમાં પરિણીતાના બીભત્સ ફોટા પાડી તસવીર ડિલિટ કરવાના બહાને દુષ્કર્મ આચર્યું

અમદાવાદઃ ખેડા જિલ્લામાં શારીરિક શોષણના બનાવો વધી રહ્યા છે. આજે ડાકોર પોલીસ મથકે વધુ એક દુષ્કર્મની ફરિયાદ નોધાઈ હતી. જેમાં ડાકોરના શખસે પરિણીતા પર દુષ્કર્મ આચર્યું હતું. પરિણીતાના બીભત્સ ફોટા પાડી ફોટા ડિલિટ કરવાના બહાને ૪થી વધુ વખત હોટલની રૂમમાં લઇ જઈ તેમ જ પિયરમાં પહોંચેલી પરિણીતા સાથે આ શખસે દુષ્કર્મ આચર્યું હતું.

મળતી વિગતો મુજબ, ઠાસરા તાલુકાના એક ગામે રહેતી ૩૨ વર્ષીય પરિણીતા પોતે કટલરીની કેબીન ચલાવે છે. તેની નજીકમાં જલાલુદ્દીન ઉર્ફે ગુરુ ઉર્ફે ગોટુ નસરુદ્દિન પઠાણ (રહે. ડાકોર) શરબત સેન્ટરની દુકાન ચલાવે છે. આ પરિણીતાના નજીક આવેલા વિસ્તારમાં લઘુશંકા અર્થે જતી હતી, ત્યારે આ જલાલુદ્દીન ઉર્ફે ગુરુ ઉર્ફે ગોટુએ તેણીના બીભત્સ ફોટોગ્રાફ્સ લીધા હતા. જે બાદ આ ફોટોગ્રાફ્સ પરિણીતાને બતાવ્યા હતા. જેથી પરિણીતા ગભરાઈ ગઈ હતી અને આ ફોટોગ્રાફ્સ ડિલિટ કરવા જણાવતા આ શખસે ઈશારા કરી મોબાઈલ બતાવી બ્લેકમેઇલ કરતો હતો.

બાદમાં આ જલાલુદ્દીન ઉર્ફે ગુરુ ઉર્ફે ગોટુએ પરિણીતાને ડાકોર ખાતેની એક હોટલની રૂમમાં લઈ જઈ તેણીની મરજી વિરુદ્ધ કૃત્ય આચર્યું હતું. આ બાદ એક બે વખત નહીં, પરંતુ ૩ વખત જુદાજુદા દિવસો દરમિયાન આ જલાલુદ્દીન ઉર્ફે ગુરુ ઉર્ફે ગોટુએ ફોટોગ્રાફ્સ ડિલિટ કરવાના બહાને જાતિય અત્યાચાર ગુજાર્યો હતો. તો વળી એક વખત આ પરિણીતાના તેણીના પિયરમાં આવેલી ત્યારે અને એ બાદ એક બગીચા ખાતે શરીર સંબંધ બાંધ્યો હતો. જોકે એ બાદ પણ ફોટોગ્રાફ્સ ડિલિટ ન કરતા અને આગળ આ શખસની હિંમત વધી જાય એમ હોય, આ સમગ્ર મામલે પરિણીતાએ પોતાની આપવીતી પોતાના પતિ અને સાસરિયાના વ્યક્તિઓને જણાવી હતી. જેથી આ સમગ્ર મામલે આજરોજ પરિણીતાએ આ શખસ જલાલુદ્દીન ઉર્ફે ગુરુ ઉર્ફે ગોટુ સામે ડાકોર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઇડીએ ફેરપ્લે પોર્ટલના સટ્ટાબાજીના પ્રકરણમાં કચ્છ સહિત દેશમાં વધુ ૨૧૯ કરોડની સંપત્તિ જપ્ત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે આઈપીએલ ક્રિકેટ ટુર્નામેન્ટના ગેરકાયદેસર પ્રસારણ અને ગત લોકસભા ચૂંટણીના પરિણામો પર કથિત રીતે ઓનલાઈન સટ્ટાબાજીમાં સંડોવાયેલી વેબસાઈટ સામે મની લોન્ડરિંગ કેસમાં લગભગ રૂ. ૨૧૯ કરોડની જપ્ત કરેલી સંપત્તિમાં કચ્છમાં આવેલી કેટલીક સંપત્તિનો પણ સમાવેશ થાય છે.

થાણે અને મુંબઈ (મહારાષ્ટ્ર)માં ફેરપ્લે નામની ઓનલાઇન પોર્ટલ સામેના કેસમાં અજમેર (રાજસ્થાન), કચ્છ (ગુજરાત), દમણ ખાતે સ્થિત ડીમેટ એકાઉન્ટ હોલ્ડિંગ્સ અને સ્થાવર મિલકતોને જપ્ત કરવા માટે ગત ૨૨ નવેમ્બરના રોજ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ કામચલાઉ આદેશ આપવામાં આવ્યો હતો.

કેન્દ્રીય એજન્સી ઇડીએ જણાવ્યું હતું કે, ફેરપ્લે નામની પોર્ટલ આઈપીએલ ક્રિકેટ મેચોના ગેરકાયદેસર પ્રસારણ અને લોકસભા ચૂંટણી ૨૦૨૪નાં પરિણામો સહિત વિવિધ ઓનલાઈન સટ્ટાબાજીની પ્રવૃત્તિઓમાં સામેલ છે. આ સંપત્તિઓની કુલ કિંમત રૂ. ૨૧૯.૬૬ કરોડ જેટલી આંકવામાં આવી છે.

તપાસ એજન્સીએ આ કેસમાં અગાઉ ૧૦૦ કરોડ રૂપિયાથી વધુની મિલકતો જપ્ત કરવાની સાથે હવે આ આંક રુ. ૩૩૧ કરોડ પર પહોંચ્યો છે. મની લોન્ડરિંગનો રાષ્ટ્રીય સ્તરે ચકચારી બનેલો આ કેસ મુંબઈ પોલીસના સાયબર સેલની એફઆઈઆરમાંથી ઉદ્ભવ્યો છે જે વાયાકોમ-૧૮ મીડિયા પ્રાઈવેટ લિમિટેડની ફરિયાદના આધારે ફેરપ્લે સ્પોર્ટ એલએલસી અને અન્ય લોકો સામે રૂ. ૧૦૦ કરોડથી વધુની આવકને નુકસાન પહોંચાડવા બદલ દાખલ કરવામાં આવી હતી.

અત્યારસુધીની તપાસમાં જાણવા મળ્યું છે કે, ફોરપ્લેના મુખ્ય આરોપી ક્રિશ લક્ષ્મીચંદ શાહે પ્લે વેન્ચર્સ એન.વી. અને ડચ એન્ટિલેસ મેનેજમેન્ટ એન.વી. કુરાકાઓ ખાતે, ફેર પ્લે સ્પોર્ટ એલએલસી અને દુબઈમાં ફેરપ્લે મેનેજમેન્ટ ડીએમસીસી અને માલ્ટામાં પ્લે વેન્ચર્સ હોલ્ડિંગ લિમિટેડ જેવી વિવિધ કંપનીઓની નોંધણી કરી હતી. ફેરપ્લેનું સંચાલન મુખ્યત્વે શાહ દ્વારા દુબઈથી તેમના સહયોગીઓ જેમ કે સિદ્ધાંત શંકરન ઐયર ઉર્ફે જો પોલ, ચિરાગ શાહ અને ચિંતન શાહ જેમણે ફેરપ્લેના ટેક્નોલોજિકલ અને સોફ્ટવેર ડેવલપમેન્ટ પાસાઓની સંભાળ લીધી હતી તેની મદદથી કરવામાં આવી રહી છે. શાહ અને તેના સહયોગીઓએ ગુનાની આવકમાંથી જંગમ અને સ્થાવર સંપત્તિ તેમના નામે અથવા તેમના સંબંધીઓ અથવા પરિવારના સભ્યોના નામે હસ્તગત કરી હતી, એમ ઇડીનાં સૂત્રોએ ઉમેર્યું હતું.

# વડોદરાના ભરથાણા ટોલનાકા પર ટોલદરમાં વધારો થતાં અમદાવાદથી મુંબઈની મુસાફરી મોંઘી થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદથી મુંબઈ તરફ જતાં નેશનલ હાઇવે પર મુસાફરી કરવી મોંઘી બની છે. વડોદરાથી ભરુચ જતા નેશનલ હાઈવે પર કરજણ તાલુકામાં ભરથાણા ટોલ પ્લાઝા પર ટોલના દરોમાં વધારો કરીને સુધારેલા ટોલના દરો હવે સોમવારથી અમલમાં આવી ગયાં હતા. નવા દર પ્રમાણે કાર માટે ૧૦૫ રૂપિયાથી વધીને ૧૫૫ રૂપિયા, મીની બસ માટે ૧૮૦ રૂપિયાથી વધારી ૨૭૦ રૂપિયા કરાયો હતો. જ્યારે બસ અને ટ્રક માટેનો ટોલ ૩૬૦ રૂપિયાથી વધીને ૫૪૦ રૂપિયા કરાયો હતો.

અગાઉ એક મહિના પહેલાં નેશનલ હાઇવે ઓથોરિટી દ્વારા ભરથાણા ટોલ પ્લાઝા પરના દરમાં અચાનક ૬૫ ટકા જેટલો વધારો કરવાની જાહેરાત કરાઈ હતી. તેનો અમલ કરવાની જાહેરાત થયા બાદ વધુ એક દિવસ અમલ મુલતવી રહ્યો હતો. ત્યારબાદ ફરીથી એક મહિના સુધી નવા દરનો અમલ થયો ન હતો. આ દરમિયાન નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા સોમવારે નવા ટોલના દરોનો અમલ કરવાનું અચાનક નક્કી કરવામાં આવ્યું હતું.

૨૩ સપ્ટેમ્બરના રોજ ટોલટેક્સમાં ભાવ વધારાનો પરિપત્ર કરવામાં આવ્યો હતો. જોકે આ પરિપત્રનો અમલ બે મહિના પછી કરવામાં આવી રહ્યો છે. એટલે સોમવારે રાત્રે ૧૨ વાગ્યા પછી કાર સહિતનાં તમામ વાહનોમાં ટોલટેક્સ વધારે ચૂકવવા પડશે. નવા દર પ્રમાણે કાર માટે ૧૦૫ રૂપિયાથી વધીને ૧૫૫ રૂપિયા, મીની બસ માટે ૧૮૦ રૂપિયાથી વધારી ૨૭૦ રૂપિયા કરાયો. બસ અને ટ્રક માટેનો ટોલ ૩૬૦ રૂપિયાથી વધીને ૫૪૦ રૂપિયા કરાયો છે.

વડોદરા પાસે આવેલા ભરથાણા ટોલનાકા પર ટોલદરમાં વધારો કરાતા સૌથી વધુ અમદાવાદથી મુંબઈ તરફ જે વાહનચાલકો નેશનલ હાઈવે પરથી પસાર થાય છે તેના પર પડશે.

ટોલમાં થયેલા ભાવ વધારાની અસર આવનારા સમયમાં ખાનગી બસોના ભાડામાં અને ટ્રાન્સપોર્ટના નૂરમાં પણ જોવા મળી શકે છે. તે ઉપરાંત ભરથાણા ટોલપ્લાઝાથી ૨૦ કિલોમીટરના અંતરે રહેતા લોકો માટે પાસની વ્યવસ્થા કરાઇ છે. જેમાં મહિને ૩૪૦ રુપિયા ચૂકવી પાસ કઢાવવાનો રહેશે.

# ગાંધીનગરમાં જૂના સચિવાલયની બિલ્ડિંગમાં આગઃ કોઈ જાનહાનિ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં આવેલા ડો. જીવરાજ મહેતા ભવન- જૂના સચિવાલયની બિલ્ડિંગના બ્લોક નંબર ૧ નજીક મંગળવારે વહેલી સવારે આગ ફાટી નીકળી હતી. ઓફિસ સમય પહેલા લાગેલી આગને અંદાજે એક કલાકમાં કાબૂમાં લાવવામાં આવી હતી. આગની ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને માત્ર એક કલાકમાં આગ પર કાબૂ મેળવી લીધો હતો. જૂના સચિવાલય ગાંધીનગરનાં સૂત્રોના જણાવ્યા અનુસાર, આગ જૂના સચિવાલયના ગેટની સામે આવેલા બ્લોક નં. ૧ અને બ્લોક નંબર ૮ની નજીક આગ લાગી હતી. જો કે આ ઘટનામાં કોઈ જાનમાલની નુકસાની થઈ ન હતી. ચાલુ દિવસ હોવાથી ઓફિસ ટાઇમિંગ પહેલાં લાગેલી આગ પર ગણતરીના કલાકોમાં જ કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. જોકે આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

# અમદાવાદના ગોમતીપુર પોલીસ સ્ટેશનમાં આરોપી દર્શન ચૌહાણનું મોત, પોલીસે હાથ ધરી તપાસ

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી હત્યા, બળાત્કાર, ડ્રગ્સ તસ્કરી સહિતની ગુનાખોરી મોટા પ્રમાણમાં વધી છે, અમદાવાદના ગોમતીપુર પોલીસની કસ્ટડીમાં આરોપીનું મોત થતા ફરી એક વખત પોલીસની બેદરકારી પર સવાલો ઉઠ્યા છે. હોસ્પિટલમાં મેડિકલ માટે લઈ જતા સમયે દર્શન ઢળી પડ્યો હતો. દર્શન ચૌહાણ નામના યુવકનું સોમવારે રાત્રે મોત નીપજ્યું હતું. ૮ આરોપીઓને સિવિલ હોસ્પિટલમાં મેડિકલ ચેકઅપ માટે લઈ જતા સમયે મોત નીપજ્યું હતું. ૮ આરોપીઓને દારૂ પીધેલી હાલતમાં પકડવામાં આવ્યા હતા. યુવાનના મોત મામલે પરિવારજનો પોલીસ પર સવાલ ઉઠાવ્યા હતા.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભાજપના વિજય માટે ૮ સર્વે, ૮૦ બેઠક અને ૪૦ નેતાની ટાસ્ક ફોર્સે કામ કરી ગઈ?

મુંબઈઃ મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી પતી ગઈ અને પરિણામો પણ જાહેર થઇ ગયા છે. જેમ જેમ સમય પસાર થઈ રહ્યો છે તેમ તેમ ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ની 'શાનદાર' જીત પાછળની વાતો ધીમે ધીમે પ્રકાશમાં આવી રહી છે. છેલ્લા છ મહિનાથી વિદર્ભમાં ભાજપની જીત માટે કામ કરી રહ્યા હતા. પાર્ટી સંગઠન દ્વારા તેમને ચોક્કસ કાર્ય માટે ત્યાં મોકલવામાં આવ્યા હતા. તેમણે જે વાત કહી તે મુજબ, ભાજપની મહાન જીત કોઈ સંયોગ નથી પરંતુ સુનિયોજિત આયોજનનું પરિણામ છે, એમ સૂત્રોએ દાવો કર્યો હતો.

**૪૦ નેતાની મહત્ત્વની ભૂમિકા**

મધ્ય પ્રદેશ ભાજપમાં વરિષ્ઠ પદ પર કામ કરી રહેલા ભાજપના આ વરિષ્ઠ નેતાએ જણાવ્યું હતું કે ભાજપના કેન્દ્રીય નેતૃત્વએ કુલ ૮ સર્વે કરાવ્યા હતા. દરેક સર્વેના વિવિધ પાસાઓને જોડીને એક રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો અને તે અંતર્ગત દરેક વિધાનસભા મતવિસ્તારમાં ખાસ લોકોને ખાસ જવાબદારીઓ આપી અને જ્ઞાતિ, સામાજિક અને વર્ગ પ્રમાણે સમિકરણો ગોઠવીને જીતની રણનીતિ ઘડવામાં આવી હતી. આ વ્યૂહરચના અમલમાં મૂકવા માટે ચૂંટણી વ્યૂહરચનાના જાણકાર લગભગ ૪૦ નેતાઓને ૮૦ નબળા વિધાનસભા મતવિસ્તારોમાં જીતની જવાબદારી સોંપવામાં આવી હતી.

**૮૦ નબળી બેઠકને ટાર્ગેટ કરી**

બેઠક જેટલી અઘરી હતી તેટલા મોટા નેતાને જીત સુનિશ્ચિત કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી. વિધાનસભા બેઠકોના સર્વે રિપોર્ટના આધારે ઓળખાયેલી નબળી બેઠકો પર માઇક્રો મેનેજમેન્ટની વિશેષ વ્યૂહરચના અપનાવવામાં આવી હતી. જૂન મહિનાના પ્રારંભિક સર્વેક્ષણમાં ભારતીય જનતા પાર્ટીએ રાજ્યની લગભગ ૮૦ નબળી બેઠકમાંથી દરેક બૂથ પર પાર્ટીની જીત માટે ૧૦૦ વધારાના મત એકત્ર કરવાનો લક્ષ્યાંક રાખ્યો હતો અને આ વ્યૂહરચનાનો અમલ કરવા માટે ભાજપના મજબૂત કાર્યકરોને કામગીરી સોંપવામાં આવી હતી.

**મુંબઈમાં બે નેતાનું મજબૂત નેતૃત્વ**

મહા વિજયની વ્યૂહરચનાના ભાગરૂપે મહારાષ્ટ્રના પ્રભારી ભાજપના વરિષ્ઠ નેતાઓમાંના એક ભૂપેન્દ્ર યાદવ કેન્દ્રમાં પ્રધાન છે, પરંતુ તેઓ જૂનના છેલ્લા અઠવાડિયાથી મુંબઈમાં રહેતા હતા. તેમની સાથે રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવ પણ સહ-પ્રભારી તરીકે સતત મહારાષ્ટ્રમાં રહ્યા. ભાજપે આ બંને નેતાઓના નેતૃત્વમાં જ બૂથ મેનેજમેન્ટથી લઈને દરેક કામકાજમાં સફળતા હાંસલ કરવાની રણનીતિ અમલમાં મૂકી હતી.

**વિદર્ભમાં કોની મહત્ત્વની ભૂમિકા?**

વિદર્ભમાં મહાયુતિની જીતમાં મધ્યપ્રદેશના નેતાઓ મુખ્ય પ્રધાન મોહન યાદવ અને કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ, પ્રહલાદ પટેલ, નરોત્તમ મિશ્રા, કૈલાશ વિજયવર્ગિય અને વિશ્વાસ સારંગે મોટી ભૂમિકા ભજવી હતી, જ્યારે પાલઘર જિલ્લામાં વિનોદ તાવડે અને સીઆર પાટીલે મહત્વની ભૂમિકા ભજવી હતી. અનેક નેતાઓની સાથે સાંસદ રાજેન્દ્ર ગેહલોત અને પૂર્વ કેન્દ્રીય મંત્રી પી.પી. ચૌધરી સહિત રાજસ્થાનના નેતાઓ, લગભગ ૧૦ વિધાનસભ્યો અને પાર્ટીના ૫૦૦ કાર્યકર સાથે તૈનાત હતા. રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્માની પણ મુલાકાત યોજાઈ હતી.

**નવી મુંબઈમાં કોને સોંપી હતી જવાબદારી?**

ઉત્તરાખંડના નેતાઓને નવી મુંબઈમાં તહેનાત કરવામાં આવ્યા હતા. ઉપરાંત, મહારાષ્ટ્રમાં ચૂંટણી નહીં લડતા લગભગ ૫૦ મરાઠા નેતાઓ, ૧૨૫ ઓબીસી નેતાઓ અને ૧૫૦થી વધુ દલિત અને આદિવાસી નેતાઓની એક ટીમ બનાવીને તેમને વિધાનસભા મતવિસ્તારના ચોક્કસ વર્ગો વચ્ચે જીતવાની જવાબદારી સોંપવામાં આવી હતી. જોકે, આ વાતોમાં કેટલું સત્ય છે અથવા આ વાતો ઈવીએમ સેટિંગના આરોપોને નબળા પાડવાનો પ્રયાસ છે કે કેમ, પરંતુ જે વાતો બહાર આવી રહી છે તે વિશ્વસનીય હોવાનું કહી શકાય.

# એસ્સાર ગ્રૂપના કો-ફાઉન્ડર શશિ રુઈયાનું ૮૧ વર્ષની વયે નિધન

મુંબઈઃ ભારતના દિગ્ગજ ઉદ્યોગપતિ અને એસ્સાર ગ્રુપના સહ-સ્થાપક શશિકાંત રુઈયાનું ૮૧ વર્ષની વયે નિધન થયું છે. તેમના પરિવારે આજે મંગળવારે માહિતી આપતી હતી. રુઈયા પરિવારએ સત્તાવાર નિવેદનમાં જણાવ્યું કે, અમે ખૂબ જ દુઃખ સાથે જણાવી રહ્યા છીએ કે રૂઈયા અને એસ્સાર પરિવારના વડા શશિકાંત રૂઈયાનું નિધન થયું છે. તેઓ ૮૧ વર્ષના હતા.

નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, સામાજિક ઉત્થાન અને પરોપકાર પ્રત્યેની તેમની અતૂટ પ્રતિબદ્ધતા સાથે, તેમણે લાખો લોકો સુધી પહોંચ્યા અને એક શાશ્વત અસર છોડી. નમ્રતા, હુંફ અને તેઓ જેને મળ્યા તે દરેક સાથે જોડવાની ક્ષમતાને કારણે તેઓ ખરેખર એક અસાધારણ આગેવાન બનાવ્યા. પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ, એસ્સાર ગ્રુપના ચેરમેન શશિકાંત રૂઈયાએ ભારતના કોર્પોરેટ લેન્ડસ્કેપને નવી વ્યાખ્યા આપવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેમણે એસ્સાર જૂથનો પાયો નાખ્યો અને તેને વૈશ્વિક જૂથ બનાવ્યું. શશિકાંત રૂઈયાનો અસાધારણ વારસો આપણા બધા માટે માર્ગદર્શક બની રહેશે...

શશિકાંત રૂઈયા સામાન્ય રીતે શશિ રૂઈયા તરીકે ઓળખાતા. ઉદ્યોગસાહસિક ઉદ્યોગપતિ શશિ રૂઈયાએ ૧૯૬૯માં તેમના ભાઈ રવિકાંત રુઈયા (રવિ રૂઈયા) સાથે એસ્સારની સ્થાપના કરી હતી.

તેમણે ૧૯૬૫માં પિતા નંદ કિશોર રૂઈયાના માર્ગદર્શન હેઠળ તેમની કારકિર્દીની શરૂઆત કરી અને ૧૯૬૯માં ચેન્નાઈ પોર્ટ ખાતે આઉટર બ્રેકવોટરનું નિર્માણ કરીને એસ્સારનો પાયો નાખ્યો. એસ્સાર જૂથ સ્ટીલ, ઓઈલ રિફાઇનરી, રિસર્ચ એન્ડ મેન્યુફેક્ચરિંગ, ટેલિકોમ, પાવર અને કન્સ્ટ્રકશન સહિતના વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત છે.

# નાલાસોપારાની આગમાં પાલિકાની છ બસ ખાક

પાલઘરઃ પાલઘર જિલ્લાના નાલાસોપારામાં આવેલા એક પાર્કિંગ વિસ્તારમાં લાગેલી આગમાં પાલિકાની ઓછામાં ઓછી છ બસ બળી ગઇ હતી, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

નાલાસોપારાના સનસાઇન ગાર્ડન ખાતેના પાર્કિંગ વિસ્તારમાં સોમવારે રાતે ૯.૩૦ કલાકે આગ લાગી હતી. વસઇ-વિરાર પાલિકા (વીવીએમસી)ની અમુક બસ ત્યાં પાર્ક કરાઇ હતી જેમાંથી ઓછામાં ઓછી છ બસ બળીને રાખ થઇ ગઇ હતી, એમ અગ્નિશમન દળના સૂત્રોએ જણાવ્યું હતું.

એક કલાકમાં આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો, પરંતુ આગ લાગવાનું કારણ હજી જાણી શકાયું નથી.

# ચૂંટણી પૂરી થતા જ રશ્મિ શુકલાને ફરી બનાવાયાં ડીજીપી

મુંબઇઃ મહારાષ્ટ્ર સરકારે આઈપીએસ અધિકારી રશ્મિ શુક્લાને રાજ્યના પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) અને પોલીસ દળના વડાં તરીકે પુનઃસ્થાપિત કર્યા છે. આ પહેલા ૪ નવેમ્બરે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પહેલા ભારતીય ચૂંટણી પંચ (ઈસીઆઈ)એ તેમની બદલી કરી હતી. ચૂંટણી પંચે આ પગલું કોંગ્રેસ અને મહાવિકાસ આઘાડીના અન્ય નેતાઓની પ્રચારમાં ગેરરીતિઓ અંગેની ફરિયાદો બાદ ઉઠાવ્યું હતું. મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રમુખ નાના પટોલેએ રશ્મિ શુક્લાને ભાજપની નજીક ગણાવીને પદ પરથી હટાવવાની માગ કરી હતી. તેમણે કહ્યું હતું કે ભાજપે ચૂંટણી લાભ માટે રશ્મિ શુક્લાને આ પદ પર નિયુક્ત કર્યા છે. ત્યાર બાદ શુક્લાને ચાર નવેમ્બરે ફરજિયાત રજા પર મોકલી દેવામાં આવ્યા હતા, જ્યારે તેમના સ્થાને વરિષ્ઠ આઈપીએસ અધિકારી સંજયકુમાર વર્માને કાર્યકારી ડીજીપી નિયુક્ત કરવામાં આવ્યા હતા.

વરિષ્ઠ આઈપીએસ અધિકારી રશ્મિ શુક્લા મહારાષ્ટ્રનાં પ્રથમ મહિલા ડીજીપી છે. રશ્મિ શુક્લા ૧૯૮૮ બેચના મહારાષ્ટ્ર કેડરના અધિકારી છે. તેઓ સશસ્ત્ર સીમા બલના મહાનિર્દેશક તરીકે પણ સેવા આપી ચૂક્યા છે.

આ સિવાય રશ્મિ શુક્લાએ બાવેસી વર્ષની ઉંમરમાં આઈપીએસ બનવાનો રેકોર્ડ બનાવ્યો છે. તેમની નિવૃત્તિ આ વર્ષે જૂનમાં નક્કી કરવામાં આવી હતી, પરંતુ સરકારે તેમનો કાર્યકાળ લંબાવ્યો હતો. રશ્મિ શુક્લા મહાવિકાસ આઘાડી સરકારના કાર્યકાળ દરમિયાન મહારાષ્ટ્રના ગુપ્તચર વિભાગના વડા હતા. તેમના પર વિપક્ષી નેતાઓના ફોન ટેપ કરવા સહિત ઘણા આરોપો લાગ્યા હતા.

નવમા પાનાનું ચાલુ

## ૨૦૧૯નું રીરન?

છે. શિંદેના નેતૃત્વમાં મહાયુતિએ વિધાનસભામાં જોરદાર જીત મેળવી હતી. આથી શિવસેના એવી દલીલ કરી રહી છે કે જો વિજય બાદ તરત જ તેમને મુખ્ય પ્રધાનપદ પરથી હટાવવામાં આવશે તો તેનાથી મતદારોમાં ખોટો સંદેશ જશે. પરંતુ ૧૩૨ જેટલી બેઠકો જીતનાર ભાજપ મુખ્ય પ્રધાનપદ છોડવા તૈયાર નથી. નેતૃત્વ પર દબાણ વધ્યું છે, કારણ કે કાર્યકરો સતત નેતાઓને પૂછી રહ્યા છે કે તેઓએ શા માટે દર વખતે બલિદાન આપવું જોઈએ. તેથી ભાજપ મુખ્ય પ્રધાનપદ પોતાની પાસે જાળવી રાખશે. એનસીપીના વરિષ્ઠ નેતા છગન ભુજબળે ગઈ કાલે કહ્યું હતું કે જો ફડણવીસ ભાજપના મુખ્યમંત્રી બને તો અમારી પાસે વાંધો કે વિરોધ કરવાનું કોઈ કારણ નથી. એનસીપીનું વલણ એ છે કે ભાજપ મુખ્ય પ્રધાન બને. તેથી હવે શિવસેનાએ તેમને પોતાની તરફ ખેંચવાના પ્રયાસો શરૂ કર્યા છે. શિવસેનાએ મંગળવારે આ માટે એનસીપીના નેતાઓનો સંપર્ક કર્યો હતો. મુંબઈમાં બંને પક્ષોના વરિષ્ઠ નેતાઓએ આ મુદ્દે એક કલાક સુધી ચર્ચા પણ કરી હતી.

શિવસેનાના વરિષ્ઠ સ્તરે એનસીપીને મુખ્ય પ્રધાનપદ માટે શિવસેનાને સમર્થન આપવા વિનંતી કરી છે. શિવસેના એનસીપીનું સમર્થન મેળવીને ભાજપ પર દબાણ વધારવાનો પ્રયાસ કરી રહી છે. સેનાના વરિષ્ઠ નેતાઓ માને છે કે જો એનસીપીએ તેમને સમર્થન આપ્યું હોત તો ચિત્ર બદલાઈ શક્યું હોત. આથી તેમણે એનસીપીના નેતાઓ સાથે વાતચીત શરૂ કરી છે. શિવસેનાએ સમર્થન માગ્યું હોવા છતાં એનસીપીએ હજુ સુધી આ અંગે કોઈ નિર્ણય લીધો નથી. તેથી રાજકીય વર્તુળમાં ઝડપી અને રસપ્રદ ઘટનાક્રમો જોવા મળી રહ્યા છે.

## ગોલ્ડ ટેસ્ટિંગ મશીનમાં

પર હૉલમાર્ક હતો અને ગોલ્ડ પ્યોરિટી કેરેટ મીટર મશીનમાં ચેક કરતાં શુદ્ધ સોનું હોવાનું દર્શાવાયું હતું. મશીન પર વિશ્વાસ રાખી ઝવેરીએ બ્રેસલેટના બદલામાં સોનાના દાગીના આપતાં અભિષેક ત્યાંથી રવાના થઈ ગયો હતો.

અભિષેકના ગયા પછી ફરિયાદીએ બ્રેસલેટ પીગાળવા આપતાં તે તાંબાનું હોવાનું જણાયું હતું. પરિણામે પોતાની સાથે ૫.૫૭ લાખ રૂપિયાની છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ ઝવેરીએ નોંધાવી હતી.

## મુખ્ય પ્રધાનનું

સધાઈ નથી એવું ચિત્ર જોવા મળી રહ્યું છે. 'કેન્દ્રીય નેતૃત્વને મુખ્ય પ્રધાનપદ માટેના ઉમેદવારનું નામ આપવાની કોઈ ઉતાવળ નથી. અમે નિર્ણાયક જનાદેશ મેળવ્યો છે અને હવે પ્રાથમિકતા સરકારની રચના માટે એક વ્યાપક યોજના બનાવવાની છે. જેમાં પ્રધાનપદના ખાતાંઓને અંતિમ સ્વરૂપ આપવા અને મુખ્ય હોદ્દાઓની વહેંચણીનો સમાવેશ થાય છે. જેમ કે જિલ્લાના પાલકપ્રધાનો, એમ રાજ્યના ભાજપના એક મોટા નેતાએ નામ જાહેર ન કરવાની વિનંતી કરતાં જણાવ્યું હતું.

સાવચેતીભર્યો અભિગમ યુતિના ભાગીદારો વચ્ચે ઘર્ષણ ટાળવાની ઇચ્છાથી અપનાવવામાં આવ્યો છે, એમ તેમણે જણાવ્યું હતું. વિસ્તૃત રીતે, ભાજપના અન્ય એક આંતરિક વ્યક્તિએ રાયગડ જિલ્લાના વિધાનસભ્ય મહેન્દ્ર થોરાવેના કેસ ટાંક્યો હતો, જેમણે આ વર્ષની શરૂઆતમાં એનસીપીનાં અદિતિ તટકરેની જિલ્લા પાલક પ્રધાન તરીકેની નિમણૂંકનો લાંબા સમયથી ચાલતી સ્થાનિક દુશ્મનાવટને કારણે વિરોધ કર્યો હતો. 'અમે હવે આવા મુદ્દાઓને ઉકેલવા માગીએ છીએ, તે સુનિશ્ચિત કરીએ છીએ કે આગળ વધતા પહેલા દરેક મુદ્દે સહમતિ સધાઈ જાય,' એમ તેમણે કહ્યું હતું. પક્ષના એક નેતાએ કહ્યું હતું કે ચાલુ સંસદીય સત્રને કારણે કેન્દ્રીય નેતૃત્વ વ્યસ્ત છે, તેમને મહારાષ્ટ્ર ભાજપના નેતાઓ અને સાથી પક્ષોના નેતાઓની સાથે બેઠકો કરવા ઉપરાંત સંસદમાં ફ્લોર મેનેજમેન્ટ સંભાળવાની પણ જવાબદારી છે,' એમ પાર્ટીના એક નેતાએ જણાવ્યું હતું. મુખ્ય પ્રધાનના ઉમેદવારની જાહેરાત માટ ભાજપની કેન્દ્રીય સંસ્થા એક નિરીક્ષક અથવા નિરીક્ષકોની એક ટીમની નિમણૂંક કરશે જે મુંબઈની મુલાકાત લેશે. તેઓ કેબિનેટ ફોર્મ્યુલાને અંતિમ સ્વરૂપ આપવા માટે વિધાનસભ્યો અને પક્ષના વરિષ્ઠ અધિકારીઓને મળશે. એકવાર આ બધું થઈ જાય, પછી તેઓ વિધાયક પાંખના નેતા માટે પક્ષની પસંદગીની જાહેરાત કરશે.

## મરાઠાઓ શિંદેને

આગેવાની હેઠળના મહાયુતિ ગઠબંધને જંગી જીત હાંસલ કરી હોવા છતાં, આગામી મુખ્ય પ્રધાન કોણ હોવું જોઈએ તેના પર શાસક ગઠબંધનના નેતાઓ અત્યાર સુધી સર્વસંમતિ સાધી શક્યા નથી. શિંદેએ સફળતાપૂર્વક મરાઠા સમુદાયને (આર્થિક અને સામાજિક રીતે પછાત વર્ગ હેઠળ) દસ ટકા આરક્ષણ આપ્યું હતું અને અણ્ણાસાહેબ પાટીલ અને સારથી કોર્પોરેશનો દ્વારા સમુદાયને મદદ કરાઈ હતી અને તેથી જ મરાઠા સમાજ વિધાનસભાની ચૂંટણીમાં મહાયુતિને પડખે ઊભો રહ્યો હતો, એવો દાવો તેમણે કર્યો હતો. મુખ્ય પ્રધાન મરાઠા સમુદાયના હોવા જોઈએ તેવી માગ મજબૂત થઈ રહી છે, એમ તેમણે જણાવ્યું હતું.

મુખ્ય પ્રધાન શિંદે, જેઓ પશ્ચિમ મહારાષ્ટ્રના સાતારા જિલ્લાના અને રાજકીય રીતે પ્રભાવશાળી મરાઠા સમુદાયના છે, ત્યારે ભાજપના નેતા અને ડેપ્યુટી મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, જે ચૂંટણીમાં ભાજપના શાનદાર પ્રદર્શનને પગલે મુખ્ય પ્રધાનપદની રેસમાં સૌથી આગળ માનવામાં આવે છે, પરંતુ તેઓ નાગપુરના અને બ્રાહ્મણ સમાજના છે. આ દરમિયાન મહિલાઓનું એક જૂથ સોમવારે અહીં શિંદેને મુખ્યમંત્રી મારી લાડકી બહેન યોજના માટે કૃતજ્ઞતા વ્યક્ત કરવા મળ્યું હતું, જે યોજના હેઠળ પાત્ર મહિલાઓને દર મહિને ૧,૫૦૦ રૂપિયા મળે છે. આ યોજનાએ મહાયુતિની ચૂંટણીમાં સફળતામાં મુખ્ય ભૂમિકા ભજવી હોવાનું કહેવાય છે.

## દાદર, પરેલ, પ્રભાદેવીમાં

સમય સમારકામ ચાલુ હશે એદરમિયાન જી-દક્ષિણ અને જી-ઉત્તર વોર્ડના વિસ્તારોમાં સંપૂર્ણ રીતે પાણીપુરવઠો બંધ રહેશે. સંબંધિત વિસ્તારના નાગરિકોને તકેદારીનાં પગલાંરૂપે પાણીનો સ્ટોક ભરી રાખવાની અપીલ કરવામાં આવી છે. તેમ જ પાણીપુરવઠો બંધ હોય ત્યારે પાણી સંભાળીને વાપરવાની સલાહ પણ પાલિકાએ આપી છે.

## પાલિકાની ચૂંટણી

વર્ષમાં કરવાની જાહેરાત થઇ શકે છે.

### ઉદ્ધવ માટે અસ્તિત્વની લડાઈ

પાલિકા પર છેલ્લાં પચીસ વર્ષથી શિવસેના (અવિભાજિત)નું રાજ રહ્યું છે. વર્ષ ૨૦૧૭માં થયેલી ચૂંટણીમાં શિવસેનાએ ૮૪ બેઠક પરથી વિજય મેળવ્યો હતો અને અપક્ષના સમર્થનથી શિવસેનાએ પોતાનું રાજ જમાવ્યું હતું. જોકે ૮૨ બેઠક સાથે ભાજપ પણ સત્તામાં સહભાગી રહ્યો હતો. આ વખતની પાલિકાની ચૂંટણી શિવસેના (યુબીટી)ના પક્ષપ્રમુખ ઉદ્ધવ ઠાકરે માટે અગ્નિપરીક્ષાથી ઓછી નહીં હોય. પાલિકામાંથી આઉટ થઇ જવું, એનો અર્થ એ થશે કે પાર્ટીનું અસ્તિત્વ જ ખતમ થઇ જવું. ભાજપના વધતા જતા પ્રભાવને કારણે ઉદ્ધવ ઠાકરે માટે મોટો પડકાર છે.

### માર્ચ ૨૦૨૨થી એડમિનિસ્ટ્રેટરની દેખરેખ હેઠળ કામકાજ

પાલિકાની ૩૨ મહિનાથી ચૂંટણી નથી થઇ અને ચૂંટાયા વિના નગરસેવકો વિના કામ થઇ રહ્યું છે. એડમિનિસ્ટ્રેટરની દેખરેખમાં પાલિકાનું સંચાલન થઇ રહ્યું છે. પહેલાં ઇકબાલ સિંહ ચહલના હાથમાં હતું અને હવે ભૂષણ ગગરાણીના નેતૃત્વમાં ચાલી રહ્યું છે. પાલિકાની ૨૨૭ બેઠક માટે ચૂંટણી ૨૦૨૨ની શરૂઆતમાં થવાની હતી, પણ કોઇ કારણથી તેને આગળ ઠેલવામાં આવી હતી અને તે હજી સુધી પેન્ડિંગ જ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે બાવન હજાર કરોડ રૂપિયાથી વધુનું બજેટ આપવામાં આવ્યું હતું.

### એમવીએનો એક પણ મેયર નહીં ચૂંટાય

મહાવિકાસ આઘાડીએ રાજ્યની જનતા સાથે છેતરપિંડી કરી હોવાનો આરોપ મૂકીને બાવનકુળેએ કહ્યું હતું કે આગામી મહાનગરપાલિકા, પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીમાં એમવીએનો એક પણ મેયર નહીં ચૂંટાય. બાવનકુળેએ જણાવ્યું હતું કે વિધાનસભાની ચૂંટણીનાં પરિણામોને જોતાં અમે આગામી મહાનગરપાલિકા, નગરપાલિકા અને પંચાયતની ચૂંટણી લડીશું. જે રીતે એમવીએએ રાજ્યની જનતાને ગુમરાહ કરી છે તેના પરથી એટલું હું ચોક્કસ કહી શકું કે રાજ્યમાં તેમનો એક પણ મેયર નહીં આવે.

## ક્યાં પાણી નહીં

બપોરના ૩.૩૦ વાગ્યાથી સાંજના સાત વાગ્યા સુધી કરવામાં આવતો પાણીપુરવઠો સંપૂર્ણ રીતે બંધ રહેશે. જી-ઉત્તર વોર્ડના સેનાપતિ બાપટ માર્ગ, વીર સાવરકર માર્ગ, ગોખલે રોડ, કાકાસાહેબ ગાડગિલ માર્ગ, સયાની રોડ, ભવાની શંકર રોડ, એલ.જે. માર્ગ વિસ્તારમાં ૩૩ ટકા પાણીકાપ રહેશે.

## સીએમ તરીકે

છે. ભોસલેએ મંગળવારે જણાવ્યું હતું કે, શિંદેના પૂજારીઓ અને દૃષ્ટાઓના કલ્યાણ માટેના કાર્યની સ્વીકૃતિમાં, મંદિરોમાં પૂજા કરવામાં આવી રહી છે.

આ સંતોએ ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં ભાજપ, શિવસેના અને એનસીપીનો સમાવેશ કરતી મહાયુતિના પ્રચારમાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી, એમ પણ તેમણે જણાવ્યું હતું. શિંદે ભૂતકાળમાં ઓછામાં ઓછા બે પ્રસંગોએ આસામમાં દેવી કામાખ્યા મંદિરની મુલાકાત લીધી હતી.

## મુંબઈ ઠંડા ઠંડા

નીચું તાપમાન નોંધાયું હતું. રાજ્યના મોટાભાગના જિલ્લામાં લઘુતમ તાપમાનનો પારો નવથી ૧૬ ડિગ્રીની આસપાસ નોંધાઈ રહ્યો છે.

મંગળવારે સાંતાક્રુઝમાં લઘુતમ તાપમાન ૧૬.૮ ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતા ૩.૮ ડિગ્રી ઓછું હતું. જયારે કોલાબામાં લઘુતમ તાપમાન ૨૨.૫ ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતા ૦.૬ ડિગ્રી ઓછું હતું.

મુંબઈમાં મંગળવારે વહેલી સવારના ઠંડા પવનો ફૂંકાવાની સાથે જ વાતાવરણ ઠંડું રહ્યા બાદ દિવસ દરમિયાન વાતાવરણમાં ઠંડક જણાઈ હતી. દિવસના કોલાબામાં મહત્તમ તાપમાન ૩૨.૪ ડિગ્રી અને સાંતાક્રુઝમાં ૩૩.૬ ડિગ્રી જેટલું નોંધાયું હતું. હવામાન વિભાગે મુંબઈમાં મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રીથી લઘુતમ તાપમાન ૧૭ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા વ્યક્ત કરી છે.

મુંબઈમાં નવેમ્બર મહિનામાં અત્યાર સુધીનું સૌથી નીચા તાપમાનનો રેકોર્ડ ૧૯ નવેમ્બર, ૧૯૫૦ના નોંધાયો હતો, એ દિવસે મુંબઈમાં લઘુતમ તાપમાન ૧૩.૩ ડિગ્રી નોંધાયું હતું.

## જો 'એક'નાથ

શિંદેને પણ સીએમ બનાવવા જોઈએ. જ્યાં સુધી અજિત પવારની વાત છે, જો સૂત્રોનું માનીએ તો અજિત પવારને ભાજપના સીએમ સામે કોઈ વાંધો નથી. સૂત્રોનું માનીએ તો અજિત પવારે દિલ્હીમાં ભાજપ હાઈકમાન્ડને પણ આ વાત પહોંચાડી દીધી છે. તમને જણાવી દઈએ કે કાયદાકીય પ્રક્રિયા મુજબ એકનાથ શિંદેએ મંગળવારે મુખ્ય પ્રધાનપદ પરથી રાજીનામું આપી દીધું હતું.

## રાષ્ટ્રપતિ મેડલ

હતી. ધરપકડના એક દિવસ બાદ તેમને જામીન મળી ગયા હતા. ન્યાયમૂર્તિ એ. એસ. ચંદુરકર અને ન્યાયમૂર્તિ રાજેશ પાટીલની ખંડપીઠે સોમવારે કહ્યું હતું કે ધરપકડની સત્તાના ઉપયોગમાં સાવચેતી નથી રાખવામાં આવી અને પોલીસ અધિકારીની ગેરકાયદે ધરપકડ કરવામાં આવી છે. અરજદારની ધરપકડ અનિવાર્ય હતી એવો આ કેસ નહોતો અને ગુનાઓ જામીન પાત્ર હતા. ખંડપીઠે એમ પણ જણાવ્યું હતું કે 'અરજદાર દ્વારા સાર્વજનિક કાનૂનમાં ગેરકાયદેસર ધરપકડને પગલે વળતર માગતો કેસ બન્યો છે અને એને કારણે ભારતના બંધારણની કલમ ૨૧ હેઠળ તેના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થયું છે.'

અરજદાર પોલીસકર્મીને જાન્યુઆરી ૨૦૦૪માં પ્રતિભાશાળી સેવા માટે રાષ્ટ્રપતિ પોલીસ મેડલ મળ્યો હતો અને તે જ વર્ષે પોલીસ મહાનિર્દેશક તરફથી પણ સન્માન કરવામાં આવ્યું હતું. ખંડપીઠે સરકારને આઠ અઠવાડિયાની અંદર રકમ ચૂકવવાનો નિર્દેશ આપ્યો હતો. (પીટીઆઈ)

# હિન્દુ મરણ

અમરેલીવાલા હાલ કાંદિવલી ગુણવંતરાય કરસનદાસ ગોકળદાસ વોરાના ધર્મપત્ની અ. સૌ. કુસુમ (ઉં. વ.૭૬) સોમવાર તા. ૨૫-૧૧-૨૪ શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. લીલાવંતી વલ્લભદાસ જેઠાલાલ મહેતાના દીકરી. ગુણવંતી રસિકલાલ પારેખ, સ્વ. ઇશ્વરલાલ-લતા અને પ્રતાપરાય-શારદા વોરાના ભાઇના પત્ની. ચારુ-મિનેષ, જલ્પા-સંજય અને પદ્મજા-સંજય વસઇલાલના કાકી. કુમુદ, પ્રતિમા, દક્ષા, ઉદય-નીલાના મોટાબેન. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૮-૧૧-૨૪ સાંજે ૫થી ૭. ઠે. ઓરિસ સેરેનીટી બેંકવેટ હોલ, ઇકો ડેક (ઝીરો છે.-ફલોર) સિલ્વર ઓક રેસ્ટોરન્ટ નજીક, મલાડ (વેસ્ટ).

**કોળી પટેલ**

ગામ ખરસાડ (હાલ બોરીવલી) સ્વ. દમયંતીબેન (ઉં.વ.૭૪) તા. ૨૩-૧૧-૨૪ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. સ્વ. રવજીભાઇ બુધાભાઇના પત્ની. પ્રવિણા, રેખા, મનીષના માતા. સ્વ. જીવણભાઇ ડાહ્યાભાઇની પુત્રી. સ્વ. છગનભાઇ, ગં. સ્વ. ભાનુબેનના દેરાણી. હરીશ, પ્રવીણ, હેમાના સાસુ. ખુશ્બુ, ગૌરવ, વેદના નાની. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૭-૧૧-૨૪ બુધવારે ૩થી ૫. તથા પુષ્પાણી તા.૪-૧૨-૨૪ બુધવાર ૩થી ૫. નિવાસસ્થાનેઃ રૂમ નં-એ, ૭ અજિત નગર શિંપોલી વીલેજ, બોરીવલી (વે.), લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુતાર**

ગામ દાભાળા જીરા હાલ મીરારોડ વ્રજલાલ બાબુભાઈ વાળા (ઉં. વ. ૭૩) તે ગં.સ્વ. જ્યોત્સનાબેનના પતિ. ચેતનભાઈ, દક્ષાબેન હસમુખકુમાર ડોડીયા, સંગીતાબેન (સોનુ)ના પિતાશ્રી. શક્તિબેન (રૂપલ)ના સસરા. સ્વ. અરવિંદભાઈના ભાઈ. સ્વ. નાગજીભાઈ ભૂરાભાઈ કવા (કાલાવાડ)ના જમાઈ. ઉર્વી, સાહિલ, ખનકના દાદાશ્રી. રવિવાર તા. ૨૪-૧૧-૨૪ના શ્રીરામચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૨૮-૧૧-૨૪ના ૫ થી ૭. શ્રી લુહાર સુતાર હિતેચ્છક મંડળ મુંબઈ, વિશ્વકર્મા ચોક, અંબાજી મંદિરની બાજુમાં, દત્તપાડા મેઈન રોડ, બોરીવલી (ઈસ્ટ).

**પુષ્કર્ણા બ્રાહ્મણ**

ગં.સ્વ. કૃષ્ણાબેન અમૃતલાલ જોશી (કેવરીયા) ગામ નલિયા હાલ ભાયંદર તે સ્વ. જીતેન્દ્ર, જયંતના માતુશ્રી. ગં.સ્વ. જાગૃતિ, ઉષાબેનના સાસુ. સ્વ. જ્યોતી કનકસિંહ બોડા, ભાવનાબેન અશ્વિન શેઠ, રાગીણી મિનેશ જાનીના માતા. રાહુલ, જીગ્નેશ, જુગલ વૈશાલી, ખુશ્બુના દાદી. જીતના પરદાદી. તા. ૨૫-૧૧-૨૪ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. નિવાસસ્થાનઃ શ્રી ડિગવિજય કેબીન ક્રોસ રોડ, બી/૨૦૭ સરસ્વતી સ્કૂલની સામે, ભાયંદર (ઈસ્ટ).

**કચ્છી મોઢ વણિક**

તુષાર (ઉં. વ. ૫૭) ગામ અંજાર (કચ્છ) હાલે માટુંગા તે રંજનબેન હસમુખ કરસનદાસ મહેતાના પુત્ર. સોનલબેનના પતિ. બંસી, દેવાંશીના પિતા. મનીષભાઈના ભાઈ. સ્વ. ભારતીબેન હર્ષદરાય વડોદરિયાના જમાઈ. છાયાબેનના જેઠ. સોમવાર તા. ૨૫-૧૧-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૨૮-૧૧-૨૪ના ૫.૩૦થી ૭, નપ્પુ હોલ, નપ્પુ ગાર્ડન પાસે, ચંદાવરકર રોડ, માટુંગા (ઈસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

ભાવનગર નિવાસી હાલ મલાડ સ્વ. અમૃતલાલ લક્ષ્મીદાસ જાજલના પુત્ર સુરેન્દ્રભાઈ અમૃતલાલ જાજલ (ઉં. વ. ૬૭) તા. ૨૫-૧૧-૨૪, સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તે ઉષાબેનના પતિ. અલ્પેશભાઈ, ફાલ્ગુનીબેન રાજેશકુમાર, કૃપાબેન વિપુલકુમારના પિતાશ્રી. મહેન્દ્રભાઈ, જીગ્નેશભાઈ, મીનાબેન મહેન્દ્રકુમાર, લતાબેન વિજયકુમાર, હર્ષાબેન રાજેશકુમારના ભાઈ. ભાવનગર નિવાસી સ્વ. જયંતિલાલ વનમાળીદાસ જગડના જમાઈ. બાબરાવાળા જાદવજી હંસરાજ છાટબારના ભાણેજ.

# પારસી મરણ

પરવીઝ અદી મિસ્ત્રી (ઉં. વ. ૮૬) તા. ૨૬-૧૧-૨૪એ ગુજરી ગયા છે. તે મરહૂમ અદીના વાઈફ. મરહૂમ મહેરબાનુ અને મરહૂમ ફરામરોઝના દીકરી. ઝુબીન અને ઝેલડાના મધર. ખુરશીદ અને ટેરેસાના સાસુ. ઝેયસ, ઝોરાન, ઝોય, આઈઝલના દાદી. ઉઠમણું તા. ૨૭-૧૧-૨૪ બપોરે ૩.૪૦ વાગ્યે.

ફ્રેની કેકી ભરુચા તે મરહુમ કેકીના ધન્યાની. તે મરહુમો ઓસતી તેહમીના એરવદ સોરાબજી મીરઝાના દીકરી. તે કેતાયુન સામ અમરીયા, એરવદ કયોજી, સોરાબજી મીરઝા, મરહુમો એરવદ અરદેશીર, આલુ ને દોલતના બહેન. તે મરહુમ રોદા રતન મેહતાના ભાભી. તે મરહુમો દારા ને ફરેદુનના જેથ. તે હોમીયાર રતન મેહતા, હુમા વીરફ કુરાનીના મામી. (ઉં. વ. ૮૬) રે.ઠે. ૩૦૧, મોહમદી મીનાર, ત્રીજે માળે, ૧૪મી ખેતવાડી લેન, મુંબઈ-૪૦૦૦૦૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૭-૧૧-૨૪ને દિને બપોરે ૩.૪૫ વાગે ઉપરની ભાભા નં. ૨ બંગલીમાં ડુંગરવાડી.

**સિકંદરાબાદ**

સિલ્લુ અદી કાંગા (ઉં. વ. ૮૬) તા. ૯ નવેમ્બરે ગુજરી ગયા છે. તે મરહૂમ અદી બરજોરજી કાંગાના વાઈફ. રાશીદ અને ફરીદાના મધર. શિર્લીના સાસુ. કરિશ્મા, રોક્સાન અને ફર્ઝાનાના દાદી.

# જૈન મરણ

**સ્થાનકવાસી જૈન**

ખાંભા નિવાસી હાલ ડોંબીવલી સ્વ. જયાલક્ષ્મીબેન દલપતરાય દોશીના પુત્ર જગદીશભાઈ દોશી (ઉં. વ. ૭૦) તે શિતલબેનના પતિ. જય, સ્મૃતીના પિતા. યેશા, બિરેન્દ્ર ઠાકુરના સસરા. પ્રદીપભાઈ તથા સ્વ. કિશોરભાઈના ભાઈ. રાઘવના નાના તા. ૨૫-૧૧-૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૮-૧૧-૨૪ના ૩ થી ૫ પારસધામ, ઘાટકોપર (ઈસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ભુજપુરના અજય નેમચંદ ગાલા (ઉં. વ. ૫૫) તા. ૨૪-૧૧-૨૪ના અવસાન પામેલ છે. માતુશ્રી નેણબાઈ ટોકરશીના પૌત્ર. જયા નેમચંદના પુત્ર. નીપા, કાર્તિકના ભાઈ. બિદડાના સોનબાઈ વેલજી પોલડીયાના દોહિત્ર. ભાવયાત્રા : રાજસ્થાન હોલ, ૬૦ ફીટ રોડ, નવરંગ હોટલની બાજુમાં, ભાયંદર વેસ્ટ. ટા. બપોરના ૨ થી ૫. નિવાસ : કાર્તિક નેમચંદ ગાલા, ૭૦૪, ન્યુ રિધ્ધી સિધ્ધી ટાવર, ૬૦ ફીટ રોડ, ભાયંદર (વેસ્ટ)-૪૦૧૧૦૧.

**ગોડવાલ ઓસવાલ જૈન**

ઘાણેરાવ નિવાસી હાલ બોરીવલીના સ્વ. સોહનલાલજી વાલચંદજી કોઠારીના ધર્મપત્ની સવિતાબેન કોઠારી (ઉં. વ. ૭૯) ૨૫/૧૧/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે ફેન્સીબાઈ, મંજુ, શકુંતલા, પ્રવીણા, ઉષા, મદનરાજ, સુરેશ, ભૂપેશના માતુશ્રી. નિરૂપમા, રેખા, સંગીતાના સાસુ. પિયરપક્ષે સાદડીવાળા સ્વ.લાલચંદજી ક્રિષ્નાજી કરબાવાળાની દીકરી. ભાવયાત્રા ૨૭/૧૧/૨૪ના ૧૧ થી ૧. વર્ધમાન સ્થા જૈન સંઘ, સર્વોદય હોલ, એલ ટી રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી વેસ્ટ.

પ્રાર્થનાસભા તા. ૨૭-૧૧-૨૪, બુધવારના ૪ થી ૬. પારેખ હોલ, જીતેન્દ્ર ક્રોસ રોડ, જૈન મંદિર પાસે, મલાડ (ઈ).

**ભટ્ટ મેવાડા બ્રાહ્મણ સમાજ**

અ. સૌ.ગીતાબેન વસંત ભટ્ટ, તે. કિરણ ભટ્ટ, નીખીલ ભટ્ટ, મનીષાબેન ધર્મેન્દ્ર જોશી, મિત્તલબેન ભટ્ટ, મેઘનાબેન મયુર જોશીના માતૃશ્રી તા.૨૪.૧૧.૨૪ ના રોજ એકલિંગજી શરણ થયેલ છે. તેમની પ્રાર્થના તા.૨૮.૧૧.૨૦૨૪ સાંજે ૫ થી ૭ નીચેના સ્થળે રાખેલ છે. પિયર પક્ષ ની પણ અરવિંદભાઈ એ જોશી અને મહેશભાઈ એ જોશી વ્યાસ વાસણા તરફથી સાથે રાખેલ છે. બાપ્સ સ્વામીનારાયણ સંસ્કાર કેન્દ્ર, તન્વી ડાયમોડા, બી-૩૦૨, ડાયમોડા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ બીલ્ડીંગ, દહીંસર પેટ્રોલ પંપ નજીક, એસ.વી.રોડ, દહીંસર ઈસ્ટ.

**શ્રીમાળી બ્રાહ્મણ**

મૂળ લિખી નિવાસી હાલ વસઈ વસંતભાઈ વ્યાસ (ઉં. વ. ૬૯) તે સ્વ.દલસુખરામ તથા સ્વ. શાંતાબેન વ્યાસના પુત્ર. નયનાબેનના પતિ. હરદીપ તથા વૈશાલીના પિતા. સ્વ.કાંતિભાઈ, ભરતભાઈ, સ્વ. નિર્મળાબેન, ઉષાબેન, ઇન્દુબેન, મંજુલાબેન, સુમીબેન, મીનાબેન, ભારતીબેન, માયાબેનના ભાઈ. સ્વ. દોલતરાય તથા ચંપાબેનના જમાઈ તે ૨૩/૧૧/૨૪ના કૈલાશવાસી થયેલ છે. પ્રાર્થનાસભા ૨૮/૧૧/૨૪ના ૪ થી ૬. તેરા પંથ ભવન, કે ટી વાડીના બાજુમાં, કે ટી વિલેજ, ૬૦ ફિટ રોડ, વસઈ વેસ્ટ.

**કપોળ**

ભરુચવાળા (લાઠી) હાલ કાંદિવલીના ઈન્દ્રવદન મગનલાલ રેવાદાસ મોદી (ઉં. વ. ૮૮) સ્વ. પુષ્પાબેનના પતિ. જ્યોત્સના સુનીલકુમાર મોદી, અમરેષ, સંજય, આષીશના પિતા. છાયા તથા પ્રનાલીના સસરા. સ્વ.પ્રવીણચંદ્ર મગનલાલ મોદીના મોટાભાઈ. જાફરાવાદવાળા સ્વ. જીવરાજ રાઘવજી વોરાના જમાઈ. સોમવાર તા.૨૫.૧૧.૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

મહુવાવાળા હાલ ઘાટકોપર સ્વ. મંછાબેન ધીરજલાલ લવજીભાઇ પારેખના પુત્રી ચંદ્રિકા (ઉં. વ.૭૫) તે વિજયભાઇ સ્વ. ઇન્દુબેન પ્રવીણભાઇ બુસા-સ્વ. મુદુલાબેન ધીરજલાલ પારેખ-શકુંતલાબેન જશવંતરાય મહેતાના બેન. મોસાળ પક્ષે મહુવાવાળા સ્વ. ત્રિભોવનદાસ ખીમજીભાઇ ગાંધીના ભાણેજ. તે ઉષાબેનના નણંદ. તે નિકુંજ-મમતા, દર્શના દિપેશ ગોરડીયા-પૂજા ભાવીન કાચરીયાના ફઇ. તા. ૨૫-૧૧-૨૪ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તા ૨૮-૧૧-૨૪ ગુરુવારના બાલકનજીબારી હોલ, રાજાવાડી ગાર્ડનની સામે, ઘાટકોપર (ઇસ્ટ), સાંજે ૫થી ૭, બન્ને પક્ષની પ્રાર્થનાસભા રાખેલ છે. સર્વે લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કપોળ**

અમરેલીવાળા હાલ ભાયંદર સ્વ. કાંતિલાલ મોહનલાલ ગાંધીના ધર્મપત્ની મીનાક્ષીબેન (ઉં. વ. ૭૭) તે ધવલના માતુશ્રી. ભાવિશાના સાસુ. તે કેયા અને જયના દાદી. તે સ્વ. મનસુખલાલ તુલસીદાસ મોદીની દીકરી. સ્વ. મુક્તાબેન ગુલાબરાય ગાંધી, ગં. સ્વ. નિર્મલાબેન ઇશ્વરદાસ ગાંધીના દેરાણી. તે સુશીલા, મૃદુલા, વર્ષા, સ્વ. પ્રદીપભાઇના બહેન, તા.૨૩-૧૧-૨૪ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે. પ્રાર્થનાસભા તા. ૨૮-૧૧-૨૪ ગુરુવારના ૫થી૭. ઠે. રાધા માધવ કો.હા.સો, ૧૫૦ ફીટ રોડ, એચડીએફસી બેન્કની પાછળ, ભાયંદર (વેસ્ટ).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# વીમા ક્ષેત્રે ધરખમ પરિવર્તનના પડઘમ

## વીમા ઉદ્યોગમાં કાર્યદક્ષતા અને સ્પર્ધા તેમ જ ગ્રાહકો માટે સુગમતા વધવાની અપેક્ષા

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com




ભારતીય વીમા ઉદ્યોગ ક્ષેત્રે ટૂંક સમયમાં ધરખમ પરિવર્તનનો વાયરો ફૂંકાવાની તૈયારી છે. ઉદ્યોગ નિરીક્ષકો એવી અપેક્ષા રાખે છે અને સરકારનો એવો દાવો છે કે આગામી દિવસોમાં વીમા ક્ષેત્રે યોજનાબદ્ધ ફેરફારો અમલી બનવાથી ઉદ્યોગમાં કાર્યદક્ષતા અને સ્પર્ધા તેમ જ ગ્રાહકો માટે સુગમતા વધવાની અપેક્ષા રાખી શકાય!

ભારત સરકાર વિશ્વની ટોચની કંપનીઓને આકર્ષવા અને દેશમાં વીમા પ્રસારને વેગ આપવાનો ઉદ્દેશ્ય રાખીને વીમા ક્ષેત્રમાં ૧૦૦ ટકા સીધા વિદેશી રોકાણને મંજૂરી આપવા તૈયારી કરી રહી છે.

આ પ્રસ્તાવ સામે ભૂતકાળમાં ઘણો વિરોધ પણ થયો હતો અને વિવાદ પણ થયો હતો. જોકે, એકંદરે ઉદ્યોગ અને ગ્રાહકો માટે આ ડોલરોનો આવક પ્રવાહ લાભદાયી જ રહેવાની સર્વસાધારણ માન્યતા પ્રસ્થાપિત થઇ છે.

વાસ્તવમાં આ પગલું, આગામી વીમા સુધારા બિલનો એક ભાગ છે, જે એજન્ટોને બહુવિધ કંપનીઓની પોલિસી વેચવાની પણ મંજૂરી આપશે, જે બજારની કાર્યક્ષમતા અને ગ્રાહકની પસંદગીમાં વધારો કરશે.

ભારત સરકાર વીમા ઉદ્યોગોમાં ૧૦૦ ટકા વિદેશી સીધા રોકાણ (એફડીઆઇ)ને મંજૂરી આપીને વીમા ઉદ્યોગમાં વ્યાપક ફેરફારો લાવવાની તૈયારી કરી રહી છે. આ સંભવિત સીમાચિહ્નરૂપ પગલું વીમા ક્ષેત્રના વૈશ્વિક ખેલાડીઓ માટે ભારતીય બજારમાં સ્વતંત્ર રીતે પ્રવેશવાના દરવાજા ખોલશે જ્યારે વ્યક્તિગત વીમા એજન્ટોને બહુવિધ કંપનીઓની પોલિસી વેચવાની છૂટ પણ આપશે.

આ પગલાં વીમા સુધારા બિલનો એક ભાગ છે, જે સંસદના આગામી શિયાળુ સત્ર દરમિયાન રજૂ કરવામાં આવશે. આ પગલું ૨૦૪૭ સુધીમાં બધા માટે વીમો (ઇન્સ્યુરન્સ ફોર ઓલ)નો લક્ષ્યાંક હાંસલ કરવાના સરકારના વ્યાપક ધ્યેય સાથે અનુરૂપ છે.

તાજેતરમાં ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ઇરડાઇ)ના ચેરમેન દેબાશીશ પાંડા દ્વારા પણ આ બાબત પર ભાર મૂકવામાં આવ્યો હતો. નવા ખેલાડીઓ સાથે વીમા બજારનું વિસ્તરણ ઉદ્યોગ અને ગ્રાહકો બંને માટે લાભદાયી નિવડવાની આશા છે.

વીમા કંપનીઓ માટે વર્તમાન પ્રત્યક્ષ વિદેશી રોકાણ (એફડીઆઈ)ની મર્યાદા ૭૪ ટકા છે, મધ્યસ્થીઓ પહેલાથી જ હળવા પ્રતિબંધોનો આનંદ માણી રહ્યા છે. આ ક્ષેત્રમાં હાલમાં ૨૪ જીવન ઇન્સ્યોરન્સ પ્રોવાઇડર્સ, ૨૬ જનરલ ઇન્સ્યોરન્સ કંપનીઓ, છ સ્ટેન્ડ અલોન હેલ્થ ઇન્સ્યુરન્સ કંપનીઓ અને એક રિઇન્સ્યોરર, જનરલ ઇન્સ્યોરન્સ કોર્પોરેશનનો સમાવેશ થાય છે.

એફડીઆઇની મર્યાદાને ૧૦૦ ટકા સુધી વધારીને સરકાર મૂડી આધારિત ઉદ્યોગમાં નીતિઓ અન્ડરરાઇટ કરવા માટે આવશ્યક નાણાકીય તાકાત ધરાવતા નવા ખેલાડીઓને આકર્ષવાનો ધ્યેય ધરાવે છે.

આ પગલું, આ ક્ષેત્રમાં પહેલેથી જ પ્રભુત્વ ધરાવતાં સ્ટેટ બેન્ક, આઇસીઆઇસીઆઇ, એચડીએફસી, ટાટા અને બિરલા જેવા સ્થાનિક હેવીવેઇટ્સ ખેલાડીઓને પૂરક બને એવી સરકારની અપેક્ષા છે.

નોંધનીય છે કે, કેટલાક વિદેશી ખેલાડીઓ જેમ કે એલિયાન્ઝ, જે તેના ભારતીય ભાગીદાર બજાજ ફિનસર્વ સાથે અલગ થવાની યોજના બનાવી રહી છે, તે હવે સ્વતંત્ર રીતે ભારતીય બજારમાં પ્રવેશવાનું વિચારી શકે છે.

એફડીઆઇ દરખાસ્ત ઉપરાંત, એજન્ટોને બહુવિધ કંપનીઓની પોલિસીઓ સીધી રીતે વેચવાની મંજૂરી આપવી એ બજારને સુવ્યવસ્થિત કરવા તરફનું એક પગલું છે. હાલમાં, એજન્ટો અન્ય કંપનીઓ સાથે કામ કરવા માટે પરિવારના સભ્યોની નોંધણી કરીને પ્રતિબંધને બાયપાસ કરે છે. નવો નિયમ આ પ્રથાને ઔપચારિક બનાવશે, જે એજન્ટો માટે પારદર્શક અને અસરકારક રીતે કામ કરવાનું સરળ બનાવશે.

ભારતમાં વીમાના પ્રસારને વેગ આપવા માટે નવા પગલાં લેવાઇ રહ્યાં છે. ભારતમાં વીમા પ્રસાર ચાર ટકાના નીચા સ્તરની આસપાસ છે અને સરકાર તેમાં નોંધપાત્ર પ્રગતિ કરવા આતુર છે. આ માટે કેટલાક વધારાના સુધારાઓ પાઇપલાઇનમાં છે.

આમાંના એક પગલા હેઠળ વીમા નિયામક ઇરાડાએ વીમા કંપનીઓને સંયુક્ત લાઇસન્સ મેળવવા માટે સક્ષમ બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જે એક જ કંપનીને લાઇફ અને નોનલાઇફ ઇન્સ્યોરન્સ, બંને પોલિસી જારી કરવાની મંજૂરી આપે. આ ફેરફાર ખાસ કરીને સરકારી માલિકીની લાઇફ ઇન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા જેવી સંસ્થાઓને લાભ આપી શકે છે, જે તેની ઓફરિંગમાં વૈવિધ્ય લાવવા માટે આરોગ્ય વીમા પેઢી હસ્તગત કરવા આતુર છે.

વધુમાં, સોલ્વન્સી જરૂરિયાતોને હળવી કરવાની દરખાસ્તોનો હેતુ વીમા કંપનીઓ માટે મૂડી છૂટી કરવાનો છે, જેથી આ કંપનીઓની પોલિસી અન્ડરરાઈટ કરવાની ક્ષમતામાં વધારો થઇ શકે. ઇરડાએ આ મહિનાની શરૂઆતમાં ૨૦૪૭ સુધીમાં સાર્વત્રિક વીમા કવરેજ હાંસલ કરવા માટે નોંધપાત્ર મૂડી રોકાણની જરૂરિયાતનો પુનરોચ્ચાર કર્યો હતો.

મૂડી પરના ક્ષેત્રની નિર્ભરતાને સ્પષ્ટ કરતા, ઇરડાના ચીફે કોન્સેલિડેશનના ભોગે પણ નવા ખેલાડીઓને આકર્ષવાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. તેઓ કહે છે કે આપણે પુષ્કળ મૂડીની જરૂર છે, જેનો અર્થ એ છે કે ઘણી બધી નવી કંપનીઓની જરૂર છે. જો એફડીઆઇ માર્ગ પણ ખોલવામાં આવે તો તે સ્થાનિક રોકાણમાં પણ વધારો કરશે. ઇરડાએ સરકારને ૧૦૦ ટકા એફડીઆઇને મંજૂરી આપવા વિનંતી એટલે જ કરી છે કે, જેથી વિદેશી ખેલાડીઓ ભારતીય ભાગીદારોની જરૂર વગર સ્વતંત્ર રીતે કામ કરી શકે.

સરકારના પ્રસ્તાવિત સુધારાઓ ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવાના ભારતના વિઝન સાથે સુસંગત છે. આ ક્ષેત્રના દ્વાર ૧૦૦ ટકા એફડીઆઇ માટે ખોલીને અને માળખાકીય સુધારાઓ દાખલ કરીને, સરકાર વૈશ્વિક રોકાણને આકર્ષિત કરવાની, નવીનતાને પ્રોત્સાહિત કરવાની અને વીમાને વસતિના મોટા વર્ગ માટે સુલભ બનાવવાની આશા રાખે છે.

આ વ્યાપક ફેરફારો વીમા ક્ષેત્રમાં સ્પર્ધાને વધુ તીવ્ર બનાવશે, ગ્રાહકોને વધુ સારાં ઉત્પાદનો અને સેવાઓનો લાભ આપશે. ધનના ઢગલાં ધરાવતાં વિદેશી ખેલાડીઓની એન્ટ્રી પણ નવીનતા અને કાર્યક્ષમતાને પ્રોત્સાહન આપશે, જ્યારે એજન્ટો માટે હળવાં ધોરણો અને સોલ્વેન્સી જરૂરિયાતો બજારને વધુ ગતિશીલ બનાવશે. ■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

# અશ્વત્થામા જેવા શાસકોને લીધે વિશ્વ અણુયુદ્ધના ઉંબરે?

રિપબ્લિકન પાર્ટીનાં ઉમેદવાર અને અમેરિકાનાં ઉપપ્રમુખ કમલા હેરિસને જબરદસ્ત શિકસ્ત આપીને ઐતિહાસિક અને અભૂતપૂર્વ વિજય મેળવ્યો છે. વીસ જાન્યુઆરી સુધી સંક્રમણ કાળ છે .નવા રાષ્ટ્રપ્રમુખ પોતાનો હોદ્દો સંભાળે એ દરમિયાન અમેરિકાના હાલના પ્રમુખ જો બાઈડેન આ કાળનો ફાયદો ઉઠાવીને ટ્રમ્પને માટે મુશ્કેલીઓ ઊભી કરી રહ્યા છે.

યુક્રેન લાંબા સમયથી માગણી કરતું હતું કે અમેરિકા અને નાટોના દેશો જે હથિયારો આપે છે એને ફક્ત આત્મસંરક્ષણ માટે જ ઉપયોગમાં લેવાની શરત કાઢી નાખે, પરંતુ બાઈડેન અને યુરોપના દેશોએ રશિયા નારાજ ન થાય એ માટે આ પરવાનગી ન આપી,જ્યારે અમેરિકાના નવા ચૂંટાયેલા પ્રમુખ ટ્રમ્પે જાહેર કર્યું છે કે હું રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ એક દિવસમાં રોકી દઈશ. ટ્રમ્પના માર્ગમાં અડચણ ઊભી કરવા બાઈડેને પોતાની રાજકીય પાનખરમાં યુક્રેનને હથિયારોનો રશિયાના ક્ષેત્રમાં પ્રહાર કરવાની છૂટ આપી. આને લીધે વિશ્વભરમાં ગમે ત્યારે અણુયુદ્ધ શરૂ થઈ જાય એવા ભયનાં વાદળાં ઘેરાયાં છે. રશિયાના પ્રમુખ વ્લાદીમીર પુતિને તો અમેરિકા પર ભડકીને અણુહથિયારોનો ઉપયોગ કરવાની ધમકી- ચીમકી આપી દીધી છે. રશિયાએ હાલમાં જે વિનાશકારી મિસાઈલનો ઉપયોગ કર્યો છે એનાથી યુક્રેનમાં જ નહીં, પરંતુ અમેરિકાના યુરોપિયન સાથી દેશોમાં ખળભળાટ મચી ગયો છે.



રશિયાના આ પ્રાયોગિક મિસાઈલની રેન્જ ૫,૫૦૦ કિલોમીટર છે. આનો અર્થ એ થયો કે રશિયા તેના ક્ષેત્રમાંથી યુરોપના કોઈ પણ શહેરને લક્ષ્ય બનાવી શકે છે. આ મિસાઈલના ઉપયોગને લીધે યુદ્ધ વધુ ભીષણ બનશે.

યુક્રેનના હવાઈ દળે શરૂઆતમાં કહ્યું હતું કે આ ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઈલ હતી. મોસ્કોએ આ મિસાઈલ લોન્ચ કરતાં પહેલાં અમેરિકાને જાણ કરી હતી. યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કી કહે છે કે આ નવી મિસાઈલનો ઉપયોગ હાલના યુદ્ધને વધુ ભડકાવાનો પ્રયાસ છે અને આખા વિશ્વે આની આલોચના કરવી જોઈએ. ઝેલેન્સ્કી કહે છે કે રશિયન ધરતી પર ઉત્તર કોરિયાના સૈનિકોને બોલાવીને રશિયાએ જંગને ભીષણ બનાવવાની કોશિશ કરી છે. આ હુમલો બતાડે છે કે રશિયાને શાંતિમાં કોઈ રસ નથી. યુક્રેનને રશિયા પર હુમલો કરવાની છૂટ આપી ત્યારે એના કારણ તરીકે બાઈડેને ઉત્તર કોરિયાના જવાનોની રશિયામાં હાજરીનું કારણ આપ્યું હતું. અમેરિકાએ કીવ-યુક્રેનને આ રશિયન મિસાઈલના હુમલાની આગોતરી જાણ કરી હતી.

રશિયાના આ મિસાઈલે યુક્રેનમાં કાળો કેર વરસાવ્યો હતો. આ મિસાઈલ અણુબોમ્બનું વહન કરવાની ક્ષમતા ધરાવે છે. રશિયાના પ્રમુખે કબૂલાત કરી છે કે મોસ્કોએ નવા બેલિસ્ટિક મિસાઈલ હુમલા વડે યુક્રેનના લશ્કરી મથક પર હુમલો કર્યો હતો. પુતિન કહે છે કે અમે નવી બેલિસ્ટિક મિસાઈલ જેનું નામ 'ઓરેશિન્ક' છે જેના વડે હુમલો કર્યો હતો. અમેરિકાએ ઈન્ટરમિડિયેટ અને ટૂંકા ગાળાની મિસાઈલનું ઉત્પાદન કરવાની અને એને યુરોપ અને એશિયામાં ગોઠવવાની યોજના કરી છે એનો આ જવાબ છે. રશિયા અમેરિકાના આક્રમક પગલાંનો નિર્ણાયક રીતે અને પદ્ધતિસર રીતે જવાબ આપશે.

ટ્રમ્પના અગાઉના શાસનકાળ વખતે ઈન્ટરમિડિયેટ રેન્જ ન્યુક્લિયર ફોર્સિસ (આઈએનએફ) સંધીને રદ કરવાના પગલાંને તંગદિલી માટે દોષ દેતાં રશિયાના પ્રમુખે કહ્યું હતું કે અમેરિકાએ ૨૦૧૯માં આ સંધી એકપક્ષી રીતે રદ કરીને મોટી ભૂલ કરી છે. ટ્રમ્પે ત્યારે સંધી રદ કરવા માટે એવું કારણ આપ્યું હતું કે મોસ્કો આ સંધીનો ભંગ કરી રહ્યું છે. મોસ્કોએ આ આક્ષેપને બેબુનિયાદ ગણાવ્યા હતા.

અમેરિકાના પેન્ટાગોન પણ કહે છે કે આ લાંબા રેન્જની ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઈલ (આઈસીબીએમ) નહોતી. આ મિસાઈલ ઈન્ટરમિડિયેટ રેન્જ બેલિસ્ટિક મિસાઈલ (આઈઆરબીએમ) હતી. અમેરિકાએ આ સાથે કહ્યું હતું કે રશિયાએ આ મિસાઈલ તેની આઈઆરબીએમ બેઝના આધારે બનાવી છે. અહીં એ જાણવું રસપ્રદ છે કે આઈસીબીએમની રેન્જ ૫,૫૦૦ કિલોમીટર અને એનાથી વધારે હોય છે, જ્યારે આઈઆરબીએમની રેન્જ ૩,૫૦૦થી ૫,૫૦૦ કિલોમીટરની છે.

પેન્ટાગોને નવી પ્રયોગિક મિસાઈલ વિશે જે ટેક્નિકલ માહિતી આપી છે એ વિશ્વને અણુયુદ્ધના ઉંબરે લાવે છે. પેન્ટાગોન કહે છે કે આ અતિશય વેધક મિસાઈલ છે જે અણુહથિયારોનું વહન કરી શકે છે. રશિયા પાસે હાલમાં તો આ પ્રકારની જૂજ મિસાઈલ છે. સંરક્ષણ નિષ્ણાતો કહે છે કે આ મિસાઈલ સ્વતંત્ર રીતે અનેક લક્ષ્યો ભેદવા સમર્થ વેહિકલ ધરાવે છે. આમાં એટમિક પેલોડનું પણ વહન થઈ શકે છે.

અમેરિકાએ યુક્રેનને મિસાઈલ વડે રશિયા પર હુમલો કરવાની આપેલી છૂટ 'બાર વર્ષે બાવો બોલ્યો' જેવી છે. આ છૂટ એક વર્ષ પહેલાં જ આપવી જોઈતી હતી. ઈઝરાયલના હિજબુલ્લા અને હમાસ સામેના જંગમાં ઈરાનના સાથીદારો ઈઝરાયલને વિવિધ મિસાઈલ અને રોકેટ હુમલા વડે હંફાવી રહ્યા છે. ઈઝરાયલ આનાથી એટલું પરેશાન થઈ ગયું છે કે તેનું ભૂદળ લેબેનોનમાં આગેકૂચ કરી શક્યું નથી અને તે હવે અમેરિકાની મદદથી લેબેનોન પર યુદ્ધવિરામની સંધી લાદવા માગે છે. જો યુક્રેનને રશિયા પર મિસાઈલ વડે હુમલો કરવાની છૂટ અપાઈ હોત તો રશિયા યુક્રેનમાં આટલું બધું આગળ ન વધી શક્યું હોત.

યુક્રેને હવે મિસાઈલ વડે રશિયા પર હુમલા કરવાનું ચાલુ કર્યું છે. તેને ડરાવવા રશિયાએ તેની નવી શક્તિશાળી મિસાઈલ છોડી હતી. રશિયાએ યુક્રેનનાં બંદરોની ૩૨૧ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસિલિટીને અને ૨૦ વિદેશી મર્ચન્ટ શિપ ખતમ કરી છે. હવે કુર્સ્કના ૪૦ ટકા પ્રદેશ પર રશિયાનો કબજો છે. 'નાટો' કહે છે કે રશિયા નાગરિકો અને યુક્રેનના સાથી દેશોને ડરાવવા માગે છે. રશિયાના મિસાઈલ છોડવાના પગલાંથી યુદ્ધનું પરિણામ નહીં બદલાય તથા 'નાટો' યુક્રેનને ટેકો આપવાનું માંડી નહીં વાળે.

રશિયાના ઉત્તેજિત અને આક્રમક થવાના બીજાં પણ કેટલાંક કારણ છે. અમેરિકાએ ઉત્તર પોલેન્ડમાં નવો બેલિસ્ટિક મિસાઈલ ડિફેન્સ બેઝ ઊભો કર્યો છે. આ મથક 'નાટો' ની મિસાઈલ હુમલા સામેની ઢાલ છે. બીજું અમેરિકા અને જર્મનીએ એવી સંમતિ સાધી છે કે ૨૦૨૬માં જર્મનીમાં અમેરિકા લાંબા રેન્જની મિસાઈલ ગોઠવશે. આનાથી પણ રશિયા ધુંઆફુંઆ થઈ ગયું છે. ઉત્તર કોરિયાના કિમ જોન્ગ ઉન અને રશિયાના પ્રમુખ પુતિન બન્ને સરમુખત્યાર છે. આ બન્ને સત્તાધીશ કોઈનું સાંભળતા નથી અને અણુયુદ્ધની ધમકી આપ્યા કરે છે. આટલું અધૂરું હોય તેમ, અમેરિકાના નવા ચૂંટાયેલા પ્રમુખ ટ્રમ્પની વિચારસરણી સરમુખત્યારની છે. એ તો બેધડક પુતિન અને કિમના વખાણ કરે છે. આ નેતાઓ અકળ અને તરંગી છે.

બીજી બાજુ ઈઝરાયલ અને ઈરાનના યુદ્ધમાં પણ તંગદિલી વધી છે. ઈઝરાયલના વડા પ્રધાન નેતન્યાહુ ચોમેરથી ભીંસમાં છે. ઈઝરાયલ પાસે ૪૦ જેટલા અણુબોમ્બ છે. ટ્રમ્પે એમની પહેલી મુદતમાં જ જાહેર કર્યું હતું કે ઈરાન પાસે અણુહથિયારો બનાવવાની ક્ષમતા છે. ઈરાને ઈઝરાયલ પર વળતો હુમલો કરવાની ચીમકી દોહરાવી છે. એટોમિક પાવર ધરાવતા દેશો આખી પૃથ્વીનો અનેક વાર વિનાશ કરી શકે એટલાં હથિયારો ધરાવે છે. યુરોપના દેશોએ તો પોતાના નાગરિકોને અણુહુમલો થાય તો શું કરવું એનું પ્રશિક્ષણ આપવાનું ચાલુ કર્યું છે.

મહાભારતના યુદ્ધ વખતે અશ્વત્થામા અને અર્જુને બ્રહ્માસ્ત્ર છોડ્યા હતા. ત્યારે નારદ અને વ્યાસ ઋષિએ બન્ને બ્રહ્માસ્ત્રને પોતાની યોગશક્તિ વડે અટકાવી દીધા હતા. અર્જુને તો બ્રહ્માસ્ત્ર પાછું લીધું, પરંતુ અશ્વત્થામાએ તેને ઉત્તરાના ગર્ભ તરફ વાળ્યું હતું. ભગવાન શ્રીકૃષ્ણે ગર્ભમાં રહેલા પરિક્ષિતનું રક્ષણ કર્યું હતું. વિધિની વક્રતા એ છે કે આજે ૨૧મી સદીમાં ન તો નારદ કે વ્યાસ જેવા ઋષિ છે કે નથી સમજદાર યોદ્ધા... અહીં તો મહાવિનાશ કરવા તત્પર અશ્વત્થામા જેવા શાસકોનો રાફડો ફાટ્યો છે. ■

સાયબર સાવધાની
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# પોલીસ અફસરની સજજતાએ એક મહિલાને છેતરાતાં બચાવી

સાયબર ફ્રોડ કહો કે ઓનલાઈન ચિટિંગ પણ એનાથી વ્યક્તિ કેવી-કેટલી ભયાવહ સ્થિતિમાં ફસાઈ શકે છે એનો એક વધુ ચોંકાવનારો કિસ્સો જાણીએ, સમજીએ અને એમાંથી કંઈક શીખીએ-શીખવાડીએ.

કોલ્હાપુરની મધ્યમ વયની વિધવા મહિલાને લાગવા માંડ્યું કે એના જીવનમાંથી બાષ્પીભવન થઈ ચુકેલા સુખ, શાંતિ, સ્મિત અને આશામાં રંગનું પુનરાગમન થઈ શકે છે. મનોમન આનંદ અને ઉત્સાહનું કારણ હતું લગ્નવિષયક વેબસાઈટ પર દેખાયેલો એક પુરુષ. આ બહેને ત્રણેક મહિના ઓનલાઈન ચેટિંગ કર્યું, ક્યારેક મોબાઈલ ફોન પર ગુફતેગો પણ કરી. તેલંગણામાં રહેતો ડીસીપી (ડેપ્યુટી પોલીસ કમિશનર) સાથે સંપર્ક અને સંબંધની શક્યતાથી એ બહેન જોશમાં હતા. એ માણસ સામસામે મળવાની વાત કરતો હતો. એટલું જ નહીં એમને પોતાનું ઘર જોવા અને બધાને મળવા હૈદરાબાદ આવવાનું વારંવાર આમંત્રણ આપતો હતો. ખબર નહીં કેમ કોલ્હાપુરી બહેન શરૂઆતમાં આમંત્રણ ટાળતા રહ્યાં પણ સામેવાળાની વાતચીતથી એ સાચો-સારો માણસ હોવાની છાપ મનમાં ઘર કરતી જતી હતી. છતાં અચાનક હૈદરાબાદ પહોંચી જવું યોગ્ય ગણાય? એ માણસ સતત આગ્રહ કરતો રહ્યો અને અંતે બહેને ભાવિ સુખની આશામાં હૈદરાબાદ જવાનો નિર્ણય લીધો. મળીએ, વાતચીત કરીએ અને કંઈક નક્કી કરીએ એવા ખયાલ સાથે એ બહેન રવાના થયાં.

મુસાફરીમાં ભવિષ્યના સુખ, સાસરિયા અને ભરથારની કલ્પનામાં રાચતી રહી. સદ્ભાગ્યે એની અપેક્ષાનો ભંગ ન થયો. એ માણસ વ્યવસ્થિત-સજ્જન લાગ્યો. મોટી કાર લઈને એ આવકારવા આવ્યો. થોડા આગળ જઈને ખૂબ જાણીતી રેસ્ટોરાંમાં બ્રેકફાસ્ટ કરાવ્યો. વાઉ, ઇમ્પ્રેસિવ.પછી કુટુંબીજનો સાથે મેળવવા માટે ઘેર લઈ ગયો.

એ વ્યક્તિ, ઘર, ગાડી, ડ્રાઈવર અને એની પસંદગી, બધેબધું વ્યવસ્થિત જ નહીં, ઉત્સાહવર્ધક લાગ્યું. એ માણસના ભાઈ-ભાભી આવીને એ બહેનને મળ્યા. ત્યાં જ એક ફોન આવ્યો. એ બોલ્યો 'પોલીસ કમિશનર સાહેબે તાત્કાલિક મળવા બોલાવ્યો છે. તું અહીં જમીને આરામ કરજે. હું બને એટલો જલ્દી પાછો આવું છું.' એ ગયો અને બહેન એને જોતા રહ્યાં. વાહ, કમિશનર સાહેબે સામેથી મિટિંગ માટે બોલાવ્યો એને!


સાવ નવું ઘર, એકદમ નવા લોકો. આમ બધું વ્યવસ્થિત હતું પણ કંઈક ખટકતું હતું પણ ન જાણે શું હતું એ? એ બહેન સતત પોતાના ભાઈના સંપર્કમાં હતી અને ભઈલાને એક-એક અપડેટ્સ આપતાં રહેતાં હતાં. ઘરમાં એને અમુક ચીજો શંકાસ્પદ લાગી, કેટલીક વાંધાજનક ચીજો દેખાઈ, જેમ કે ચાકુ, તલવાર, પ્રમાણમાં મોટા-મોટા થેલા, કેટલાંક ફોટા અને શંકા જાય એવા ઓળખપત્રો. આવું બધું ઘરમાં શા માટે? એને કંઈ સમજાયું નહીં. પેટમાં દુ:ખતું હોવાથી મેડિકલ સ્ટૉરમાંથી કંઈક દવા લઈ આવવાનું બહાનું આગળ કરીને તેઓ ઘરમાંથી નીકળી ગયા. મેડિકલ સ્ટૉર પાસે જઈને ઊભા રહ્યાં. ૧૫-૨૦ મિનિટ વિચાર્યું પણ કંઈ સુઝતું નહોતું. છેવટે એ બહેને ભાઈને ફોન પર માંડીને વાત કરી અને પોતાની શંકા વ્યક્ત કરી. ભાઈએ તરત જ એક મિત્રની મદદ લીધી. થોડીવારમાં ભાઈએ એક લોકેશન મોકલીને કીધું કે તરત જ ત્યાં પહોંચી જા. સાથે એક ફોન નંબર પણ મોકલ્યો.


તેલંગણાના એડિશનલ ડીજીપી મહેશ ભાગવત

લોકેશન ખોલીને જોયું તો એ બહેનના મોતિયા મરી ગયા. એ લોકેશન હતું તેલંગણા સ્ટેટ પોલીસ હેડક્વાર્ટરનું અને અપાયેલો નંબર હતો એડિશનલ ડીજીપી અર્થાત રાજ્યના અતિરિક્ત પોલીસ વડાનો. પોતે મહારાષ્ટ્રના અને મરાઠીભાષી પણ અહીં તો તેલુગુ ભાષી અમલદાર સાથે કેમનો મેળ પડશે? આવી અવઢવ વચ્ચે બહેન પહોંચ્યાં એડિશનલ ડીજીપીની ઑફિસમાં. ઑફિસ પહોંચીને પંદરેક મિનિટમાં એમનો વારો આવ્યો. આવનારા સન્નારી મહારાષ્ટ્રના કોલ્હાપુરના હોવાનું જાણીને એ અફસર અસ્ખલિત મરાઠીમાં વાતચીત કરવા માંડ્યા. પછી ફોડ પડ્યો કે તેઓ મૂળ મહારાષ્ટ્રના અમલદાર હતા. નામ મહેશ ભાગવત.

એ બહેનને જોઈને જ મહેશભાઉ સમજી ગયા કે તેઓ ખૂબ ગભરાયેલા છે. માંડમાંડ વાત કરી શકતા હતાં. ભાગવતસાહેબે બધી માહિતી મેળવી લીધા બાદ તેઓ આખો મામલો સમજી ગયા. અલગ રાજ્ય, અલગ લોકો, અલગ ભાષા અને લગ્ન જેવી નાજુક બાબત જેવા અનેક પાસાં હોવાથી બહેન એકદમ મુંઝાયેલા હતાં. સૌથી પહેલા તો ભાગવતસાહેબે મરાઠીમાં પ્રેમપૂર્વક સધિયારો આપ્યો કે હવે જરાય ફિકર કરવાની જરૂર નથી. ત્યાર બાદ તેમણે હૈદરાબાદના એસ.પી. રમણકુમારને બોલાવીને આ કેસમાં ઘટતું કરવાની સૂચના આપી અને રમણકુમારે તાત્કાલિક પોતાના માણસોને કામે લગાડીને માત્ર ૨૦ મિનિટમાં એ 'સજ્જન'ની આખી કુંડળી કઢાવી લીધી. એ ખરેખર ડીસીપી બન્યો હતો પણ એક વર્ષમાં જ કોઈક કારણસર નોકરીમાંથી બરતરફ કરાયો હતો. અન્ય સાધનોમાંથી માહિતી મળી કે એ હવે ખોટા ધંધા કરતો હતો, છેતરપિંડી કરતો હતો. સ્થાનિક પોલીસ સ્ટેશનનો હવાલદાર એ માણસના ઘરે જઈને બહેનની બેગ લઈ આવ્યો.

ત્યાર બાદ હૈદરાબાદ પોલીસની ટુકડી ટ્રેનમાં તેમની સાથે કોલ્હાપુર સુધી ગઈ અને હેમખેમ ઘરે પહોંચાડી આવ્યા. મહેશભાઈ ભાગવતની સક્રિયતા અને તત્પરતાને લીધે એક બહેનને નિરાંત-શાંતિ મળ્યાં. એમની સૂચનાને પગલે રમણકુમાર અને એમની ટીમે પણ કાર્યદક્ષતા-માનવતા દાખવી. આપણે કાયમ પોલીસવાળાની ટીકા કરતા હોઈએ છીએ પણ તેઓ સારું કામ કરે ત્યારે આદરપૂર્વક સલામ કરવી એ પણ નાગરિકોની ફરજ ખરી જ. ■



**A.T.P. (ઑલ ટાઇમ પાસવર્ડ)**

*મેટ્રીમોનિયલ સાઈટ પર કોઈ પણ પાત્રને મળતા અગાઉ જાતતપાસ કરો અથવા અન્ય વિશ્વાસુ પાસે ચોકસાઈ કરાવો અને પહેલીવાર મળો ત્યારે ક્યારેય, રિપિટ ક્યારે પણ, એકલા ન જ જવું.*

# તૃપ્ત અતૃપ્ત

**પ્રકરણ ૭**

■ એચ. એન. ગોલીબાર

‘મેં ક્યાં ઇન્કાર કર્યો છો? તમે જેવા ઇચ્છો એવા મારા ફોટા લઈ શકો છો.’

કજલીએ પોતાના દાડમની કળી જેવા દાંત ચમકાવીને મરક-મરક હસતાં કહ્યું. કજલીની આવી મીઠી મધ જેવી મુસ્કુરાહટ જોઈને જીમી પાણીપાણી થઈ ગયો. એણે તરત જ કજલીને પોતાની છાતી સાથે ભીંસી લીધી.

‘પણ તું કૅમેરામાં તો બિલકુલ દેખાતી નથી?’ પોતાના શરીર સાથે જકડાયેલી કજલીની પીઠ પર હાથ ફેરવતાં-ફેરવતાં જીમીએ કહ્યું.

‘હવે હું તમારા કૅમેરામાં જરૂર દેખાઈશ. હવે મને દેવીની મંજૂરી મળી ગઈ છે.’ કહેતાં કજલીએ જીમીના ખભા પર પોતાનું માથું ઢાળી દીધું.

આ સાંભળીને જીમી એકદમ તાનમાં આવી ગયો. એણે તરત જ કજલીને પોતાનાથી અલગ કરીને થોડીક દૂર ખસકીને પોતાના ખભે લટકતા કૅમેરાને પોતાની આંખે મૂકી દીધો. હવે કજલી એ કૅમેરામાં સાફ દેખાતી હતી. જીમીએ કજલીના અલગ-અલગ જાતના અનેક ઍંગલોથી ફોટા લીધા અને પછી કજલીની નજીક આવતાં એણે કહ્યું :

‘કજલી, તું પહેલી વાર જે રીતે ઝાડ નીચે અડધી ઉઘાડી હાલતમાં સૂતી હતી, અત્યારે એવા જ ફોટા હું લેવા માગું છું. ચલ, તૈયાર થઈ જા.’

‘ના, એ આપણા બંને માટે સારું ન કહેવાય.’ કજલીનું મોઢું એકદમ પડી ગયું.

‘જો કજલી,’ એક નાના બાળકને પ્રેમથી સમજાવતો હોય એ રીતે જીમી એનો હાથ પકડતાં બોલ્યો : ‘હવે આપણે એકબીજાની ખૂબ જ નજીક આવી ગયાં છીએ. આપણે એકબીજાને હવે સાચા દિલથી પ્રેમ કરીએ છીએ. એમાં શરમાવાની કે અચકાવાની કંઈ જરૂર નથી. હું હજી પણ તને કહું છું કે તું તારી છે અને હંમેશાં મારી જ રહીશ.’

‘સાચું કહો છો તમે?’ કજલીની આંખોમાં ખુશી છલકાઈ આવી.

‘હા, હા. હું બિલકુલ સાચું કહું છું.’

‘તો પછી ખાવ દેવીમાના સોગંદ.’

‘તારી દેવીમાના સોગંદ.’ સોગંદ ખાવામાં પોતાને શું નુકસાન જવાનું છે એવું વિચારીને જીમીએ સોગંદ ખાઈ લીધા.

‘હવે તમે મને વચન આપો કે તમે હંમેશાં મારા જ રહેશો.’ કજલી જીમીની વધુ નજીક આવતાં બોલી. એની આંખોમાં હરખ સમાતો નહોતો.

‘હું તને વચન આપું છું કે હું હંમેશાં તારો જ રહીશ અને હંમેશાં તને પ્રેમ કરતો રહીશ.’ જીમીએ કજલીની ખુશીમાં ઉમેરો કરતાં કહ્યું.

‘બસ હવે...’ કજલીએ જીમીને પોતાની વધુ નજીક ખેંચીને એને બાહુપાશમાં જકડતાં બોલીઃ ‘મને હવે તમારી પર પૂરો ભરોસો બેસી ગયો છે. હું કોણ જાણે કેટલાંય વરસોથી આ પ્રેમનો ઇન્તેજાર કરી રહી હતી. હું આજ દિવસ સુધી તમારી જ શોધમાં હતી.’

‘ખરેખર કજલી! તું સાચું કહી રહી છે?’ જીમી ખુશીથી ઊછળી પડતાં બોલ્યો.

‘હું દેવીમાના સોગંદ ખાઈને કહું છું જીમી.’ જીમીને પહેલી વાર પોતાનું હુલામણું નામ આપતાં કજલીએ કહ્યુંઃ ‘હું કાયમ માટે હવે તમારી થઈ ગઈ છું. મારું જે કાંઈ પણ છે એ હવે બધું તમારું જ છે. હવે આપણાં બંને વચ્ચે કોઈ શરમ કે પડદો નહીં રહે. તમે જેવા ઇચ્છો એવા મારા ફોટા લઈ શકો છો. હવે હું તમારા માટે બધું જ કરી છૂટવા તૈયાર છું.’

અત્યાર સુધી કજલીની ‘હા’ કહેવાની જ વાટ જોતો જીમી તરત જ ફોટા લેવા માટે કુદી પડ્યો. એણે કજલીની લગભગ ઉઘાડા કહી શકાય એવા જુદા જુદા ઍંગલોથી ફોટા ખેંચ્યા. પોતાને જોઈતા ફોટા મળી ગયા પછી જીમી કૅમેરા બંધ કરીને તરત જ સૂઈ રહેલી કજલીની નજીક આવીને બેસી ગયો. અને પછી બંને એકબીજાની વધુ ને વધુ નજીક આવતાં ગયાં. અને પછી પતિપત્ની જેવો સંબંધ બાંધીને બંને એકબીજામાં ખોવાઈ ગયાં.

થોડીવાર પછી જીમીએ કજલીને પૂછ્યુંઃ ‘તું રહે છે ક્યાં એ તો તેં મને કહ્યું જ નહીં?’

‘દેવીમાનું મંદિર છે ને, એની પાછળના ભાગમાં માવજીકાકાના ઘરમાં રહું છું. માવજીકાકા એ મારા પિતા સમાન છે.’ કજલીએ પોતાની આંગળીઓથી લાંબા વાળની ભૂંગળીઓ વાળતાં કહ્યું.

‘મેં અત્યારે તારા જે ફોટા પાડ્યા છે એનાં ચિત્રો હું આજે રાતે જ તૈયાર કરી નાંખીશ અને કાલે તને દેખાડવા માટે આ જ જગ્યાએ લઈ આવીશ. તું કાલે અહીં આવીશને?’

‘હા, જરૂર આવીશ. પણ તમે મારું જે ચિત્ર બનાવો એ કોઈને દેખાડશો નહીં.’ કજલી જીમીને વિનંતી કરતી હોય એ રીતે બોલી.

‘પણ એ ચિત્ર શા માટે હું કોઈને ન બતાવું? એની પાછળનું કારણ શું?’

‘આપણે બન્ને હવે કાયમ માટે એક થઈ ગયાં છીએ તો શું તમને સારું લાગશે કે મારાં આવાં ઉઘાડાં ચિત્રો પારકા લોકો જુએ?’ કજલીનો અવાજ હવે સાવ નરમ બની ગયો હતો.

‘પણ આખરે એમાં ખોટું શું છે?’

‘ખોટું કેમ નથી? એ મારા ઉઘાડા શરીરનાં ચિત્રો છે.’

‘પણ એ રીતે તો ઉઘાડા શરીરે અહીંની બધી જ આદિવાસી છોકરીઓ ફરે છે!’ જીમી પોતાની વાત પર મક્કમ રહેતાં બોલ્યો.

‘એમની વાત અલગ છે.’ કજલી એકદમ ગંભીર અને ગળગળી થઈ જતાં બોલીઃ ‘એ છોકરીઓ તો પોતાનું આ ગામડું છોડીને ક્યાંય જતી નથી. જ્યારે હું તો તમારી સાથે જ આવવાની છું. ત્યાં આપણે સાથે જ રહીને જિંદગી વિતાવવાનાં છીએ. તો શું તમારા માટે આ સારી વાત ગણાશે?’

‘ઓહ, હવે સમજ્યો.’ જીમીએ પોતાની મક્કમ વાતને એકદમ ફેરવી નાંખી અને સાવ નરમ પડતાં બોલ્યોઃ ‘સારું, જેવી તારી ઇચ્છા, હું કાલે તને દેખાડવા માટે આ ચિત્રો લાવીશ. હવે તો તું ખુશ છે ને?’ કહેતાં જીમીએ કજલીના મુલાયમ ગાલ પર ચૂંટલી ખણી લીધી.

‘હવે આપણે અહીંથી ઊભા થઈને ગામમાં જઈશું?’ જીમીએ ગોઠણ પર ઊભા થતાં કહ્યું.

‘ના, અત્યારે હું તમારી સાથે ગામમાં નહીં આવું. હજી સુધી કોઈને એ ખબર નથી કે તમારો ને મારો આત્મા ભળી ગયો છે. જ્યારે દેવીમાનાં ચરણોમાં આપણે આપણી આશાઓના ફૂલ અર્પણ કરીશું ત્યારે જ બધાને એ વાતની ખબર પડશે.’ કજલીએ છણકો કરતાં જવાબ આપ્યો.

‘પરંતુ હું તો હવે તને દરરોજ મળતો રહીશ. હું તારા વિના હવે એક મિનિટ પણ જીવતો નહીં રહી શકું.’ જીમીએ કજલીનો હાથ ચૂમતાં કહ્યું.

‘સારું, હવે હું જાઉં?’ કજલી જાણે જીમીની પરવાનગી માંગતી હોય એ રીતે બોલી.

‘હા....’ કજલીની સુંદરામાં ખોવાયેલા જીમીથી બોલી જવાયું અને એ સાથે જ કજલી ત્યાંથી પાછળ જોતજોતામાં કોણ જાણે ક્યારે સરકી ગઈ એનીય જીમીને ખબર ન પડી.

કજલી જતી રહી એટલે જીમી પણ હવે ત્યાંથી રવાના થવા માટે ઊભો થઈ ગયો. ચાલતાં ચાલતાં જીમી મનમાં ને મનમાં હરખાતો-હરખાતો વિચારી રહ્યો હતો કે કુદરતની પણ એની પર કેટલી મહેરબાની છે. કેટલી ખૂબસૂરત અને નીડર યુવતી સાથે એની મુલાકાત થઈ છે. એ પોતે હવે કામ એને મળતો રહેશે અને એનાં ચિત્રો બનાવીને લાખ્ખો રૂપિયા મેળવતો રહેશે.

મનમાં આવા લાખ્ખોના લાલચભર્યા વિચારો કરતો જીમી પોતાના રહેઠાણ સુધી પહોંચી ગયો. રાત પડતાં એણે લાઈટો બંધ કરીને કજલીના ફોટા પાડેલી ફિલ્મો ધોવાની શરૂઆત કરી. ચિત્રોનું પરિણામ જોવા માટે એ અધીરો અને ઉતાવળો બની ગયો હતો. એણે ઝટપટ નેગેટિવ ધોઈને જોવા માટે અધ્ધર કરી અને નેગેટિવ જોતાં જ એની છાતીનાં પાટિયાં બેસી ગયાં હોય એવું એને લાગ્યું. એના મગજની નસો જામે ખેંચાઈને તંગ બની ગઈ.

> **તમે મારું જે ચિત્ર બનાવો એ કોઈને દેખાડશો નહીં... આપણે બન્ને હવે કાયમ માટે એક થઈ ગયાં છીએ તો શું તમને સારું લાગશે કે મારાં આવાં ઉઘાડાં ચિત્રો પારકા લોકો જુએ?**

એણે ફરી નેગેટિવ જોઈ. ક્યાંક એની આંખો છેતરાતી તો નથીને! પણ ના, એની આંખોએ જે જોયું હતું એ બિલકુલ સાચું હતું. નેગેટિવ તો બિલકુલ ચોખ્ખી હતી. એમાં ઝાડ-ઝરણાં વગેરેનાં દૃશ્યો ચોખ્ખાં દેખાતાં હતાં. પણ એમાં ક્યાંય કજલીનું નામોનિશાન નહોતું. જે રીતે કૅમેરામાંથી કજલી ગાયબ હતી એ જ રીતે અત્યારે નેગેટિવમાંથી પણ કજલી ગાયબ હતી. જીમી આંખો તાણી-તાણી એ નેગેટિવો જોઈ રહ્યો હતો. આખી જિંદગીમાં ક્યોય આવો બનાવ નહોતો બન્યો. એણે હજારો છોકરીઓના ફોટા લીધા હતા, પરંતુ આવી ઘટના એની જિંદગીમાં પહેલી વાર જ બની હતી.

આશ્ચર્યના કારણે એ હવે સાવ મૂંગો થઈ ગયો. એના આખા શરીરે પરસેવો નીતરી રહ્યો હતો. ન તો એ પોતે જાદુમંતરમાં માનતો હતો કે ન તો એને ભૂત-પ્રેતમાં વિશ્વાસ હતો. તો પછી આ શું ચક્કર હતું?

પણ અત્યારે એની આ મૂંઝવણનો જવાબ આપવા માટે ત્યાં કોઈ હાજર નહોતું.

સવાર સુધી એણે પડખાં ફેરવી-ફેરવીને રાત વિતાવી. વહેલી સવારનો સૂરજ નીકળતાં જ એ પોતાનો કૅમેરો ખભે લટકાવીને ગામ તરફ રવાના થવા ચાલી નીકળ્યો.

શ્યામ પણ ભર્યા-ભર્યા બદનવાળી યુવતીઓ માથે ઘડા રાખીને નદી તરફ જઈ રહી હતી. ફોટોગ્રાફીની નજરે એ દૃશ્યો ખૂબ સારાં હતાં. જીમી જો આવા ફોટો લઈને ચિત્રો બનાવે તો સારા એવા પૈસા કમાઈ શકે એમ હતો. પણ અત્યારે એ એવો મૂંઝાયેલી હાલતમાં હતો કે એને એ યુવતીઓ પરથી પણ રસ ઊઠી ગયો હતો. એટલે એણે એ યુવતીઓને પણ ધ્યાનથી જોઈ નહીં. જીમી કજલીના ધ્યાનમાં ને ધ્યાનમાં ગામ તરફ આગળ વધી રહ્યો હતો.

થોડી જ વારમાં એ દેવીમાના મંદિર પાસે આવીને ઊભો રહી ગયો. એને યાદ આવ્યું કે કજલીએ કહ્યું હતું કે, પોતે દેવીમાના મંદિરની પાછળ માવજીકાકાના ઘરમાં રહે છે. જીમી તરત જ મંદિરના પાછળના ભાગમાં આવેલા ચાર-પાંચ ઘરની નજીક પહોંચ્યો. ત્યાં એક મકાનના દરવાજા પાસે એક બુઢ્‌ઢો ખાંસતો ખાંસતો બીડી પી રહ્યો હતો.

બુઢ્‌ઢો પહેલાં તો જીમી સામે ટગર-ટગર જોતો જ રહ્યો. અને પછી માથું ખંજવાળતાં બોલ્યોઃ ‘માવજીકાકા નામનો તો કોઈ માણસ નહીં રહેતો નથી.’

‘ના કાકા, તમારી કંઈક ભૂલ થતી હોય એમ લાગે છે. માવજીકાકાનું ઘર આટલામાં જ ક્યાંક છે અને એમાં કજલી નામની એક છોકરી પણ રહે છે.’

‘કજલી?’ બુઢ્‌ઢાએ ખલાસ થઈ ગયેલી બીડીના ઠૂંઠાને ફેંકતાં ચોંકીને પૂછ્યું.

‘હા, હા કજલી.’ જીમી પોતાની વાત પર દબાણ આપતાં બોલ્યો.

‘મારી ઉંમર પોણાસો વરસની થઈ છે ભાઈ, પણ મેં આજ દિવસ સુધી આ નામની કોઈ છોકરીને આ વિસ્તારમાં નથી જોઈ.’ બુઢ્‌ઢાએ જીમી તરફ ધ્યાનથી જોતાં કહ્યું.

‘અને પેલું માવજીકાકાનું મકાન? હું કોઈકને પૂછી જોઉં તો?’

‘હું આ ગામનો મુખી છું ભાઈ, અહીંના એક-એક માણસને હું ખૂબ જ સારી રીતે ઓળખું છું.’ બુઢ્‌ઢાએ હસતાં-હસતાં ખોંખારો ખાતાં કહ્યું.

‘એવું બને જ કેવી રીતે?! મને ખુદ કજલીએ અહીંનું સરનામું આપ્યું હતુંને?’ જીમીએ હાંફળા-ફાંફળા થતાં છતાં મક્કમતાભર્યા અવાજે કહ્યું.

‘એ તો ઉપરવાળો જાણે.’ કહેતાં બુઢ્‌ઢો ખોંખારા ખાતો ઘરમાં ઘૂસી ગયો. જીમી હવે ત્યાં સાવ એકલો ઊભો હતો. એણે આજુબાજુ નજર કરી. એને કોઈ દેખાયું નહીં. એને લાગ્યું કે કદાચ બુઢ્‌ઢા સિવાય આટલા વિસ્તારમાં કોઈ રહેતું હોય એમ લાગતું નહોતું. બુઢ્‌ઢાની વાતો પરથી જીમીને લાગ્યું કે બુઢ્‌ઢો ખરેખર કજલી નામની કોઈ છોકરીને નથી ઓળખતો. તો પછી શું કજલી એને થાપ તો નથી આપી ગઈને? એણે પોતાને પરેશાન કરવા કે મજાક કરવા માટે તો પોતાને ખોટું સરનામું નહીં આપ્યું હોયને?

જે હોય તે પણ પોતે આગળ જઈને કજલી બાબતમાં પૂછપરછ કરવી જોઈએ. એણે ગામમાં ઠેકઠેકાણે કજલી બાબતમાં પૂછપરછ કરી જોઈ, પણ બધેથી એને નિરાશા જ સાંપડી. છેવટે કંટાળીને તે ગઈકાલે જ્યાં કજલીની મુલાકાત થઈ હતી એ ઝાડ નીચે આવીને બેસી ગયો.

સવારે વહેલો ઊઠીને ચાલીચાલીને હવે એ ખૂબ થાકી ગયો હતો. જાતજાતના વિચારો કરતો એ ક્યારે સૂઈ ગયો એનું પણ એને ભાન ન રહ્યું. જ્યારે એની આંખ ખુલી ત્યારે એના આશ્ચર્યનો પાર ન રહ્યો. જે કજલી માટે પોતે સવારથી આટલો રખડતો હતો એ જ કજલી અત્યારે એની બગલમાં સૂતી હતી. એનો સુંદર હાથ જીમીની છાતી પર મુકાયેલો હતો.

જીમી તરત જ ઝાટકા સાથે ઊભો થઈ ગયો. અચાનક ઝાટકો વાગતાં કજલી પણ બેઠી થઈ ગઈ. જીમી જાણે એને મીઠો ઠપકો આપતો હોય એ રીતે બોલ્યોઃ ‘આજે ખબર પડી કે તું જાદુગર પણ છો.’

‘કેવી રીતે ખબર પડી?’ કજલી લાડભર્યા અવાજમાં બોલી અને તરત જ જીમીનો હાથ પકડીને એને પોતાની નજીક બેસાડી દીધો.

‘તારો એક પણ ફોટો ન આવ્યો. કોણ જાણે તેં એમાં કેવી ફૂંક મારી હતી! એક પણ ફોટામાં તું દેખાતી નથી.’

‘એ તો જેવી દેવીમાની ઇચ્છા’ કજલીએ બિલકુલ બેફિકરાઈથી કહ્યુંઃ ‘સમય પહેલાં આવું કંઈક થાય એવું એને મંજૂર નહીં હોય.’

‘સમયનો મતલબ? એટલે તું કહેવા શું માંગે છે?’ જીમી પોતાનો રોષ ઠાલવતાં બોલ્યો.

‘આપણે બન્ને હજી એક નથી થયાં એટલે.’

‘તું માવજીકાકાના મકાનમાં રહે છે, એવું કહીને પણ તેં મને બેવકૂફ બનાવ્યો છે. ત્યાં માવજીકાકા નામનો કોઈ બુઢ્‌ઢો રહેતો જ નથી!’

(ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી ગુરુવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ADOPT | સજાવટ કરવી |
| BARGAIN | દત્તક લેવું |
| CONFESS | ભાવતાલ કરવો |
| DECORATE | અનુમાન કરવું |
| ESTIMATE | કબૂલ કરવું |

### ઓળખાણ રાખો



પુણેમાં બાંધવામાં આવેલા ઐતિહાસિક મહેલની ઓળખાણ પડી? સ્વાતંત્ર્ય લડત દરમિયાન ગાંધીજી અને કસ્તુરબાને અહીં કેદ રાખવામાં આવ્યા હતા.

અ) સારસ બાગ પેલેસ બ) શનિવાર વાડા ક) આગાખાન પેલેસ ડ) ચિતળે મહેલ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ | રિ | ૨ સ્થિ | તિ | ■ | ૩ સ | ૪ ર | ૫ હ | દી | ■ |
| રિ | ■ | ર | ■ | ૬ કો | ■ | ૭ સ | દી | ■ | ૮ ચિં |
| ૯ વ | ૧૦ હે | તા | ■ | ૧૧ રા | ૧૨ વ | ■ | ૧૩ સ | ૧૪ મ | તા |
| ૧૫ હ | તા | ■ | ૧૬ દ | ■ | ૧૭ સ | ખા | ■ | ૧૮ કા | જ |
| ૧૯ ન | ળ | ૨૦ દ | મ | યં | તિ | ■ | ૨૧ સ | ન | ન |
| ■ | ■ | ૨૨ વા | દા | ■ | ■ | ૨૩ ચ | રુ | ■ | ક |
| ૨૪ આ | મ | દા | ર | ■ | ૨૫ ક | ણ | ■ | ૨૬ જ | ■ |
| મં | ■ | રૂ | ■ | ૨૭ પ | તિ | ત | ૨૮ પા | વ | ૨૯ ન |
| ૩૦ ત્ર | સ્ત | ■ | ૩૧ દા | ■ | ■ | ૩૨ ર | વ | ■ | વ |
| ણ | ■ | ૩૩ વ્ય | વ | હા | ર | ■ | ૩૪ ન | ક | રા |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | ૪ | | ૪-અ | ૫ |
| | ■ | | | ૬ | | | ■ | ૬-અ | |
| | ■ | ■ | ૭ | | | ■ | ૮ | | |
| ૯ | ૧૦ | ૧૦-અ | ■ | ૧૧ | | ૧૨ | | ■ | |
| ■ | ૧૩ | | | | ■ | ૧૪ | | ■ | |
| ૧૫ | | | | ૧૬ | ૧૬-અ | ■ | | ૧૭ | |
| ૧૮ | | ■ | ૧૯ | | | ૨૦ | | | |
| ■ | ૨૧ | ૨૨ | | ■ | ૨૩ | | | ૨૪ | ■ |
| ૨૪-અ | ■ | | ■ | ૨૫ | ■ | ૨૬ | ૨૭ | | ૨૮ |
| ૨૯ | | | | | | ■ | ૩૦ | | |

**આડી ચાવી**

૧. એક હજાર વર્ષનો સમૂહ (૪)
૩. શાબાશી (૫)
૬. સઘળું (૩)
૬-અ. ભારતનું એક રાજ્ય, બંગાળ (૨)
૭. ધૂમ્મસ (૩)
૮. મીઠું જ્યાં પાકે (૩)
૯. સરખું (૩)
૧૧. ચાહવા યોગ્ય, સુંદર (૪)
૧૩. નરમ ગરમ, સારું અને ખરાબ (૪)
૧૪. --- ઉપર લેવું એટલે ધ્યાનમાં લેવું (૨)
૧૫. સંદેશ વાહક (૩)
૧૬. કુંભારનો ચાકડો (૨)
૧૭. યક્ષની પત્ની (૨)
૧૮. રાડ, તીણી બૂમ (૨)
૧૯. જર્જરિત, ખંડેર (૫)
૨૧. ખેલ (૩)
૨૩. ધૂળ (૨)
૨૬. શિખામણ, ઠપકો, સજા (૪)
૨૯. અસ્તવ્યસ્ત (૬)
૩૦. માણસ (૩)
૩૫. આદત, ટેવ, વ્યસન (૨)

**ઊભી ચાવી**

૧. સાથે રહેવું તે (૪)
૨. ઝરેલી કે વહી જતી વસ્તુ (૨)
૩. માન ---, કૃપા, બક્ષિસ (૪)
૪. આદિવાસી પ્રજા (૨)
૪-અ. અસભ્ય, ઉદ્ધત, કજિયાખોર (૩)
૫. નગરની પ્રદક્ષિણા (૫)
૬. સાથે કામ કરનાર (૬)
૮. પ્રયાણ, સૂર્યની ગતિ, છ માસ (૩)
૧૦. કૈલાસ શિખર પાસેનું પ્રસિદ્ધ સરોવર (૫)
૧૦-અ. ગુજરાતીના પ્રથમ આત્મકથાકાર કવિ, કોશકાર (૩)
૧૨. નિયમ (૨)
૧૫. જે પાકી નથી તે (૨)
૧૬-અ. આરતીમાં વપરાતો સુગંધી પદાર્થ (૩)
૧૯. --- જણાવવાનું કે પત્રની શરૂઆત થાય (૨)
૨૦. રાજકરનાર (૩)
૨૨. મૃત્યુ (૩)
૨૪. યાતાયાતનું સાધન (૩)
૨૪-અ. અત્યાર પછી, આગળ પર (૨)
૨૫. તંતુ, દોરો, રેસો (૨)
૨૭. સરહદ (૨)
૨૮. તારું (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘ચાર દસકે થઈ જિંદગી સાબદી’ વાક્યમાં સાબદી શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) અધૂરી  બ) વામણી
ક) સજ્જ  ડ) સાદગી

### માતૃભાષાની મહેક

ગુજરાતી ભાષા સંસ્કૃતમાંથી કાળક્રમે ઊતરી આવી છે. એટલે ગુજરાતી અક્ષરો અને સંસ્કૃત અક્ષરોમાં ઘણું સામ્ય છે. જોકે, કેટલાક સંસ્કૃત અક્ષરો ગુજરાતીમાં ગેરહાજર છે તો અમુક ગુજરાતી અક્ષરો સંસ્કૃતમાં જોવા નથી મળતા. ગુજરાતી અક્ષરના બે વિભાગ છેઃ મૂળાક્ષર અને જોડાક્ષર. મૂળાક્ષરોના સ્વર અને વ્યંજન એવા બે વિભાગ છે.

### સુડોકુ-૭૦૪૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૧ | | | | | | ૫ | ૩ |
| ૩ | | | ૬ | | ૯ | | | ૨ |
| | | | ૭ | | ૧ | | | |
| ૨ | ૬ | ૮ | | | | ૩ | ૯ | ૧ |
| | | ૪ | | | | ૬ | | |
| ૫ | ૯ | ૧ | | | | ૮ | ૪ | ૭ |
| | | | ૫ | | ૨ | | | |
| ૧ | | | | ૩ | ૭ | | | ૮ |
| ૯ | ૨ | | | | | | ૭ | ૪ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૪૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૭ | ૪ | ૨ | ૮ | ૫ | ૧ | ૯ | ૩ |
| ૫ | ૩ | ૧ | ૭ | ૯ | ૪ | ૮ | ૨ | ૬ |
| ૨ | ૯ | ૮ | ૩ | ૧ | ૬ | ૫ | ૪ | ૭ |
| ૩ | ૫ | ૨ | ૯ | ૬ | ૭ | ૪ | ૮ | ૧ |
| ૯ | ૮ | ૭ | ૪ | ૩ | ૧ | ૬ | ૫ | ૨ |
| ૧ | ૪ | ૬ | ૫ | ૨ | ૮ | ૭ | ૩ | ૯ |
| ૪ | ૬ | ૩ | ૧ | ૫ | ૨ | ૯ | ૭ | ૮ |
| ૭ | ૧ | ૯ | ૮ | ૪ | ૩ | ૨ | ૬ | ૫ |
| ૮ | ૨ | ૫ | ૬ | ૭ | ૯ | ૩ | ૧ | ૪ |

### ગુજરાત મોરી મોરી રે

‘શ્રવણશક્તિ હોવા છતાં સાંભળી ન શકે અને નયન હોવા છતાં દેખી ન શકે’ એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

છતે બહેરા આંખે ને છતી આંધળા કાને

### ઈર્શાદ

મારી હસ્તી મારી પાછળ એ રીતે વિસરાઈ ગઈ,
આંગળી જળમાંથી નીકળી ને જગ્યા પુરાઈ ગઈ.

- ઓજસ પાલનપુરી

### માઈન્ડ ગેમ

કેરીના બિઝનેસમાં ઝંપલાવ્યા બાદ ૧૨ ડઝન કેરી ૭૨૦૦ રૂપિયામાં ખરીદી અને પછી બધી ૭૫૦ રૂપિયે ડઝનના ભાવે વેચી તો કેટલો નફો થયો?

અ) ૧૨૦૦  બ) ૧૪૫૦
ક) ૧૬૦૦  ડ) ૧૮૦૦

### ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ARID | સૂકું |
| SOAKED | પલાળેલું |
| FILTHY | મેલું |
| FRAIL | નાજુક |
| DESTITUTE | નિરાધાર |

**ઓળખાણ પડી?**
Pheasant

**માઈન્ડ ગેમ**
લુઈ પાશ્ચર

**ચતુર આપો જવાબ**
અર્થ જણાવો
વપરાયા વિનાનું

**ગુજરાત મોરી મોરી રે**
દીકરી ને ગાય જ્યાં દોરે ત્યાં જાય

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) તાહેર ઔરંગાબાદવાલા (૫) શીરીન ઔરંગાબાદવાલા (૬) અબ્દુલ્લા એફ. મુનીમ (૭) કિશોરકુમાર જીવણદાસ વેદ (૮) લજિતા ખોના (૯) ખુશરૂ કાપડીયા (૧૦) વિભા મહેશ્વરી (૧૧) ભારતી બુચ (૧૨) પુષ્પા પટેલ (૧૩) શ્રદ્ધા આશર (૧૪) નિખિલ બેંગાલી (૧૫) અમિષી બેંગાલી (૧૬) સુભાષ મોમાયા (૧૭) મહેશ સંઘવી (૧૮) હર્ષા મહેતા (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) મીનળ કાપડિયા (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) નૂતન વિપિન (૨૪) મહેન્દ્ર લોઢવિયા (૨૫) ભાવના કર્વે (૨૬) મહેશ દોશી (૨૭) રસિક જુઠાની (ટોરન્ટો-કેનેડા) (૨૮) અંજુ ટોલિયા (૨૯) વિના સંપટ (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) જગદીશ ઠક્કર (૩૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૩) જયવંત પદમશી ચિખલ (૩૪) નિતિન બજારિયા (૩૫) સુરેખા દેસાઈ (૩૬) પુષ્પા ખોના (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) રમેશભાઈ દલાલ (૩૯) ઈનાક્ષીબેન દલાલ (૪૦) હિનાબેન દલાલ (૪૧) અરવિંદ કામદાર (૪૨) પ્રતિમા પમાણી (૪૩) ગીતા ઉદેશી (૪૪) ધીરેન્દ્ર ઉદેશી.

મગજ મંથન_ વિઠ્ઠલ વઘાસિયા

feedback@bombaysamachar.com

# લીડરે હંમેશાં પોતાની ટીમને ‘વી કેન’નો ભરોસો અપાવવો જોઈએ



## લીડરશિપ કરનારે ગણપતિ બાપાના ગુણ અપનાવવા જેવા છે



લીડરશીપના ગુણ કેળવવા માટે માણસે પોતાની જાતને બદલવી પડે છે. બીજા માટે વિચારવું પડે છે. બીજા માટે વિચારે, કામ કરે અને કટોકટીના સમયે પોતાનું ધૈર્ય ન ગુમાવે તે વ્યક્તિ સાચો લીડર બની શકે છે. લીડરશીપના ગુણ માટે ગણપતિ બાપાના ગુણોનું અનુકરણ કરવા જેવું છે.

શિવના જુદા જુદા ગણના એક એક સેનાપતિ હોય,પણ બધા ગણના અધિપતિ અર્થાત લીડર એવા ગણપતિના આ સ્વરૂપને સમજવા જેવું છે.

એ ગજકર્ણક છે. એમના કાન મોટા છે, જે બતાવે છે કે લીડરે બોલવા કરતાં વધુ સાંભળવું જોઈએ.સાથે સાથે તેઓ લંબોદર અર્થાત મોટાં પેટવાળા છે. એમનું મોટું પેટ સમજાવે છે કે, જે કંઈ સાંભળવામાં આવે કે પછી જીવનમાં ઉદ્‌ભવતી મુસીબતને પચાવી શકવાની ક્ષમતા લીડરમાં હોવી જોઈએ. ગણપતિની ઝીણી ઝીણી આંખો એકાગ્રતા અને ફોકસનું પ્રતીક છે.

ગણપતિનું મોટું માથું એમની બુદ્ધિપ્રતિભા દર્શાવે છે.વક્રતુંડ અર્થાત ગણપતિની સૂંઢ નાનામાં નાની વાતથી લઈને મોટી વાત બાબતે સૂત્રધારનો પ્રભાવ અને વિસ્તાર કેવો હોય તે બતાવે છે. ગણપતિના એક હાથમાં શસ્ત્ર છે અને બીજા હાથમાં કમળનું ફૂલ છે, જે ગણનાયકની કોમળતા અને કઠોરતા સૂચવે છે. એકદંત એ તો આગેવાનમાં હોવી જોઈએ એ આક્રમકતાનું પ્રતીક છે.

એ કપિલ વર્ણ છે. એમના હાથમાં લાડુનો થાળ એ સાત્ત્વિક પૌષ્ટિક આહાર છે, જે આયુ, બળ, બુદ્ધિ, સુખ અને પ્રેમ વધારનાર રસયુક્ત, સ્નિગ્ધ, મનને ગમે એવો આહાર છે.

આમ ગણપતિ નાયકોના નાયક એવા વિનાયક છે. જેમ કોઈપણ સમૂહનું શુભ કામ એના લીડર વિના પાર ન પડે તેમ આગેવાન આગળ હોય તો બધા માર્ગ આસાન થતાં જાય છે.

રતન ટાટાએ એવું નોધ્યું છે કે, બાળપણમાં હું મારા પિતાથી ખૂબ જ પ્રભાવિત અને એમની અત્યંત નજીક હતો. એ પોતે ટાટા કંપનીમાં ઉચ્ચ હોદ્દા ઉપર હતા. મારા એ શ્રેષ્ઠ માર્ગદર્શક હતા. એમણે મને એક વાર કહ્યું હતું, જેને મેં મારા જીવનમાં પચાવી લીધું હતું. એમણે કહ્યું હતું કે, ‘બેટા,જો વિશ્વમાં જે દસ માણસ જન્મે છે, તેમાંથી નવ માણસ દસમી વ્યક્તિ માટે કામ કરે છે તો તારી જાતને દસમી વ્યક્તિ બનાવવા માટે તૈયાર કર.’ એમના આ પ્રેરણાદાયક શબ્દોના આધારે મેં ભવિષ્યમાં નેતૃત્વ લેવા માટેના ગુણો કેળવ્યા.એમની આ સલાહે મને અન્ય નવથી શ્રેષ્ઠ કઈ રીતે બનવું તે વિચારવા પ્રેરણા આપી.

‘તાતા સન્સ’ના ડાયરેક્ટર જમશેદજી ટાટાનું કહેવું છે કે, તમારે એક ટીમ બનાવવી જોઈએ અને હંમેશાં તે ટીમની સાથે રહેવું જોઈએ. જો તમે તમારા લશ્કરથી ઘણા આગળ નીકળી જશો તો તમારાં સંપર્કસૂત્રો કપાઈ જશે. આ તો ટીમ છે, જેણે તમને સફળતા અપાવી છે. એક સફળ નેતા થવા માટે એક ટીમ તમારી પાછળ જ હોવી જરૂરી છે અને આ મારા જીવનનો મંત્ર રહ્યો છે.

એક નેતા તરીકે હંમેશાં તમને તમારી જવાબદારીનું ભાન હોવું જરૂરી છે. તમારી અણઆવડત તથા નિર્ણય ન લેવાની નબળાઈ ક્યારેય છતી ન થવી જોઈએ. જો આમ બનશે તો એ તમારા માટે ઘાતક પુરવાર થશે. ટીમનો કેપ્ટન જ ટીમના સભ્યોને કહેશે કે જો તમે સારા રન ન કરી શક્યા તો પછી આપણે વિજયથી ઘણા દૂર રહી જઈશું. આમ કેપ્ટન કહે તો ટીમ ક્યાંથી જીતવાની છે?

કેપ્ટન ભલે અંદરથી જાણતો હોય કે વર્તમાન પરિસ્થિતિમાં રન કરવા અઘરા છે, તેમ છતાં એણે તો કહેવું જ પડશે કે : ‘જુઓ, સાથીઓ... આપણા માટે જે લક્ષ્યાંક છે તે પાર કરવાની તમારામાં ક્ષમતા છે જ, માટે આપણે વિજયના લક્ષ્યાંકને પાર કરવાનો જ છે. તૂટી પડો.....’

નેતૃત્વ કરવું એ કોઈ નાની માના ખેલ નથી. નેતૃત્વ કરનારી વ્યક્તિનો સૌથી મોટો ગુણ એનું ધૈર્ય છે. એ ધૈર્યની કસોટીમાંથી જ્યારે લીડર પસાર થાય અને પાર ઊતરે ત્યારે એને સો ટચનું સોનું કહી શકાય.

હાલમાં આપણે એક શબ્દ વારંવાર સાંભળીએ છીએ અને એ છે કે ‘કેપ્ટન કૂલ’. આ શબ્દ ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન મહેન્દ્રસિંઘ ધોની માટે વપરાતો હતો. અનેક કપરા સમયે એણે જરાય વિચલિત થયા વિના ધૈર્યથી ટીમની નૌકાને પાર ઉતારી હતી.

મેદાન ઉપર ક્યારેય અત્યંત કટોકટીના સમયે પણ એના મોં ઉપરની રેખાઓ ક્યારેય તંગ થતી જોવા મળતી નહોતી. એનો અર્થ એવો નથી કે એમને ચિંતા નહોતી, પણ બરોબર મનોમંથન કરીને ધૈર્ય જાળવીને કટોકટીના સમયે ખોટો નિર્ણય ન લેવાય એનું ધ્યાન રાખીને પાસા પોબારા પડે તેવી રણનીતિ એ ઘડતો.

જો તમે વિશ્વ ઉપર તમારી છાપ છોડવા માગતા હો તો તમારી પાછળ એક ટીમ-આર્મી હોવી જરૂરી છે..લીડરને ટીમના સભ્યો ઉપર વિશ્વાસ હોવો જોઈએ કે એના શબ્દો ઉપર કોઈ પણ લક્ષ્યાંક પાર પાડવા માટે એની ટીમ આકાશ પાતાળ એક કરશે. તમારે તમામ સમયે નેતૃત્વ કરવાનું છે. એવા કોઈ પણ પ્રસંગે પાછી પાની પોષાય તેમ નથી.

લીડરે હંમેશાં લીડરની જેમ વર્તવું. નાની નાની મુશ્કેલીમાં હતાશ થવું નહીં. કપરા સંજોગોમાં હતોત્સાહ થયેલા ટીમના સભ્યોને ઉત્સાહમાં લાવવા. અવિરત પ્રયત્નો કરતાં રહેવું જોઈએ. સારા લીડરે અત્યંત દબાણવશ સ્થિતિમાં પણ એવું દર્શાવવું નહીં કે એ કશું કરી શકે તેવી સ્થિતિમાં નથી. લીડરે હંમેશાં નિર્ણય લેવાની પોતાની ક્ષમતામાં જરાપણ ઘટાડો થવા દેવો જોઈએ નહીં.

સારા લીડરે ક્યારેય લાચારીની અવસ્થા બતાવવી નહીં. પોતાની ટીમને હંમેશાં એવો સધિયારો આપવો જોઈએ કે આપણે ગમે તેવી કપરી પરિસ્થિતિમાંથી પણ બહાર આવીશું. લીડરે હંમેશાં પોતાની ટીમને ‘વી કેન’નો ભરોસો અપાવવો. જે દિવસે એના ટીમ મેમ્બર્સને પાકો ભરોસો બેસશે કે ‘યસ,વિ કેન, ટુગેધર’ એ દિવસે લીડર અને ટીમની સફળતાને ચાર ચાંદ લાગી જશે.

નેપોલિયન બોનાપાર્ટને એક વખત સૈનિકો સાથે આલ્પ્સના પહાડો ઓળંગવાના હતા. સૈનિકોને જ્યારે સમાચાર મળ્યા કે આલ્પ્સના પર્વતો બરફ આચ્છાદિત હોવાથી ઓળંગવામાં ખૂબ જ મુશ્કેલી પડશે. આથી સૈનિકોમાં અંદરો અંદર ચણભણ થવા લાગી. નેપોલિયનને આ વાતની ખબર પડી. સૈનિકોનું મનોબળ વધારવા માટે નેપોલિયને સૈનિકોને પર્વતો ઓળંગવાની હિંમત પ્રેરી.

આત્મ વિશ્વાસ જગાવ્યો. ‘હું પણ તમારી સાથે જ છું ને !’ અને સૈનિકો સાથે આલ્પ્સના પર્વતો ઓળંગવાની શરૂઆત કરી. જોતજોતામાં આલ્પ્સના પર્વતો ઓળંગાઈ ગયા.

કોઈને ખબર પણ ન રહી. આગળ વધતા ગયા તો સૈનિકોમાં પ્રશ્ન ઉદભવ્યો કે આપણે આલ્પ્સના પર્વતો ઓળંગવાના છે, એ ક્યારે આવશે? ત્યારે નેપોલિયને કહ્યું કે આલ્પ્સના પર્વતો તો આપણે ક્યારના ઓળંગી ગયા છીએ....!

બીજા શબ્દોમાં કહીએ તો મનોબળ મજબૂત કરવામાં આવે, આત્મવિશ્વાસ જગાવવામાં આવે તે કોઈ પણ અઘરાં કાર્ય સહેલાઈથી ઉકેલી શકાય છે. ■



ઊડતી વાત___ભરત વૈષ્ણવ

feedback@bombaysamachar.com

# યુ આર અન્ડર અરેસ્ટ...ડિજિટલ અરેસ્ટ!

‘ગિરધરલાલ,તમારી મદદની જરૂર છે... મદદ કરશોને?’

આમ કહી રાજુએ મારી સામે ચાતકની જેમ યાચક નજરે જોયું. રાજુનું મોં ગરીબડું દેખાતું હતું. રાજુ રદી સદૈવ યાચક- માગવું- માગવું અને માગવું એ એનો સદાકાળ જીવનમંત્ર. રાજુ માગજીવી જીવ છે.

‘રાજુ, તું મારો મિત્ર છે. મારો સહકર્મી છે. તારે મને પૂછવાનું હોય? મારાથી થઇ શકે તેટલી તારી મદદ કરીશ.’ મેં ચક્રવર્તી રાજાની જેમ રાજુને મદદદાનનું વચન આપ્યું.

‘ગિરધરલાલ, મારો હાથ ભીંસમાં છે. થોડી રોકડની મદદ જોઇએ છે.’ રાજુએ છાતીસરસા પતા ખુલ્લાં કર્યા. રાજુને ઉછીના આપેલા રૂપિયા આ ભવમાં પરત મળ્યા નથી. હું તો આમેય અમર આશાનો હિમાયતી છું. રાજુ ત્રીજા કે ચોથા ભવમાં મિનરલ વોટરથી ધોઈને મારા રૂપિયા પરત આપશે તેવી આશા અને શ્રદ્ધા છે.

‘રાજુ, સિગારેટ- મસાલાની તારી ઉધારી ચૂકવવા હું તને કાણી પાઇ આપવાનો નથી. મેં તને કેટલી વાર વ્યસન છોડવા કહ્યું છે. તું તારું હિત પણ વિચારતો નથી.’ મેં રાજુને પાનના ગલ્લાની ઉધારી માટે રૂપિયા પાનના ગલ્લાર્પણ કરવાનો ઇન્કાર કર્યો.

‘ગિરધરલાલ, બે-ત્રણ હજાર રૂપિયાથી કામ ચાલે તેમ નથી. થોડાક વધારે રૂપિયાની જરૂર છે.’ રાજુએ લાચાર સ્વરે કહ્યું.

‘કેટલા? દસ હજાર, લાખ કે દસ લાખ રૂપિયા?’ મેં રાજુને રકમ પૂછી.

‘ગિરધરલાલ દસ ડેસિલિયન ડૉલરની જરૂર છે.’ રાજુએ રકમ કહી.

‘હેં કેટલા?’ મારા મોંની ડાકલી ખુલ્લી અને ખુલ્લી રહી ગઇ.

‘ગિરધરલાલ દસ ડેસિલિયન ડૉલર’ રાજુએ કહ્યું.

‘એક ડેસિલિયન એટલે કેટલા ડૉલર? રાજુ લાખ, મિલિયન , ટ્રિલિયન ડૉલરની વાત સાંભળી છે. આપણી ઇકોનોમીને ફાઇવ ટ્રિલિયન સુધી લઇ જવાનો સરકારનો મક્કમ નિર્ધાર વાંચ્યો છે, પરંતુ આ ડેસિલિયન વિશે સાંભળ્યું નથી. ડેસિમલ હોય તો સમજ્યા. ડેસિમલ એક માપ છે, પરંતુ ડેસિલિયન?’ મેં રાજુને મારી અસમંજસતા જણાવી.

‘ગિરધરલાલ એક પાછળ ચોત્રીસ મીંડા મુકો એટલે દસ ડેસિલિયન ડૉલર થાય.’ રાજુએ

‘ડેસિલિયન’ની વ્યાખ્યા આપી.

‘અલ્યા, આટલી તોતિંગ રકમ તો આપણી રિઝર્વ બેંક પાસે હશે કે કેમ સવાલ છે દેશની જીડીપી એકની પાછળ સતર-અઢાર શૂન્યે અટકી જતી હશે. વૈદિક ગણતરી મુજબ પરાર્ધ એટલે એકની પાછળ સત્તર શૂન્ય. ઇન્ટરનેશનલ સંખ્યા મુજબ સો કવોડ્રિલિયન કહેવાય. એક કવોડ્રિલિયન એટલે એકની પાછળ પંદર શૂન્ય. જ્યારે ગુગોલ સંખ્યા એટલે એકની પાછળ સોળ શૂન્ય આવે છે......’ ભારતે કરેલ શૂન્યની શોધથી રાજુને ગૂંચવી નાખ્યો.

‘ગિરધરલાલ, તેની માહિતી છે મારી પાસે.’ મારું વાક્ય પૂરું થાય તે પહેલાં મને ચોપડાવ્યું.

‘રાજુ, લગ્ન કરવા તો આટલા રૂપિયાની જરૂર ન પડે. આટલા બધા રૂપિયાની તારે શું જરૂર છે?’ મેં રાજુને પૂછ્યું.

‘ગિરધરલાલ, મારા પર બ્લેન્ક નંબરથી કોલ આવેલ. મેં નંબર ટ્રેસ કર્યો તો મોટી અદાલતના જજસાહેબનો હતો. જજસાહેબે કહ્યું કે મારા આધારકાર્ડ અને પાન કાર્ડનો ઉપયોગ મની લોન્ડરિંગ માટે કરવામાં આવેલ છે. તમારી સામે સુપ્રીમ કોર્ટમાં કેસ દાખલ થયો છે. તમારી ડિજિટલ એરેસ્ટ થાય તેવો જડબેસલાક કેસ છે. ડિજિટલ એરેસ્ટ ન કરાવવી હોય તો ખાતા નંબર XXXXXXXX૦૦૧ પર દસ ડેસિલિયન ડૉલર જમા કરાવી દો: આવા વારંવાર ફોન આવે છે. ઇન્કમટેક્સ, દિલ્હી ક્રાઇમ બ્રાંચના એસપીના નામે ફોન આવે છે.’ રાજુએ ‘ડર કે આગળ ઔર ડર હૈ ’ ની વાત કહી! દેશમાં કેટલી બધી વ્યક્તિને ડિજિટલ એરેસ્ટના નામે લોકોને ખંખેરી લેવામાં આવી છે. મોટેભાગે સિનિયર સિટિઝનને શિકાર કરવામાં આવે છે. તાજેતરનાં આંકડા મુજબ, ૨૦૨૪ ના પ્રથમ ત્રિમાસિક ગાળા દરમિયાન ભારતીયોએ ‘ડિજિટલ ધરપકડ’ છેતરપિંડીમાં આશરે ૧૨૦ કરોડથી વધુ રૂપિયા ગુમાવ્યાં છે. ૭૪૦ લાખ ડિજિટલ ધરપકડની ફરિયાદ નોંધાઇ છે. ડિજિટલ ધરપકડ એ સાયબર છેતરપિંડીનો એક પ્રકાર છે, જેમાં ગુનેગારો લોકોને ધમકી આપીને પૈસા પડાવવાનો પ્રયાસ કરે છે....

‘રાજુ, તારી ડિજિટલ એરેસ્ટ કરી હોય તો તું તારા ઘરેથી મારા ઘરે કેમ આવી શકે?’ મેં તર્કસંગત સવાલ કર્યો.

‘હા, એ વાત તો મારા મગજમાં ન આવી.’ રાજુએ કાન પકડ્યો .

‘એના માટે મગજ હોવું જરૂરી છે.’ રાજુએ મારી સામે ડોળા કાઢ્યા.

રાજુ, દેશની વસતિ ૧૪૨ કરોડ છે. સુપ્રીમ કોર્ટના જજ દેશના બધા નાગરિકને નામજોગ ઓળખતા હોય? તને પીએમઓનો પટાવાળો ઓળખે છે? પોલીસ કોઇને એરેસ્ટ કરવાની હોય તો સુપ્રીમ કોર્ટમાં કેસ કરે કે ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં કેસ કરે? જ્યાં ઓફલાઇન અટકાયત માટે પોલીસે કેટલા પાપડ વણવા પડે છે તો ઓનલાઇન અટકાયત કેવી રીતે કરી શકે? કાયદામાં ઓનલાઇન અટકાયતની જોગવાઇ નથી તો ડિજિટલ એરેસ્ટ કંઇ રીતે કરી શકે? રાજુ, તારા દુશ્મને તારી વાટ લગાડવા ફેક કોલ કર્યો લાગે છે.’ મેં રાજુની ડિજિટલ એરેસ્ટ કરવાની શંકા ખારિજ કરી.

‘પણ, મને બીક લાગે છે. મારી ડિજિટલ એરેસ્ટ થઇ એ વાત દવની જેમ ફેલાઈ જાય તો મારા હાથ ક્યારેય પીળા નહીં થાય.!’ રાજુએ ભીતિ વ્યક્ત કરી .

હમ્મમ રાજુને કોણે ધમકી આપતા ફોન કર્યા હશે? આ કાંડ પાછળ કોણ જવાબદાર છે?

અમે શેરલોક હોમ્સની જેમ તપાસ કરી. ‘બખડજંતર ચેનલ’ના માલિક બાબુલાલના પટાવાળા ચંદુ ચૌદસ સાથે રાજુને બોલાચાલી અને હાથાપાઇ થયેલી. જોકે, બાબુલાલે બંનેને સમાધાન કરાવ્યું હતું, પરંતુ ભારાડી ચંદુ ચૌદસે રાજુના શ્વાસ અધ્ધર કરવા રાજુ રદીની ડિજિટલ એરેસ્ટ કરવાનો ખેલા કર્યો હતો! ડુંગર ખાદ્યોને નીકળ્યો ચંદુ ચૌદસ નામનું છછુંદર એ આનું નામ! ■

તસવીરની આરપાર ____ભાટી એન.

feedback@bombaysamachar.com

# સાવરકુંડલાનું મનોરોગી બહેનોની અનોખી સેવા કરતું ‘માનવ મંદિર’



ભક્તિરામ બાપુ મહંતશ્રી





અંશુ ગુપ્તા

આપણે સર્વશક્તિમાન માતાજી - ભગવાન કે સંતો-સતીનાં મંદિરો નિરખીએ છીએ!? પણ આજે આપણે એકસ્ટ્રા ઓર્ડિનરી માનવની સેવા કરતું ‘માનવ મંદિર’ના હરિભક્તો એટલે મનોરોગી બહેનો જેને આપણે અસ્થિર મગજના કહી તેને તરછોડવામાં આવે છે તેવી સમાજમાંથી અસ્વીકૃત બહેનો કે તરછોડાયેલ બહેનોને આ ‘માનવ મંદિર’માં સ્થાન મળે છે. આ માનવ મંદિર અમરેલી જિલ્લાના સાવરકુંડલાથી પાંચ કિ.મી. દૂર આવેલું ‘માનવ મંદિર’ અંતરિયાળ ગ્રામ્ય રસ્તે જતા આવે છે. પણ આ માનવ મંદિર લીલીછમ હરિયાળી ક્રાંતિ કરી વિવિધ અસંખ્ય વૃક્ષો છે અને વિશાળ હોલ છે ત્યાં નિત્ય મનોરોગી બહેનોની જમવાની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી છે. આજ હોલમાં ઠાકરજીનું મંદિર છે જ્યાં નિત્ય આરતી સેવા પૂજા થાય છે.

માનવ મંદિરનું સર્જન કેમ થયું...!? ભક્તિરામ બાપુ મહંતશ્રી અગાઉ કથા કરતા હતા અને પોતે તેમાં રત હતા પણ ઓચિંતું તેમને મનોરોગી વ્યક્તિનું દુ:ખ જોઈ તેમનું દિલ વલોવાય ગયું ને કથાની વ્યાસપીઠને વિરામ આપી સમાજની મનોરોગી બહેનો માટે સાવરકુંડલા પાસે કાના તળાવ નજીક ડુંગર પર જગ્યા ખરીદીને મનોરોગી-અસ્થિર મગજની બહેનોની સેવાયજ્ઞ શરૂ કર્યો. ભક્તિરામ બાપુના નામ એવા ગુણ છે. ગુણિયલ આ વ્યક્તિને તમામ સમાજનો સાથ મળતો જાય છે. આ ‘માનવ મંદિર’ કોઈ નાતજાત કે ધર્મના બદલે માનવ ધર્મને પ્રાયોરિટી આપે છે. આ માનવ મંદિરમાં મનોરોગી બહેનોને રહેવા માટે અલાયદા રૂમો બનાવ્યા છે અને આગળ વિશાળ ગ્રાઉન્ડ તેમ વૃક્ષોની શીતળ છાંયડીમાં ઓટા છે. ભગવાનની મૂર્તિઓ રાખી છે અને મોટા બે ચબૂતરા પણ છે જેથી પક્ષીપ્રેમી પણ બાપુ છે. અહીં ઘણીવાર તરછોડાયેલ કે ભૂલી પડી ગયેલ બહેનોને સામાજિક લોકો કે પોલીસ મૂકી જાય છે.

આ માનવ મંદિર તબીબ મંદિર પણ છે. અહીં એક રૂમમાં ડૉકટરી દવાઓ રાખવામાં આવી છે અને અમરેલીના મનોરોગી ડૉકટર સમયાંતરે આવીને મનોરોગી બહેનોની તપાસ કરે છે અને સુચારૂ દવા લખી આપે છે.

અત્યારે આ માનવ મંદિરમાં ૬૦ જેટલી મનોરોગી બહેનો રહે છે. તેમને સવારે ચા-નાસ્તો, બપોરે ભોજન એ સમયે જ જમ્યા બાદ દવાની પેટીઓ પર મનોરોગી બહેનનું નામ હોય તેને કેટલી દવા આપવાની તે પેટી પર રાખવામાં આવે છે. આમ બપોર ને સાંજે બે ટાઈમ સ્વયમ્ સેવિકા ઈલાબેન દવા આપે છે જેથી સમય જતા ઘણી મનોરોગી બહેનો સાજી થઈ જતા પૂજ્ય ભક્તિરામ બાપુ તેમના વાલીને બોલાવી મનોરોગીને પાછી સાજી કરી મોકલે છે. જેના વાલી-વારસ ના હોય તેના લગ્ન કે નિકાહ પણ પઢાવી સાસરે વળાવે છે. અહીં ચાર નાના બાળકો છે જે કોઈ મનોરોગીએ અહીં બાળકને જન્મ આપ્યો હોય કે ભૂલા પડેલ નાનાં બાળકોને પણ મોટા તો કરે છે પણ તેને સારી સ્કૂલમાં બાપુ ભણાવે છે ને પોતાના સંતાનની જેમ રાખે છે.

આ માનવ મંદિર અત્યારે અંશુ ગુપ્તા નામની યુવાન સુરતની છોકરી મનોરોગીદ્દછે પણ તેમની વાચાળ ભાષા, ગાવાની સ્ટાઈલ ને સાત જેટલી વિવિધ ભાષાઓ બોલે છે. તેમને સુરતથી તેમના વાલી અહીં મૂકી ગયા છે અને બાપુ તેની સારી સારવાર કરાવી રહ્યા છે, પણ અત્યારે સોશિયલ મીડિયામાં અંશુ ગુપ્તા છવાઈ ગઈ છે. તેની વાણીનો જાદુ નિરાળો છે. આથી પ્રેરાઈને ગુજરાતના મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ખાસ માનવ મંદિરની મુલાકાતે આવેલ. આમ ભક્તિરામ બાપુ મનોરોગી બહેનોને પ્રવાસ કરાવે છે અને આ શરદ પૂનમે રાસોત્સવ રાખેલ જેમાં નવા ચણિયા-ચોળી પહેરી બહેનો રાસ રમેલ. તેમની સાથે રાસ રમવા ઘણા હરિભક્તો આવેલ. અત્યારે અંશુ ગુપ્તાને મળવા માનવ મંદિરે માનવ મહેરામણ ઊમટે છે. અંશુ ગુપ્તા મનોરોગી હોવા છતાં સેલિબ્રિટી બની ગયાં છે. માટે મનોરોગી બહેનોનું અનોખું માનવ મંદિર આશ્રમની અચૂક મુલાકાત તમે લેશો તો તમારામાં પણ માનવતા ચોક્કસ પ્રગટશે...? ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## બનાવટનું અસલી કારણ



ચોરી, બેઈમાની જેવાં લક્ષણ ઘણી વાર પરિસ્થિતિની પેદાશ હોય છે. મધ્ય પ્રદેશના ભોપાલ શહેરમાં એક યુવતી નકલી એડિશનલ સુપ્રિન્ટેન્ડન્ટ (એસપી) બની ગર્દીવાળા વિસ્તારમાં રુઆબ જમાવવા પહોંચી ગઈ. એ સમયે અસલી મહિલા સબ - ઈન્સ્પેક્ટરનું ધ્યાન એના પર પડ્યું. એસપી મેડમના ગણવેશની નેમપ્લેટ જોઈ અસલીને લાગ્યું કે મેડમ નકલી છે. તરત મેડમને લઈ પહોંચી પોલીસ સ્ટેશને અને પૂછપરછમાં ‘પોતે અસલી પોલીસ નહીં’ હોવાની કબૂલાત કરતાં શિવાની નામની યુવતીની આંખોમાં આંસુ છલકાઈ આવ્યા. ના, માફી મેળવવાનું આ કોઈ નાટક નહોતું. વાત એમ હતી કે યુપીએસસીની મેઇન્સ પરીક્ષા પાસ કર્યા પછી યુવતી કામકાજ વિના ઘરમાં બેઠી હોવાથી ઘરના સભ્યો એને ટોણો મારતાં રહેતાં હતાં એટલે શિવાનીએ ખોટું ખોટું કહી દીધું કે પોલીસ ડિપાર્ટમેન્ટમાં એની વરણી થઈ ગઈ છે. સિલેક્શન થયા પછી નોકરીએ કેમ નથી ચડી? એ સવાલનો મારો થતા અને માંદગીના બિછાને હેરાન થતી માતાને શાંતિ મળે એ માટે શિવાનીએ દુકાનમાંથી પોલીસનો નકલી યુનિફોર્મ ખરીદ્યો અને ‘નોકરીએ લાગી ગઈ છું’ એમ જણાવ્યું. યુવતીનો ખુલાસો સાંભળી પોલીસ સ્ટેશનના ઉપરીની આંખો સજળ થઈ, પણ ફરજના ભાગરૂપે શિવાની સામે કેસ દાખલ કરી દીધો. ■

## રોબોએ અપહરણ કર્યું રોબોનું...



ચીનના સોશિયલ મીડિયામાં ધમાલ મચી છે. લોકોની આંખો પહોળી થઈ ગઈ છે અને મોઢા આશ્ચર્યમાં ખુલ્લા રહી ગયા છે. એક એવો બનાવ બન્યો છે જે સાંભળીને તો માનવામાં જ ન આવે, પણ આખેઆખો વીડિયો હાજર છે એટલે શંકાને કોઈ સ્થાન નથી રહેતું. રોબો (યંત્ર માનવ-રોબો) બનાવતી કંપનીના સર્વેલન્સ કેમેરામાં (ઝટ કોઈની નજરમાં ન આવે એવી દેખરેખ માટે ગોઠવણ ) એક રોબો શોરૂમમાં પ્રવેશતો દેખાય છે. બિલ્લીપગે એ રોબો અંદર રાખવામાં આવેલા ડઝન રોબો પાસે પહોંચે છે. ‘હેલો - હાઉ આર યુ’ જેવી ઔપચારિકતા પૂરી થયા પછી ‘તમારે ઓવરટાઈમ તો નથી કરવો પડતો ને?’ જેવા મુદ્દે વાતચીત થાય છે. વાતચીતમાં પાવરધો આગંતુક રોબો ડઝનમાંથી બે રોબોને ‘ચાલો, મારી સાથે’ સમજાવવામાં સફળ થાય છે. આશ્ચર્યની વાત તો એ છે કે બે રોબો આગંતુકની વાત માની એની પાછળ પાછળ જાય છે અને સાથે બાકીના ૧૦ રોબો પણ ચાલતી પકડી શોરૂમમાંથી બહાર નીકળી જાય છે, બોલો....

શરૂઆતમાં લોકોને આ મનોરંજક વીડિયો લાગ્યો, પણ જેના શોરૂમમાંથી રોબો ‘ભગાડવામાં આવ્યા’ છે એ કંપનીએ અન્ય કંપનીના રોબો પર ‘અપહરણ’નું આળ મૂક્યું છે... ! ■

## વોટ ફોર ચિયર્સ



ચાન્સ મળતા જ મિત્રો સાથે પાર્ટી - શાર્ટીના શોખીનો માટે ‘પીનેવાલોં કો પીને કા બહાના ચાહિયે’ અત્યંત પ્રિય પંક્તિ છે. જોકે, પીવાના શોખીનો માટે ‘ડ્રાય ડે’ એક એવું વિઘ્ન છે જે ક્યારે પૂરો થાય ને ક્યારે ફરી ‘ભીના થવાય’ એની તાલાવેલી હોય છે. યુએસના ન્યુ જર્સી સ્ટેટના હેડન હાઈટ્સ નામના શહેરમાં છેલ્લાં ૧૨૦ વર્ષથી દરેક દિવસ ડ્રાય-ડે જ રહ્યો છે. મતલબ કે અહીં આટલાં વર્ષોથી દારૂબંધી છે. થોડા દિવસ પહેલા થયેલી સ્થાનિક ચૂંટણી વખતે રહેવાસીઓએ રેસ્ટોરાંમાં શરાબ સર્વ કરવા પરવાનગી આપતા ઠરાવની તરફેણમાં મતદાન કર્યું છે. સાથે શરાબની દુકાન ખોલવાની પણ મંજૂરી મળી જશે. ૭૫૦૦ જનસંખ્યા ધરાવતા આ નગરના રહેવાસીઓને પાર્ટી - શાર્ટી કરવા બે અઢી કલાક ડ્રાઈવ કરીને બીજા શહેર જવું પડતું હતું અને ક્યારેક વધુ ‘લેવાઈ જાય’ તો ઘર વાપસીમાં મુશ્કેલી પડતી હતી. આ બધી ઝંઝટમાંથી હવે મુક્તિ મળશે અને એક સદી પછી ‘મૈં પીતા નહીં હૂં, પિલાઈ ગઈ હૈ’ ગીતના તાલે રસિયાઓ ઝૂમી ઊઠશે. ■

## અપસેટ અમેરિકનોને ઈટલીનું ઈજન



ડેમોક્રેટ પાર્ટીના ઉમેદવાર કમલા હેરિસને સજ્જડ પરાજય આપી રિપબ્લિકન પાર્ટીના ડોનલ્ડ ટ્રમ્પ યુએસએના પ્રેસિડેન્ટ બન્યા એ વાત કેટલાક અમેરિકનોને પેટમાં દુઃખી છે. કમલા હેરિસ ચૂંટાઈ આવશે એ ઈચ્છા સાકાર નહીં થવાથી અપસેટ - અસ્વસ્થ થઈ ગયેલા ડેમોક્રેટિક પાર્ટીના સમર્થકો માટે ઈટલીના સાર્ડિનિયા નામના ગામે એક સ્કિમ તૈયાર કરી છે. ‘એક ડૉલર ચૂકવો અને ઘરના માલિક બનો’ નામની આ લલચામણી - લોભામણી યોજનામાં ઘણા અમેરિકનોને રસ પડ્યો છે. રખે એવું માનતા કે ઈટલીના ગામવાસીઓને અમેરિકનો માટે અનુકંપા જાગી છે.

ગ્રામીણ વિસ્તારના રહેવાસીઓ ઘર ખાલી કરી મોટા શહેરમાં કે વિદેશ સ્થળાંતર કરી રહ્યા હોવાથી ઈટલીના અનેક ગામડાં ભેંકાર થઈ રહ્યા છે. સરકારી તંત્ર સફાળું જાગ્યું છે અને ૨૦૧૮થી અહીં ‘એક યુરો આપો અને ઘર તમારું’ સ્કીમ ચલણમાં આવી છે. આ ગામડા ખાલીખમ થઈ ભૂતિયા ન બની જાય એ એકમાત્ર ઉદ્દેશ છે. અમેરિકન નાગરિક અને ટ્રમ્પની વરણી તો એક માર્કેટિંગ ગતકડું છે. અમેરિકનો આવશે તો ગામડાં ફરી ધબકતા થઈ જશે એવી ઈટલીના તંત્રને શ્રદ્ધા છે. ■

## લ્યો કરો વાત!

*રાણી એલિઝાબેથના અવસાન પછી પ્રિન્સ ચાર્લ્સ કિંગ ચાર્લ્સ બની ગયા. ‘પરંપરા જળવાઈ’ બ્રિટિશ જનતાએ કહ્યું. જોકે, ચાર્લ્સની તાજપોશીના ભપકાદાર કાર્યક્રમ માટે ૭ કરોડ ૨૦ લાખ પાઉન્ડ (૧ પાઉન્ડ = ૧૦૫ રૂપિયા) ખર્ચી નાખવામાં આવ્યા હોવાની વાત બહાર આવતા બ્રિટનની જનતા ચોંકી ગઈ છે. છેવટે આ પૈસા તો લોકોએ ભરેલા ટેક્સની જ રકમ છે ને?! આ રકમમાંથી દેશના આરોગ્યની દેખરેખ રાખતી ‘એનએચએસ’ સંસ્થાની ૨૦૫૭ નર્સનો વાર્ષિક પગાર (સરાસરી ૩૫ હજાર પાઉન્ડ) ચૂકવાઇ જાત અથવા ૧૧૦૭ ડોક્ટર (સરાસરી વાર્ષિક પગાર ૬૫ હજાર પાઉન્ડ) રાખી શકાયા હોત એવી ગણતરી મુકવામાં આવી છે. જોકે, સિંહને કોણ કહે તારું મોં ગંધાય છે...?* ■

# સટાક સવાલ... ફટાક જવાબ

## રમુજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**ચૂંટણી જીતી જઈશ એવો વિશ્વાસ છે, છતાંય ઘરવાળા મને ચૂંટણી લડવા દેતા નથી.**

* પહેલાં ઘરમાં મતદાન કરી જુઓ. પછી સમજાઈ જશે...

**દુઃશાસનનું કેવું શાસન હતું?**

* આજની સદી જેવું - દુર્ગુણ વત્તા દુર્વ્યવહારનું કુશાસન...

**ભાજીમૂળા શબ્દથી અપમાનિત વ્યક્તિને સમ્માનિત કરવા શું કહેવું?**

* તમે સૂકામેવા જેવા છો...એમ કહેવું ...

**શિયાળાની સવારે શું કરવું જોઈએ?**

* આવા વાહિયત સવાલ પૂછવા માટે વહેલા ના ઊઠવું...

**પાકને ખરીદવા ટેકાના ભાવ સરકાર જાહેર કરે છે એમ પાટલીબદલુઓના ભાવ કેમ જાહેર કરતી નથી?**

* પક્ષની લાચારસંહિતા નડે છે...

**નેતા નેગેટિવ પબ્લિસિટી મળે તોય કેમ વિચલિત થતાં નથી?**

* મફત મળતું હોય એ મેળવવાની નીતિ- વૃત્તિ...

**કશું માગવા માટે હાથ કેમ લાંબો કરવો પડે?**

* બે પગથી પગે લાગી શકાતું નથી માટે...

**પ્રિય પડોશણ લિફ્ટમાં એકલી મળી જાય તો?**

* ‘એક દૂજે કે લિયે’ ફિલ્મનો સિન ભજવવાની બેવકૂફી ના કરવી...

**પ્રેમમાં રિસામણા -મનામણાં ઉપરાંત શું શીખવું જોઈએ?**

* ક્યારેક વામણાં થતાં પણ બનતાં શીખવું

**પહેલાં કન્યા વરની ચૂંદડી ઓઢવી પસંદ કરતી...હવે ?**

* આજની કન્યા ચૂંદડી-ચોખાના બદલે બેંક કાર્ડ- કાર પસંદ કરે છે.

**મેરેજ રિસેપ્શનમાં સ્ટેજ પર નવદંપતી હોય, પણ ઓફિસમાં રિસેપ્શન કાઉન્ટર પર માત્ર યુવતી ?.**

* યુવતીને સજોડે કામ કરવા દેવાનો ચાંલ્લો કંપનીવાળાને પોષાય નહીં....

**પહેલાં ભગવાન રામના નામે પથરા તરતા હતા. હવે ?**

* આજેય રામના નામે પોલિટિશિયનો પથ્થર તરાવે જ છેને ?!

**દુનિયા દોરંગી છે, સપ્તરંગી છે, નવરંગી છે. સાચું શું?**

* જીવન હકીકતમાં મનરંગી છે...

**તળાવમાં મગર સાથે દોસ્તી કરવી સારી કે દુશ્મની?**

* એ તમારા કરતાં મગર પર વધુ આધાર છે...

**જમાનો ભણેલાંનો છે કે ગણેલાંનો?**

* ભણાવનારનો..અલબતા, ઉંઠા ! ■

## ઔર યે મૌસમ હંસીં...

દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com


# જિંદગીનો માણવા જેવો જલસો... તમારા લગ્ન!

ભારતીય પરંપરામાં અગ્નિનું ઘણું મહત્ત્વ છે. પૌરાણિક સાહિત્ય મુજબ સુરક્ષા અને શત્રુઓના નાશ માટે અગ્નિ જરૂરી હતો. અગ્નિને સાચવતા નહિ આવડ્યું હોય એ સમયે અનેક લોકોએ પ્રાણ ખોયા હશે. અગ્નિને બારે મહિના સંભાળીને રાખતાં શીખ્યો હશે એ પછી જ માણસ કદાચ ગુફાઓમાંથી મેદાનમાં ઝૂંપડી બનાવીને રહ્યો હશે. સરવાળે મનુષ્યજીવનને ઉત્કૃષ્ઠ બનાવવામાં અગ્નિનો ખાસ ફાળો રહ્યો છે.

આપણે ત્યાં લગ્નની સપ્તપદીમાં અગ્નિ પ્રગટાવવામાં આવે છે. મનુષ્યનું અસ્તિત્વ ટકાવવામાં હજારો વર્ષથી સાથી અગ્નિ લગ્નપ્રથામાં સાક્ષીનો રોલ નિભાવે છે. આપણા હાસ્યકારો અને કેટલાક સાહિત્યકારોએ મસ્ત મજાની લગ્નપ્રથામાં નિમ્નકક્ષાનું હાસ્ય શોધીને લગ્નપ્રથાને એન્જોયને બદલે તણાવયુક્ત હોય એવો માહોલ પેદા કરી દીધો છે. જીવનની સૌથી સુંદર માણવા જેવી કોઈ ભેટ હોય તો લગ્નપ્રથા છે માટે યુવા મિત્રો, લગ્ન કરો અને ધરતી પરનું અમૂલ્ય સુખ ભોગવો.

કેટલાક મીડિયામાં જણાવ્યા પ્રમાણે આ વર્ષે દેશભરમાં લગભગ પાંત્રીસ લાખ લગ્નમાં પાંચેક લાખ કરોડનો ખર્ચ થશે. ભૂતકાળમાં લગ્ન મહદંશે એકાદ બે દિવસના રહેતાં, આજકાલ ત્રણ -ચાર દિવસ સામાન્ય થતાં જાય છે. ભારતીય ઉપખંડમાં લગ્ન ફક્ત પરિવારોના આનંદ માટે જ નથી થતાં નવદંપતી -મહેમાનો પણ એ અવસરની મઝા માણે છે. આપણે ત્યાં મોટાભાગનાં લગ્નો સુખી થવા માટે થતાં હોય છે, સિવાય કે સમજદારીનો અભાવ કે છેતરપિંડી જ દંપતીને દુઃખી કરી શકે.

ભારતમાં લગ્ન કરવા માટે પરિવારોનું દબાણ સૌથી વધુ કારણભૂત છે. ધીમે ધીમે યુવાવર્ગ બદલાવા લાગ્યો છે. પોતાના પગ પર આર્થિક રીતે સ્થિર થયા પછી અથવા પૂરેપૂરો અભ્યાસ કર્યા પછી જ લગ્ન કરવાની પોતાની જીદને મનાવતો થયો છે. ખાસ કરીને છોકરીઓ અભ્યાસ અને કરિયર પર વધુ ધ્યાન આપવા લાગી છે.



આપણી ફિલ્મ સહિત મોટાભાગની કથામાં હીરો અને હીરોઈન મળે અને અંતે લગ્ન થાય એટલે સ્ટોરીનો એન્ડ થઇ જાય. સામાન્ય ઇન્ટરવ્યૂમાં બંને એટલું તો વિચારતા થયા છે કે એકબીજાને પસંદ પડે એવું બન્ને વચ્ચે સામાન્ય શું છે અને એકબીજાને નાપસંદ પડે એવું શું છે..... લગ્ન જીવનમાં થતાં નાના-મોટા વિવાદનું સમાધાન દંપતી લાવી શકે છે કેમ એનો મૂક અભ્યાસ જ ઇન્ટરવ્યૂમાં કરતાં હોય છે.

આજકાલ રાજનૈતિક વિચારધારા પણ લગ્નજીવનની સ્થિરતા માટે જરૂરી છે. ભારત તો છોડો, અમેરિકા જેવા દેશમાં રિપબ્લિકનો અને ડેમોક્રેટો પોતાની વિચારધારાના સાથીને પસંદ કરતાં હોય છે. એનો અર્થ એવો થયો કે ભારત જેવા દેશમાં ધાર્મિક માન્યતાથી માંડીને રાજકીય વિચારધારા સુધી મેળ પડે છે કે કેમ એનો પણ અભ્યાસ કરાવવો જોઈએ. એકબીજાની સોશ્યિલ મીડિયામાં સમય આપવાની આદત વિષે ખ્યાલ રાખવો જરૂરી છે. કલાકો સુધી મોબાઈલમાં રહેતા હોય કે રીલ્સ જોતા હોય એવા સાથીની આદત પહેલેથી જાણવાથી એકબીજા માટે ક્વોલિટી ટાઈમની સમસ્યા ઊભી થશે નહિ.

આવા અનેક સવાલનો ભારતમાં વિશેષ અભ્યાસ થવો જોઈએ. નજરે ન દેખાતી ઘણી સમસ્યાઓનું નિરાકરણ શક્ય થાય તો જ લગ્નજીવનમાં રોમાન્સ નામનું તત્ત્વ આજીવન વહી શકે. સારા શબ્દો કે ભૂલોને હસી નાખવી તો પ્રારંભિક શરત છે. ભારત જેવા દેશમાં ડિવોર્સનો દર ડરામણો નથી કે લગ્ન કરવાનો ડર લાગે પણ પાત્ર પસંદગીમાં સાવચેતી રાખવી જોઈએ.

આજકાલ લગ્નની સિઝન ખીલી છે. નવદંપતીઓએ એક વસ્તુનો ખાસ ખ્યાલ રાખવો જોઈએ કે ઘરબહાર મળેલી નિષ્ફળતામાં જીવનસાથીનો સાથ-સહકાર જરૂરી હોય છે. એક બીજાની ભૂલ માટે માફી આપતાં પહેલા એકબીજાને ધ્યાનપૂર્વક સાંભળતા શીખવું જોઈએ. વિદેશમાં તેમજ મહાનગરોમાં સ્થાયી થતાં દંપતીઓમાં કરિયર બનાવવાની તથા વ્યવસાયિક ચિંતા વચ્ચે વાતો કરવાનો ય સમય મળતો નથી. કેરિંગ અને હૂંફ નામના સ્વપ્ન સાથે મળેલાં જીવ તો નિરાશા જ અનુભવે છે અને એકવાર કોઈ પણ કારણસર લગ્નજીવન ભાંગી ગયું છે એમાં અડધોઅડધ મહિલાને પુનઃ લગ્નમાં રસ પડતો નથી. વૈશ્વિક અભ્યાસ કહે છે કે દુનિયામાં સુખસગવડ અને એજ્યુકેશનના પ્રતાપે ડિવોર્સનો દર ઘટી રહ્યો છે. એકબીજાથી સુખી હોય એવા દંપતીઓની સંખ્યા વધી રહી છે.

આધુનિક દંપતીઓને ઘરની જવાબદારીઓ કરતાં કારકિર્દી વધારે મહત્ત્વની છે. લખલૂટ પૈસા કમાવા અને મઝાથી પૈસા વાપરવા સાથે જરૂરી બચતના લેસન યુવાપેઢીને ખબર છે. ‘ડિવોર્સ રેટ વધી ગયો છે ને ડોમેસ્ટિક વાયોલન્સ વધ્યો છે ’ જેવા એકલ દોકલ સમાચારોથી કોઈ લગ્નજીવન હલી જતા નથી. વૈશ્વિક અભ્યાસ તો માને છે કે યુવા દંપતીઓ વધુ સુખી થતા જાય છે.

સામાન્ય સંજોગમાં બધા એવું માને છે કે જીવનસાથીને વૈચારિક તેમજ વ્યક્તિગત સ્વતંત્રતા હોવી જોઈએ. કોર્પોરેટ યુગમાં એકબીજાને સમસ્યામાં કેટલો સહયોગ આપી શકે છે એનું મહત્ત્વ વધવા લાગ્યું છે. એક અભ્યાસ તો કહે છે કે દંપતી વચ્ચે ગંભીર ઝઘડો થયા પછી સમાધાન થાય ત્યારે પ્રેમ અને સમજણનું પ્રમાણ વધે છે. એકબીજાને સમજવાની ભાવના વધારે આકર્ષણ જન્માવે છે.

આધુનિક લગ્નજીવનમાં પૈસા અને સમયનું દિન પ્રતિદિન મહત્ત્વ વધતું જાય છે. એકલા પૈસાનું જ મહત્ત્વ કંટાળાજનક બની ના જાય એટલે બેલેન્સ રાખવા માટે સમયનો સદુપયોગ કરતાં શીખવો જોઈએ. અમેરિકા જેવા દેશમાં કામના દિવસોમાં સહજ વાત કરવા માટે ફક્ત ચાર મિનિટ જેટલો જ સમય મળે છે. ભારતમાં પણ દિવસ દરમિયાન વાતચીતનો સમય ઘટતો જાય છે. આ સમયને સાચવવા મોબાઈલ પર ‘મેસેજ મેસેજ રમી શકાય’ છે. હવે બંને પાત્ર એકબીજાની સમસ્યા સમજતા થયા છે. સંઘર્ષના સમયે ઉજ્જવળ ભાવિ તરફ જોવું એ વધુ આવકારદાયક છે.■

**ધ એન્ડઃ**

*ક્યોંકી સબ ભાગ રહે હૈ, ઇસ લિયે મેં ભી ભાગ રહા હું*

## કચ્છી ચોવક

કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# આશા ને પાસા ક્યારેક અવળા તો ક્યારેક સવળા

ચોવક છે : ‘આયો આડર ગુરે, વ્યો ગુરે વોરાંણી’

‘આયો’ એટલે ‘જે આવે તે,’ ‘આડર’નો અર્થ થાય છે આદર. ‘ગુરે’ એટલે માગે, ‘વ્યો’નો અર્થ છે ‘જે જાય તે’ ‘વોરાંણી’ એટલે વિદાય.. શબ્દાર્થ છેઃ જે આવે તે આદર માગે અને જતી વખતે વિદાય માગે! પરંતુ તેનો તદ્દ્ન ટૂંકો ભાવાર્થ છે : વ્યક્તિને માન આપવું.

આપણે ઘણી બધી આશાઓ સાથે જીવતા હોઇએ છીએં. આશાનાં પરિણામ પારખી શકાતાં નથી. ચોવક કહે છે : ‘આશાનાં પરિણામ પારખી શકાતાં નથી. ચોવક કહે છેઃ **‘આશા નેં પાસા, કડેં અવરા કડેં સવરા.’** અહીં આશને ‘પાસા’ સાથે સરખાવવામાં આવી છે અને ‘પાસા’ એટલે આમ તો જુગાર રમવામાં વપરાતી ‘ધાણી’ના પાસા... પણ અહીં જીવનમાં થતાં કર્મોનાં પરિણામ સાથે વધારે સંબંધ હોય તેવું લાગે છે. કારણકે ચોવકનો શબ્દાર્થ છેઃ આશા અને પાસા ક્યારેક અવળા તો ક્યારેક સવળા પડતા હોય છે.

પરિશ્રયના ફળ સાથ પણ સરખાવી શકાય. આશા ફળે ત્યારે- અધધધ આપે અને અવળી થાય ત્યારે નિરાશા આપી જાય છે. અહીં જે ‘કડેં’ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે તેનો અર્થ થાય છે. ‘કયારેક’ અને ‘અવરા-સવરા’નો મતલબ છે, ‘અવળા-સવળા’!

એક બહુ સરસ ચોવક છે : **‘ઓસાંણ વડો હથિયાર’** ‘ઓસાંણ’નો અર્થ થાય છે જુસ્સાપૂર્વકની નવી હિમ્મત છે. ‘વડો’ એટલે મોટો કે (અહીં) મોટું. ચોવકનો શબ્દાર્થ છેઃ હિમ્મત એજ મોટું હથિયાર છે. કોઇ એક કાર્યમાં નિષ્ફળ ગયા પછી, ફરી તેમાં સફળતા મેળવવા માટે જુસ્સાપૂર્વક નવી હિંમત સાથે એ કાર્યની શરૂઆત કરવી જોઇએ. નિરાશ થઇને બેસી ન રહેવાય.

આ ચોવક માણજો મિત્રો. ચોવક છેઃ **‘કડેંક માટી મટતેં, કડેંક મટ માટી તેં’** ‘કડેંક’ શબ્દનો અર્થ થાય છે ‘કયારેક’ અને ‘માટી’ એટલે ‘માટી’ ‘મટતેં’ એટલે માટલાં પર ચોવકનો સરળ શબ્દાર્થ છેઃ કયારેક માટી માટલાં પર તો કયારેક માટલું માટી પર! પરંતુ તેનો ભાવાર્થ જુદો જ છે, જેને નથી માટલાં સાથે સંબંધ કે નથી માટી સાથે સંબંધ! અર્થને સંબંધ છે. જીવનમાં સમય પ્રમાણે થતી ઊથલપાથલ સાથે!- સમય પ્રમાણે ઊભા થતા સંજોગો સાથે, કે હાલત સાથે!

ઘણા લોકો એવા જોવા મળે છે કે જેને કામ કરવું ગમતું જ નથી. તેમની માનસિકતા જ એવી છે. જેને આપણે ‘કામનો કૂડો’ કહેતા હોઇએ છીએં. તેવા લોકોની માનસિકતા દર્શાવતી ચોવક છેઃ **‘કમ કરે કેર કરમી થ્યો આય?’** મતલબ કે કામ કરીને કોણ કર્મઠ થયું છે? ‘કમ’ એટલે કામ. ‘કરે’ એટલે કરીને અને ‘કેર’નો અર્થ થાય છે કોણ? ‘કરમી’ કર્મઠના અર્થમાં વપરાયેલો શબ્દ છે. ‘થ્યો આય’? એટલે થયું છે? મજાકમાં પણ આ ચોવકનો ઉપયોગ થાય છે. પણ તેનો મૂળ અર્થ તો એ જ કે, ‘કામ ન કરવાની માનસિકતા.’

પરંતુ બીજી ચોવક છે જે કામની શક્તિને ઉજાગર કરે છે. કહે છે કે : ‘કમ તિતે કરમ’ કમ એટલે કામ, ‘તિતે’નો અર્થ છે ‘ત્યાં.’ ‘કરમ’ એટલે કર્મ (ધર્મ) ચોવક કહે છે કે, જયાં કામ છે ત્યાં જ કર્મ (ધર્મ) છે! અહીં કામનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું છે.

ગુજરાતીમાં આપણે એક કહેવત વારંવાર પ્રયોજતા હોઇએ છીએં કે, ‘જેવું કરો તેવું પામો’ એ જ અર્થમાં એક ચોવક છેઃ **‘કરણી તેડી ભરણી’** ‘કરણી’નો અર્થ થાય છે કર્મ, ‘તેડી’ એટલે તેવી. સરળ ભાવાર્થ છેઃ ‘જેવું કરશો તેવું પામશો.’ કર્મનાં ફળ!

‘કરમ’ને ભાવિના અર્થમાં પ્રયોજીને ચોવક બની છેઃ **‘કરમ કો ઉપટી નાંય ન્યારેં’** ‘કો’ એટલે કોઇ. ‘ઉપરી’નો અર્થ થાય છે. ખોલીને, ‘નાંય’ એટલે નથી અને ‘જયારે’ નો અર્થ છે ‘જોવું કે જોયુ’ મૂળમાં અર્થ એવો છે કે, ભાવિથી અજાણ હોવું. શબ્દાર્થ છેઃ ભવિષ્યના પેટારાને કોઇ ખોલીને જોઇ શકયું નથી. ■

# ૨૦૧૯નું રીરન?: સીએમ શિંદે માટે એનસીપીનો સંપર્ક સાધ્યો શિવસેનાએ

## અજિતદાદાને મનાવવા માટે પહોંચ્યા શિંદે-સેનાના નેતાઓ: પડદા પાછળ ઝડપી હિલચાલ, કલાકો સુધી ચાલી ચર્ચા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિવસેના અને ભાજપનું ગઠબંધન પાંચ વર્ષ પહેલા તૂટી ગયું હતું. મુખ્ય પ્રધાનપદને મુદ્દે બંને પક્ષો વચ્ચેનું જોડાણ તૂટ્યું હતું. હવે પાંચ વર્ષ પછી ફરી એ જ ઘટનાઓની ઘટમાળ શરૂ થઈ રહી છે. એવું જોવા મળી રહ્યું છે કે ભાજપ અને શિવસેના વચ્ચે મુખ્ય પ્રધાનપદને લઈને લડાઈ શરૂ થઈ રહી છે. ભાજપ ફરી એકવાર મુખ્ય પ્રધાનપદ છોડવા તૈયાર નથી. ભાજપ દ્વારા મુખ્ય પ્રધાનપદ માટે દેવેન્દ્ર ફડણવીસના નામની ચર્ચા ચાલી રહી છે. શિવસેનાએ હવે મહાયુતિના અન્ય ઘટક પક્ષ એનસીપીનો સંપર્ક કર્યો છે. શિંદેની શિવસેના દ્વારા એનસીપીને મુખ્ય પ્રધાનપદ માટે એકનાથ શિંદેને સમર્થન આપવાની વિનંતી કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી એનસીપીએ આ અંગે કોઈ નિર્ણય લીધો નથી. જોકે આને કારણે ૨૦૧૯નું રીરન થઈ શકે જ્યારે અવિભાજિત શિવસેનાએ ઉદ્ધવ ઠાકરેના નેજા હેઠળ ભાજપને પડતો મૂકીને મહાવિકાસ આઘાડીની સરકાર રચી હતી.

શિવસેના મુખ્ય પ્રધાનપદ જાળવી રાખવા માટે મરણિયા પ્રયાસો કરી રહી

(જુઓ પાનું ૪) ▸▸



**આજનો ડેપ્યુટી આવતી કાલનો સીએમ?:** મહારાષ્ટ્રમાં મુખ્ય પ્રધાનની ખુરશી માટે આ બે નેતા વચ્ચે રસ્સીખેંચ ચાલી રહી છે ત્યારે મંગળવારે ૨૬/૧૧ના દિને મહારાષ્ટ્રના રખેવાળ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શહાદતોને અંજલિ આપી હતી. (પીટીઆઈ)

# મુખ્ય પ્રધાનનું નામ જાહેર કરવાની ભાજપને શું કામ ઉતાવળ નથી?

## નવી સરકારમાં કોને કેટલાં અને કયાં ખાતાં એ પણ ફાઈનલ ન થાય ત્યાં સુધી ભાજપ રઘવાટ નહીં દેખાડે

મુંબઈ: ભારતીય જનતા પાર્ટી (ભાજપ) મહારાષ્ટ્રની નવી સરકારમાં ખાતાંઓની વહેંચણીને આખરી ઓપ આપવામાં ન આવે ત્યાં સુધી મુખ્ય પ્રધાનપદના ઉમેદવારની જાહેરાત કરવાની ઉતાવળ કરશે નહીં, એમ પક્ષના ઉચ્ચ સ્થાને વિરાજમાન સૂત્રોએ મંગળવારે જણાવ્યું હતું.

આગામી મુખ્ય પ્રધાન કોણ બનશે તે અંગે મહાયુતિના નિર્ણયમાં વિલંબ થશે તેવા સંકેતો ઊભરી આવ્યા હતા કારણ કે મંગળવારે સવારે રાજ્યપાલે એકનાથ શિંદેનું રાજીનામું સ્વીકાર્યા પછી તેમને રખેવાળ મુખ્ય પ્રધાન તરીકે કામ કરવા જણાવ્યું હતું.

વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ-શિવસેના-એનસીપી ગઠબંધનની જંગી જીત છતાં ટોચના પદ પર કોણ કબજો કરશે તે અંગે સાથી પક્ષોમાં હજી સુધી કોઈ સહમતિ

(જુઓ પાનું ૪) ▸▸

# જો 'એક'નાથ છે તો 'સેફ' છે

## શિંદે જૂથના વિધાન પરિષદનાં સભ્યે મુખ્ય પ્રધાનપદના નિર્ણય પહેલા પોસ્ટર શેર કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રમાં આગામી મુખ્ય પ્રધાન કોણ હશે તેના પર હજી સસ્પેન્સ યથાવત્ છે. જો શિંદે જૂથના નેતા સંજય શિરસાટનું માનીએ તો ૩૦ નવેમ્બર સુધીમાં મુખ્ય પ્રધાનની જાહેરાત કરવામાં આવશે.

મહારાષ્ટ્રમાં મુખ્ય પ્રધાનપદ પર નિર્ણય લેવામાં આવે તે પહેલાં એકનાથ શિંદે જૂથની એમએલસી મનીષા કાયંદેએ પોસ્ટ શેર કરી છે. એમાં તેણે લખ્યું છે કે જો 'એક'નાથ છે તો 'સેફ' છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વિધાનસભાની ચૂંટણી દરમિયાન આપેલો નારો 'એક હૈ તો સેફ હૈ'ની તર્જ પર બનાવવામાં આવ્યો છે. મહારાષ્ટ્રમાં મુખ્ય પ્રધાનપદ અંગે હજુ સુધી નિર્ણય લેવામાં આવ્યો નથી.

શિંદે જૂથે આ પોસ્ટર દ્વારા રાજકીય સંદેશ આપવાનો પ્રયાસ કર્યો હોવાનું માનવામાં આવે છે.

મહારાષ્ટ્રમાં ચૂંટણી દરમિયાન વડા પ્રધાન મોદીના 'એક હૈ તો સેફ હૈ'ના નારાની ખૂબ ચર્ચા થઈ હતી. વિપક્ષનો આરોપ છે કે ભાજપે આ દ્વારા ધ્રુવીકરણ કરવાનો પ્રયાસ કર્યો છે. ભાજપનું આ સૂત્ર ચૂંટણી પરિણામોમાં ફાયદાકારક સાબિત થયું.

મહારાષ્ટ્રમાં એકનાથ શિંદે અને ભાજપના દેવેન્દ્ર ફડણવીસના નામ સીએમની રેસમાં છે. ભાજપના સમર્થકો ઈચ્છે છે કે વધુ સીટો જીત્યા બાદ તેમની પાર્ટીના નેતાને મુખ્ય પ્રધાન બનાવવામાં આવે.

શિંદે જૂથની દલીલ છે કે જે રીતે બિહારમાં નિતિશ કુમારને ઓછી બેઠકો હોવા છતાં સીએમ બનાવવામાં આવ્યા છે તે જ રીતે

(જુઓ પાનું ૪) ▸▸

# મરાઠાઓ શિંદેને સીએમ તરીકે ઈચ્છે છે: શિંદે-સેનાનો દાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના આગામી મુખ્ય પ્રધાન માટે મહાયુતિમાં અત્યારે ખેંચતાણ ચાલી હોવાથી પ્રવર્તી રહેલા સસ્પેન્સ વચ્ચે, એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનાના એક નેતાએ એવો દાવો કર્યો છે કે મરાઠા સમુદાય એકનાથ શિંદેને ટોચના પદ પર ચાલુ રાખવા માગે છે.

શિવસેનાના પ્રવક્તા શીતલ મ્હાત્રે મંગળવારે પત્રકારોને જણાવ્યું હતું કે રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને શિંદેને મુખ્ય પ્રધાન તરીકે ચાલુ રાખવામાં આવે તે ઈચ્છનીય છે.

૨૮૮-સભ્યોની વિધાનસભામાં ૨૩૦થી વધુ બેઠકો જીતીને ભાજપની

(જુઓ પાનું ૪) ▸▸

# સીએમ તરીકે શિંદે: ૧૦૦થી વધુ મંદિરોમાં થઈ પૂજાવિધિ

મુંબઈ: મહાયુતિ ૨.૦ સરકારમાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન તરીકે એકનાથ શિંદે ચાલુ રહે તે માટે ૧૦૦થી વધુ મંદિરોમાં ધાર્મિક વિધિઓ કરવામાં આવી રહી હોવાનું જાણવા મળ્યું હતું.

શિંદે સુકાન સંભાળશે કે કેમ તે અંગેનો કોયડો છે કે શું ભાજપને શાનદાર જીત અપાવનાર દેવેન્દ્ર ફડણવીસ તેમનું સ્થાન લેશે કે કેમ તે મહાયુતિએ સત્તા જાળવી રાખવા માટે ઘર માંડયાના ત્રણ દિવસ પછી પણ વણઉકેલાયેલો છે.

શિવસેનાની ધર્મવીર અધ્યાત્મિક સેનાના વડા અક્ષય ભોસલેએ જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રના ૧૦૦થી વધુ મંદિરોમાં પૂજારીઓ દ્વારા હવન (અગ્નિની વિધિ) અને પૂજા કરવામાં આવી રહી

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈ ઠંડા ઠંડા કૂલ કૂલ

## છેલ્લા એક દાયકાનું બીજા નંબરનું સૌથી ઓછું ૧૬.૮ ડિગ્રી તાપમાન નોંધાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈગરાએ મંગળવારે વહેલી સવારે શિયાળાની ધ્રુજાવી નાખનારી ઠંડીનો અનુભવ કર્યો હતો. મંગળવારે તાપમાનનો પારો ૧૬.૮ ડિગ્રી જેટલો નીચો નોંધાયો હતો, જે છેલ્લા એક દાયકાનું બીજું સૌથી નીચું તાપમાન રહ્યું હતું. આ અગાઉ નવેમ્બર ૨૦૧૬માં ૧૬.૩ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આગામી બે-ત્રણ દિવસ દરમિયાન પારો હજી નીચે ઉતરે એવી શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે.

મુંબઈની સાથે જ સમગ્ર રાજ્યમાં ઠંડીનું મોજું ફરી વળ્યું છે. રાજ્યમાં મંગળવારે મધ્ય મહારાષ્ટ્રના અહમદનગરમાં ૯.૭ ડિગ્રી જેટલું

(જુઓ પાનું ૪) ▸▸

### પારો હજી નીચે ઉતરશે

હવામાન ખાતાના અધિકારીના જણાવ્યા મુજબ મુંબઈમાં ઠંડીનું આગમન સામાન્ય કરતા વહેલું આવી ગયું છે, તેનું કારણ ઉત્તર તરફથી ફૂંકાઈ રહેલા ઠંડા પવનો છે. આગામી દિવસમાં તાપમાનમાં હજી ઘટાડો જોવા મળશે. ૨૮ અને ૨૯ નવેમ્બર સુધીમાં તાપમાનમાં પારો નીચે ઉતરશે. જ્યારે પણ ઉત્તર ભારતમાં બરફવૃષ્ટિ થાય છે ત્યારે તેની અસર મુંબઈને પણ થાય છે અને મુંબઈમાં તાપમાનનો પારો નીચે ઉતરે છે. ■

### નવેમ્બરમાં છેલ્લા એક દાયકામાં નોંધાયેલા લઘુતમ તાપમાન

| | |
|---|---|
| ૨૦૨૩ | ૧૯.૭ ડિગ્રી (૩૦) |
| ૨૦૨૨ | ૧૭ ડિગ્રી (૨૧,૨૨,૨૯) |
| ૨૦૨૧ | ૧૯.૮ ડિગ્રી(૧૧) |
| ૨૦૨૦ | ૧૯.૨ ડિગ્રી(૧૦) |
| ૨૦૧૯ | ૨૦.૫ ડિગ્રી (૨૬) |
| ૨૦૧૮ | ૧૯.૨ ડિગ્રી (૧૬) |
| ૨૦૧૭ | ૧૯ ડિગ્રી (૩૦) |
| ૨૦૧૬ | ૧૬.૩ ડિગ્રી (૧૧) |
| ૨૦૧૫ | ૧૮.૪ ડિગ્રી (૨૦) |
| ૨૦૧૪ | ૧૮.૨ ડિગ્રી (૨૭,૩૦) |

# દાદર, પરેલ, પ્રભાદેવીમાં બાવીસ કલાક માટે પાણી બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દક્ષિણ મુંબઈમાં લોઅર પરેલ પરિસરમાં ૧,૪૫૦ મિલીમીટર વ્યાસની તાનસા મેઈન પાઈપલાઈનનું કામ આવતી કાલે, ગુરુવારે રાતના ૧૦ વાગ્યાથી શુક્રવારના રાતના આઠ વાગ્યા દરમિયાન કરવામાં આવવાનું છે. તેથી બાવીસ કલાક દરમિયાન દાદર, પરેલ, પ્રભાદેવી સહિતના અમુક વિસ્તારમાં સંપૂર્ણપણે પાણીપુરવઠો બંધ રહેશે. તો અમુક વિસ્તારમાં સમારકામની આંશિક અસર રહેશે.

લોઅર પરેલમાં સેનાપતિ બાપટ માર્ગ પર ગાવડે ચોકમાં રહેલી ૧,૪૫૦ મિલીમીટર વ્યાસની તાનસા મેઈન પાઈપલાઈનનું કામ પાણીપુરવઠા વિભાગ દ્વારા હાથ ધરવામાં આવવાનું છે, આ કામ રાતના ૧૦ વાગે આ કામ ચાલુ કરવામાં આવશે. શુક્રવારના રાતના આઠ વાગે કામ પૂરું થશે. સમારકામ દરમિયાન આખી પાઈપલાઈનનો પાણીપુરવઠો બંધ કરવો પડશે. તેથી જેટલો

(જુઓ પાનું ૪) ▸▸

### કયાં પાણી નહીં આવે?

કરી રોડ, સખારામ બાળા પવાર માર્ગ, મહાદેવ પાલવ માર્ગ, એન.એમ.જોશી માર્ગ, બીડીડી ચાલ, લોઅર પરેલ, પરિસરમાં વહેલી સવારના ૪.૩૦ વાગ્યાથી સવારના ૪.૪૫ વાગ્યા સુધી કરવામાં આવતો પાણીપુરવઠો બંધ રહેશે. એન.એમ.જોશી માર્ગ-બીડીડી ચાલમાં બપોરના ૨.૩૦થી ૩.૩૦ વાગ્યા સુધી કરવામાં આવતો ણીપુરવઠો સંપૂર્ણપણે બંધ રહેશે. પ્રભાદેવી પરિસર, પી.બાળુ માર્ગ, હાતિસકર માર્ગ, આદર્શ નગર, જનતા કોલોની, અપ્પાસાહેબ મરાઠે માર્ગ, વીર સાવરકર માર્ગ, એન.એમ. જોશી માર્ગ, સેનાપતિ બાપટ માર્ગ, પાંડુરંગ બુધકર માર્ગ, ગણપતરાવ કદમ માર્ગ, પ્રભાદેવી અને સમગ્ર લોઅર પરેલ સ્ટેશન પરિસરમાં નિયમિત રીતે

(જુઓ પાનું ૪) ▸▸

# આનંદો: આજથી પશ્ચિમ રેલવેમાં એસીની ૧૩ સેવા વધી જશે

મુંબઈ: પશ્ચિમ રેલવેમાં એસી (એર કન્ડિશન્ડ) લોકલ ટ્રેનમાં મુસાફરી કરનારા પ્રવાસીઓ માટે આનંદના સમાચાર છે. એસી લોકલ ટ્રેનની વધતી લોકપ્રિયાતને કારણે પશ્ચિમ રેલવેમાં આજથી વધુ ટ્રેનની સર્વિસ ઉપલબ્ધ થશે એસી લોકલ ટ્રેનોની લોકપ્રિયતા અને પ્રવાસીઓ દ્વારા ટ્રેનની ફેરી વધારવાની માગણીને ધ્યાનમાં રાખીને આવતી કાલથી મુંબઈ ઉપનગરીય વિભાગ પર એસી લોકલ સેવાઓની સંખ્યામાં વધારો કરવાનો નિર્ણય લીધો છે. આજથી ૧૩ એસી લોકલની સર્વિસમાં વધારો થવાથી પશ્ચિમ રેલવેના સેક્શનમાં કુલ સંખ્યા (અઠવાડિયાના દિવસોમાં) ૯૬થી વધીને ૧૦૯ અને શનિવાર અને રવિવારે બાવનથી વધીને ૬૫ થશે. એસી લોકલ ટ્રેનોમાં મુસાફરી કરતા મુસાફરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે, તેથી એસી લોકલના પ્રવાસીઓના લાભ અને વધતી ભીડને પહોંચી વળવા માટે પશ્ચિમ રેલવે પર હાલની ૧૨ નોન-એસી સેવાને બદલીને વધુ ૧૩ એસી સેવાઓ શરૂ કરવામાં આવી રહી છે. આ સેવાઓ અઠવાડિયાના તમામ દિવસોમાં એસી સેવા તરીકે દોડાવાશે. જોકે, નવી ફેરીની કુલ સંખ્યામાં કોઈ ફેરફાર થશે નહીં, એટલે કે રોજની ૧૦૯ એસી લોકલ ટ્રેનની ફેરી સાથે લોકલ ટ્રેનની કુલ ફેરીની સંખ્યા ૧૪૦૬ છે, એમ પશ્ચિમ રેલવેએ જણાવ્યું હતું. આજથી શરૂ કરવામાં આવી રહેલી નવી શરૂ કરવામાં આવી રહેલી વધુ ૧૩ ફેરીમાં ૬ સર્વિસ અપ અને ૭ ડાઉન દિશામાં દોડાવવામાં આવશે. અપ દિશામાં વિરાર-ચર્ચગેટ, ભાયંદર-ચર્ચગેટ વચ્ચે બે-બે ફેરી અને વિરાર-બાંદ્રા અને ભાયંદર-અંધેરી વચ્ચે એક-એક ફેરીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ડાઉન દિશામાં ચર્ચગેટ-વિરાર વચ્ચે બે ફેરીનો સમાવેશ થાય છે, જેમાં ચર્ચગેટ-ભાયંદર, અંધેરી-વિરાર, બાંદ્રા-ભાયંદર, મહાલક્ષ્મી-બોરીવલી અને બોરીવલી-ભાયંદર વચ્ચે એક-એક ટ્રેનની સર્વિસ દોડાવવામાં આવશે. નોન-એસી લોકલને એસી લોકલના સેક્શનમાં દોડાવવાના નિર્ણયથી નોન-એસી લોકલમાં ટ્રાવેલ કરનારાની નારાજગીનો ભોગ બની શકે છે. ■

# ગોલ્ડ ટેસ્ટિંગ મશીનમાં તાંબાનું બ્રેસલેટ શુદ્ધ સોનાનું દર્શાવાયું!

મુંબઈ: ગોલ્ડ ટેસ્ટિંગ મશીનમાં તાંબાનું બ્રેસલેટ શુદ્ધ સોનાનું હોવાનું દર્શાવાતાં કાંદિવલીનો ઝવેરી છેતરાયો હોવાનું પ્રકાશમાં આવ્યું હતું.

કાંદિવલી પૂર્વના ઠાકુર વિલેજ ખાતે રહેતા અને સોના-ચાંદીના દાગીનાની દુકાન ધરાવતા નરેન્દ્રકુમાર ભંડારી (૫૫)એ નોંધાવેલી ફરિયાદને આધારે સમતાનગર પોલીસે મંગળવારે અભિષેક નામના શખસ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર રવિવારની સાંજે અભિષેક સોનાના દાગીના ખરીદવાને બહાને દુકાનમાં આવ્યો હતો. ભંડારીએ દાગીના બતાવ્યા પછી અભિષેકે મંગળસૂત્ર, લોકેટ અને સોનાનો સિક્કો ખરીદવાની તૈયારી દાખવી હતી. સામે અભિષેક પોતાનું સોનાનું બ્રેસલેટ વેચવા માગતો હતો.

ફરિયાદીએ ચકાસણી કરતાં બ્રેસલેટ

(જુઓ પાનું ૪) ▸▸

# રાષ્ટ્રપતિ મેડલ મેળવનાર પોલીસની ધરપકડ ગેરકાયદે: બૉમ્બે હાઇ કોર્ટ

## આટલું જ નહીં મહારાષ્ટ્ર સરકારને બે લાખ રૂપિયાનું વળતર આપવાનો આદેશ આપ્યો

મુંબઈ: હત્યાના કેસમાં ખામીયુક્ત તપાસમાં રાષ્ટ્રપતિ મેડલ મેળવનાર એક પોલીસ કર્મચારીની ધરપકડને ગેરકાયદે ગણાવી મહારાષ્ટ્ર સરકારને તેને વળતરપેટે બે લાખ રૂપિયા ચૂકવવાનો આદેશ બોમ્બે હાઈ કોર્ટે આપ્યો છે. પોલીસ અધિકારી સંભાજી પાટીલે હાઈકોર્ટમાં અરજી કરીને તેની ધરપકડ કરનાર એડિશનલ સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ સતારા સામે તપાસની માગણી કરી ૧૦ લાખ રૂપિયાનું વળતર પણ માંગ્યું હતું.

૨૦૦૯માં તપાસ કરેલા હત્યાના કેસમાં ખામીયુક્ત અહેવાલ ઇરાદાપૂર્વક તૈયાર કરવાના આરોપસર તેમજ પુરાવાનો નાશ કરવા બદલ માર્ચ ૨૦૧૩માં પાટીલની ધરપકડ કરવામાં આવી

(જુઓ પાનું ૪) ▸▸

# દહિસરના મનસેના ઉમેદવારને બે નહીં ૫૩ મત મળ્યા હતા

મુંબઈ: દહિસર વિધાનસભા મતવિસ્તારના મનસેના ઉમેદવારે તેમને ફક્ત બે મત મળ્યા હોવાનો દાવો કર્યો હતો, પરંતુ તેમને બે નહીં, ૫૩ મત મળ્યા હતા એવી સ્પષ્ટતા મુંબઈ પાલિકાએ મંગળવારે કરી હતી.

મનસેના ઉમેદવાર રાજેશ યેરુણકરના ઇવીએમ સાથે ચેડાં કરાયા હોવાના આક્ષેપોને પાલિકાએ 'એક્સ' પર પોસ્ટ કરીને નકારી કાઢ્યા હતા. વાયરલ થયેલા વીડિયોમાં યેરુણકરે આક્ષેપ કર્યો હતો કે ચૂંટણીના ડેટા અને ઇવીએમના આંકડામાં ફેરફાર છે. તેમને ફક્ત બે મત મળ્યા હતા, જ્યારે કે તેમના પરિવારના ચાર સભ્યએ મત આપ્યા હતા.

દહિસરની તે બેઠક પર ભાજપનાં ઉમેદવાર મનીષા ચૌધરીનો વિજય થયો હતો. તેમને ૯૮,૫૮૭ મત મળ્યા હતા અને હરીફ વિનોદ ઘોસાળકરને માત આપી હતી. ત્રીજા ક્રમાંકે યેરુણકર હતા. યેરુણકર દ્વારા કરવામાં આવેલા આક્ષેપોમાં કોઇ તથ્ય નથી, એમ પાલિકાએ પોતાના નિવેદનમાં જણાવ્યું હતું. વિધાનસભાની ચૂંટણીમાં મુંબઈ શહેર અને પરાં વિસ્તાર માટે પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ જિલ્લા ચૂંટણી અધિકારી તરીકેની ફરજ બજાવી હતી.

દરેક ઉમેદવારને મળેલા મતની માહિતી ભેગી કરનાર ફોર્મ ૧૭-સી પ્રમાણે યેરુણકરને ૫૩ મત મળ્યા હતા. ઉમેદવારને ફક્ત બે મત મળ્યા હોવાની ફરિયાદમાં કોઇ તથ્ય નથી, એમ પાલિકાએ સ્પષ્ટતા કરીને આક્ષેપોને નકારી કાઢ્યા હતા. ■

# સીએસએમટીના સબવેમાં તાજી હવા માટે નવ જેટ પંખા

## સબવેમાં ગૂંગળામણ રોકવા અને હવાની યોગ્ય હેરફેર માટે અત્યાધુનિક વેન્ટિલેશન સિસ્ટમ બેસાડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી)ને લાગીને આવેલા અંડર ગ્રાઉન્ડ સબવેમાં હવાની હેરફેર સુધારવા અને તાપમાનને નિયંત્રિત કરવા માટે મુંબઈ મહાનગરપાલિકા દ્વારા અત્યાધુનિક વેન્ટિલેશન સિસ્ટમ બેસાડવામાં આવી છે. આ સિસ્ટમ વેન્ટિલેશન વધારવામાં અને તાપમાનને ઘટાડવામાં મદદ કરશે. મધ્ય રેલવેમાં પ્રવાસ કરનારા અને સબવેનો ઉપયોગ કરનારા લાખો પ્રવાસીઓ માટે આરામદાયક વાતાવરણ બનશે. સેન્ટ્રલાઈઝ મિકેનિઝમ ગરમ હવાને અસરકાર રીતે બહાર ફેંકશે અને પીક અવર્સ દરમિયાન સબ-વેમાં ઠંડક રહેશે.



અંદાજે ૩,૦૦૦ ચોરસ મીટર આવરી લેતો, સીએસએમટીની બહાર આવેલો મહત્ત્વનો અંડરગ્રાઉન્ડ સબવે છે, જે મધ્ય અને હાર્બર લાઈનના પ્રવાસીઓને ડી.એન.રોડ અને મહાપાલિકા મુખ્યાલય સાથે જોડે છે. ૧૯૯૯ની સાલમાં તેને ખુલ્લો મૂકવામા આવ્યો ત્યારે સબવેમાં રહેલી ભીડ, લાઈટની નબળી વ્યવસ્થા, અપૂરતું વેન્ટિલેશન માટે ભારે ટીકા થઈ હતી. ગેરકાયદે રીતે અંડિગો જમાવી બેસેલા ફેરિયાઓ અને ગેરકાયદે રીતે દુકાનોના વિસ્તારીકરણને કારણે રાહદારીઓને પીક અવર્સમાં આવવા-જવામાં અગવડ થાય છે. સબવેની અમુક દુકાનોએ એર કંડિશન બેસાડયા છે, જે તેમની જગ્યાને ઠંડુ કરે છે પણ તેને કારણે સબવેમાં ગરમી વધી જાય છે.

તેથી સબવેમાં હવાની હેરફેરને સુધારવા માટે સુધરાઈ દ્વારા તાજેતરમાં નવ જેટ પંખા અને બે ઉચ્ચ ક્ષમતાના પંખા સાથે વેન્ટિલેશન સિસ્ટમને અપગ્રેડ કરવામાં આવી છે, જે એન્ટ્રી પોઈન્ટ પાસે તાજી હવાને ખેંચે છે અને વેન્ટિલેશન અંદર રહેલી ગરમ હવાને બહાર ફેંકે છે.

ટનલ વેન્ટિલેશન ટેક્નોલોજીથી પ્રેરિત આ સિસ્ટમ સબવેમાં દરેક સમયે તાજી હવા અંદર આવતી રહે તે મુજબની બનાવવામાં આવી છે. નોંધનીય છે કે હાલ સીએસએમટી સબવેમાં ૫૧ દુકાનો છે. ■

# પાલિકાની ચૂંટણી જાન્યુઆરીમાં?

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી બાદ રાજ્યમાં તમામ પાલિકાઓની ચૂંટણી નજીકના સમયમાં જ લેવામાં આવે એવી શક્યતાઓ વર્તાઇ રહી છે. દેશની સૌથી ધનવાન મહાનગરપાલિકા બીએમસી ઉપરાંત થાણે, પાલઘર, પુણે સહિત રાજ્યની તમામ મહાનગરપાલિકા અને નગરપાલિકાઓની ચૂંટણી જાન્યુઆરી મહિનામાં થાય એવી ચર્ચા રાજકીય દળોમાં થઇ રહી છે.

વિધાનસભા ચૂંટણીમાં ઐતિહાસિક વિજય મળવાને કારણે મહાયુતિની તાકાતમાં વધારો થયો છે. ખાસ કરીને રાજ્યની સૌથી મોટી પાર્ટી ભાજપના કાર્યકર્તાઓ ઉત્સાહિત છે. હાલના સમયે મહાયુતિની લહેર છે. આ લહેર ધીમી ન પડે એ માટે સત્તાધારી પક્ષ ટૂંક સમયમાં જ રાજ્યની પાલિકાઓની ચૂંટણી કરાવે એવી શક્યતા છે.

ભાજપ અધ્યક્ષ ચંદ્રકાંત બાવનકુળેએ સોમવારે પક્ષના જિલ્લાધ્યક્ષોની બેઠક બોલાવી હતી. આ બેઠકમાં પાલિકાની ચૂંટણી અંગે ચર્ચા કરવામાં આવી હતી. તમામ જિલ્લાધ્યક્ષોને પાલિકાની ચૂંટણીની તૈયારી કરવા માટે કહેવામાં આવ્યું હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. તેમણે જિલ્લાધ્યક્ષોને એવા પણ સંકેત આપ્યા હતા કે પાલિકાની ચૂંટણી નવા

(જુઓ પાનું ૪) ▸▸

# શરમજનક પરાજયનું પરિણામ, ઑસ્ટ્રેલિયાએ રણનીતિ બદલવી પડી

## મિચલ માર્શની ફિટનેસની સમસ્યા કાંગારૂઓને સતાવે છે, લાબુશેન-ખ્વાજાની નિષ્ફળતા પણ યજમાનો માટે ચિંતાજનક

ઍડિલેઇડ: પર્થમાં ૨૯૫ રનના તોતિંગ માર્જિનથી હારેલા ઑસ્ટ્રેલિયાએ છઠ્ઠી ડિસેમ્બરે ઍડિલેઇડમાં શરૂ થનારી સિરીઝની બીજી ટેસ્ટ માટે મજબૂર થઈને રણનીતિ બદલવી પડી છે.

શ્રેણીની બીજી ટેસ્ટ ડે/નાઇટ છે અને એ મૅચ પિન્ક બૉલથી રમાશે.

એક જાણીતી ક્રિકેટલક્ષી વેબસાઇટને ઑસ્ટ્રેલિયાના હેડ-કોચ ઍન્ડ્રયૂ મૅક્ડોનાલ્ડે થોડા દિવસ પહેલાં કહ્યું હતું કે ‘પર્થમાં રમ્યા હતા એ જ ખેલાડીઓ ઍડિલેઇડની બીજી ટેસ્ટમાં રમશે. ટીમમાં કોઈ ફેરફાર નહીં કરવામાં આવે.’

જોકે ભારત સામેની પર્થ ટેસ્ટની હાર બાદ ઑલરાઉન્ડર મિચલ માર્શની ફિટનેસને લઈને થોડી સમસ્યાઓ બહાર આવી છે. એ જોતાં પ્લેઇંગ-ઇલેવનમાં ફેરફાર થઈ શકે. ઑસ્ટ્રેલિયાએ પર્થની પહેલી ટેસ્ટ માટે જે સ્ક્વૉડ સિલેક્ટ કરી હતી એમાં ૧૩ ખેલાડી સામેલ હતા. હવે મૅક્ડોનાલ્ડ કહે છે કે ‘પહેલી ટેસ્ટમાં રમ્યા હતા એ જ અગિયાર ખેલાડી બીજી ટેસ્ટમાં રમશે એ નક્કી નથી. જેમ-જેમ દિવસ જશે એમ સ્થિતિ સ્પષ્ટ થતી જશે. હા, જે ૧૩ ખેલાડીની સ્ક્વૉડ પ્રથમ ટેસ્ટ માટે જાહેર કરાઈ હતી એ જ બીજી ટેસ્ટ માટે રહેશે.’

ભારતીય પેસ આક્રમણ સામે ઑસ્ટ્રેલિયન ટૉપ-ઑર્ડર સાવ ઝૂકી ગયો હતો. પ્રથમ દાવમાં ૩૧ રનમાં અને બીજા દાવમાં ૩૦ રનમાં પહેલા ચારેય બૅટર આઉટ થઈ ગયા હતા અને ઑસ્ટ્રેલિયાના ટેસ્ટ ઇતિહાસમાં આવું પહેલી વાર બન્યું હતું. ■





બુમરાહે કૅપ્ટન તરીકે પહેલી વાર વિજય સેલિબ્રેટ કર્યો. પૅટ કમિન્સ હવે સિરીઝની બાકીની મૅચો વિશે જરૂર ચિંતિત હશે. (બીસીસીઆઇ)

# પંડ્યા બંધુઓએ એકસરખા પર્ફોર્મન્સથી બરોડાને જિતાડ્યું

## શમીએ બેંગાલને અને રિન્કુ સિંહે ઉત્તર પ્રદેશને વિજય અપાવ્યો

ઇન્દોર: સૈયદ મુશ્તાક અલી ટ્રોફી ટી-૨૦ ટૂર્નામેન્ટમાં સોમવારે અહીં બરોડાએ ઉત્તરાખંડને આઠ બૉલ બાકી રાખીને પાંચ વિકેટના માર્જિનથી હરાવી દીધું હતું. કેપ્ટન કૃણાલ પંડ્યા અને તેના નાના ભાઈ હાર્દિક પંડ્યાએ લગભગ એકસરખા પર્ફોર્મન્સથી બરોડાને રોમાંચક વિજય અપાવ્યો હતો.

કુણાલ અને હાર્દિકે એક-એક વિકેટ લીધી હતી તેમ જ કૃણાલે ૪૫ રન અને હાર્દિકે ૪૧ રનનું યોગદાન આપ્યું હતું.

ઉત્તરાખંડની ટીમે બૅટિંગ મળ્યા પછી ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૬૫ રન કર્યા હતા. એમાં રવિ સમર્થના ૪૨ રન અને અવનીશ સુધાના ૩૮ રન સામેલ હતા. બરોડાના બોલર લુકમાન મેરીવાલા અને અતિત શેઠે બે-બે વિકેટ લીધી હતી. હાર્દિકે એક કૅચ પકડ્યો હતો જ્યારે મહેશ પિઠીયાએ ત્રણ કૅચ ઝીલ્યા હતા.

બરોડાએ જવાબમાં ૧૮.૪ ઓવરમાં પાંચ વિકેટે ૧૬૮ રન બનાવ્યા હતા. એમાં કૃણાલ પંડ્યા (૪૫ રન, ૩૫ બૉલ, એક સિક્સર, ત્રણ ફોર) અને હાર્દિક પંડયા (૪૧ અણનમ, ૨૧ બૉલ, ત્રણ સિક્સર, બે ફોર)નો સૌથી મોટો ફાળો હતો. અતિત શેઠે બે ફોર અને બે સિક્સરની મદદથી ૨૯ રન બનાવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે ૨૦૨૫ની આઈપીએલ માટે મુંબઇ ઇન્ડિયન્સે હાર્દિક પંડ્યાને ૧૬.૩૫ કરોડ રૂપિયામાં રીટેન કર્યો છે, જ્યારે કૃણાલ પંડયાને બેન્ગલૂરુના ફ્રેન્ચાઈઝીએ ૫.૭૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો છે.

દરમ્યાન, રાજકોટમાં મોહમ્મદ શમીએ ૨૧ રનમાં ત્રણ વિકેટ લઈને બેંગાલને હૈદરાબાદ સામેની મૅચમાં વિજય અપાવ્યો હતો. હૈદરાબાદે તિલક વર્માના ૫૭ રનની મદદથી ૧૩૭ રન બનાવ્યા હતા. બેંગાલે ૧૭.૫ ઓવરમાં બે વિકેટે ૧૩૮ રન બનાવીને આસાનીથી મૅચ જીતી લીધી હતી.

વાનખેડેમાં ઉત્તર પ્રદેશે હિમાચલ પ્રદેશને સાત વિકેટે હરાવ્યું હતું. આ જીતમાં ઉત્તર પ્રદેશના રિન્કુ સિંહ (૪૫ અણનમ, ૨૪ બૉલ, ત્રણ સિક્સર, ચાર ફોર)ની સૌથી મોટી ભૂમિકા હતી. હિમાચલની ટીમ ફક્ત ૧૦૦ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. ઉત્તર પ્રદેશે ૧૩.૩ ઓવરમાં ત્રણ વિકેટે ૧૦૪ રન બનાવીને વિજય મેળવ્યો હતો જેમાં માધવ કૌશિકના અણનમ ૩૮ રન પણ સામેલ હતા. બંને વચ્ચે ૭૪ રનની અતૂટ ભાગીદારી થઈ હતી.

ઇન્દોરમાં સૌરાષ્ટ્ર (૨૦ ઓવરમાં ૧૯૬/૪) સામે ગુજરાતે (૧૯.૨ ઓવરમાં ૧૯૯/૫) ચાર બૉલ બાકી રાખીને પાંચ વિકેટના માર્જિનથી વિજય મેળવ્યો હતો. ગુજરાતના હેમાંગ પટેલ (૫૭ રન, ૩૬ બૉલ, ૨ સિક્સર, ૬ ફોર)ને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ અપાયો હતો. ગુજરાતના વિજયમાં બોલર તેજસ પટેલ (બે વિકેટ) અને બૅટર સૌરવ ચૌહાણ (૫૪ રન)ના પણ યોગદાન હતાં. ■




મોટો ભાઈ કૃણાલ પંડ્યા (ડાબે) અને હાર્દિક પંડ્યા.

# ૨૦૨૫ની આઈપીએલમાં ૧૦ ટીમની પ્રથમ મૅચ માટેની સ્ક્વૉડ કેવી હોઈ શકે...

મુંબઈ: ઘણા મહિનાઓથી જેની રાહ જોવાઈ રહી હતી એ આઇપીએલ મેગા-ઑક્શન પૂરું થઈ ગયું છે, તમામ ટીમોએ પોતાની ઇચ્છા મુજબના ખેલાડીઓ લગભગ ખરીદી લીધા છે અને અત્યારથી જ આ ફ્રૅન્ચાઇઝીઓએ માર્ચ, ૨૦૨૫ની આગામી આઇપીએલના શરૂઆતના રાઉન્ડ માટેની ટીમો નક્કી કરી લીધી હશે. તો આવો, આપણે જાણીએ કે ૧૪મી માર્ચે શરૂ થનારી નવી સીઝનમાં દરેક ટીમની પહેલી મૅચ માટેની પ્લેઇંગ-ઇલેવન તેમ જ ઇમ્પૅક્ટ પ્લેયર સહિતની ૧૨ ખેલાડીઓની ટીમ કેવી હશે.

પહેલાં તો આપણે મૂળભૂત બાબત જાણી લઈએ કે કઈ ટીમે રીટેન કરેલા પ્લેયર્સ સહિત કુલ કેટલા ખેલાડી મેળવી લીધા છે. દરેક ટીમને સ્ક્વૉડમાં વધુમાં વધુ પચીસ ખેલાડી રાખવા કહેવામાં આવ્યું છે જેમાં વિદેશી ખેલાડી વધુમાં વધુ આઠ હોવા જોઈએ.

મુંબઈ ઇન્ડિયન્સે પચીસમાંથી ૨૩ ખેલાડી મેળવી લીધા છે જેમાં આઠ વિદેશી પ્લેયર છે.

ચેન્નઈ સુપર કિંગ્સે તમામ પચીસ પ્લેયર મેળવી લીધા છે જેમાં સાત વિદેશી છે.

ગુજરાત ટાઇટન્સે પચીસમાંથી પચીસ ખેલાડી મેળવી લીધા છે જેમાં સાત વિદેશી છે.

રાજસ્થાન રૉયલ્સે પચીસમાંથી ૨૦ ખેલાડી ખરીદી લીધા છે જેમાં છ વિદેશી છે.

રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુએ પચીસમાંથી બાવીસ પ્લેયર મેળવ્યા છે જેમાં આઠ વિદેશી છે.

સનરાઇઝર્સ હૈદરાબાદે પચીસમાંથી હજી ૨૦ ખેલાડી મેળવ્યા છે જેમાં સાત વિદેશી પ્લેયર છે.

કોલકાતા નાઇટ રાઇડર્સે પચીસમાંથી ૨૧ પ્લેયર મેળવ્યા છે જેમાં આઠ વિદેશના છે.

પંજાબ કિંગ્સે તમામ પચીસ પ્લેયર મેળવી લીધા છે જેમાં આઠ વિદેશી છે.

લખનઊ સુપર જાયન્ટ્સે પચીસમાંથી ૨૪ ખેલાડી મેળવ્યા છે જેમાં છ વિદેશી છે.

દિલ્હી કૅપિટલ્સે પચીસમાંથી ૨૩ ખેલાડી મેળવી લીધા છે અને એમાં સાત વિદેશી છે. ■

### ૧૦ ટીમની પહેલી મૅચ માટેની સંભવિત ૧૨ ખેલાડીની ટીમ

**મુંબઈ:** હાર્દિક પંડ્યા (કૅપ્ટન), રોહિત શર્મા, રાયન રિકલ્ટન (વિકેટકીપર), તિલક, સૂર્યકુમાર યાદવ, વિલ જૅક્સ, નમન ધીર/રૉબિન મિન્ઝ, દીપક ચાહર, અલ્લા ઘઝનફર/મિચલ સૅન્ટનર, કર્ણ શર્મા, જસપ્રીત બુમરાહ અને ટ્રેન્ટ બૉલ્ટ.

**ચેન્નઈ:** ઋતુરાજ (કૅપ્ટન), ડેવૉન કોન્વે/રાચિન, રાહુલ ત્રિપાઠી, શિવમ દુબે, સૅમ કરૅન, વિજય શંકર, રવીન્દ્ર જાડેજા, ધોની (વિકેટકીપર), આર. અશ્વિન, નૂર અહમદ/નૅથન એલિસ, ખલીલ અહમદ/ગુર્જપનીત અને પથિરાના.

**ગુજરાત:** શુભમન ગિલ (કૅપ્ટન), જૉસ બટલર (વિકેટકીપર), સાઇ સુદર્શન, વૉશિંગ્ટન સુંદર, શેરફેન રુધરફર્ડ/ગ્લેન ફિલિપ્સ, રાહુલ તેવાટિયા, એમ. શાહરુખ ખાન, રાશિદ ખાન, અર્શદ ખાન/સાઇ કિશોર/મહિપાલ લૉમરોર, કૅગિસો રબાડા, સિરાજ અને પ્રસિદ્ધ ક્રિષ્ના.

**રાજસ્થાન:** સૅમસન (કૅપ્ટન, વિકેટકીપર), યશસ્વી જયસ્વાલ, નીતિશ રાણા, રિયાન પરાગ, ધ્રુવ જુરેલ, હેટમાયર, હસરંગા, શુભમ દુબે/આકાશ મઢવાલ, જોફ્રા આર્ચર, થિકશાના, સંદીપ શર્મા અને તુષાર દેશપાંડે.

**બેન્ગલૂરુ:** વિરાટ કોહલી, ફિલ સૉલ્ટ, લિઆમ લિવિંગસ્ટન, રજત પાટીદાર, કૃણાલ પંડ્યા, જિતેશ શર્મા (વિકેટકીપર), ટિમ ડેવિડ/જેકબ બેથેલ, રસિખ સલામ, ભુવનેશ્વર કુમાર, જૉશ હૅઝલવૂડ, યશ દયાલ અને સુયશ શર્મા/સ્વપ્નિલ સિંહ.

**હૈદરાબાદ:** પૅટ કમિન્સ (કૅપ્ટન), ઇશાન કિશન (વિકેટકીપર), ટ્રેવિસ હેડ, અભિષેક શર્મા, નીતિશ રેડ્ડી, હિન્રિચ ક્લાસેન, અનિકેત વર્મા, અભિનવ મનોહર, હર્ષલ પટેલ, રાહુલ ચાહર, મોહમ્મદ શમી અને ઍડમ ઝૅમ્પા.

**કોલકાતા:** વેન્કટેશ ઐયર, સુનીલ નારાયણ, ડિકૉક/રહમનુલ્લા ગુરબાઝ (વિકેટકીપર), અંગક્રિશ રઘુવંશી/અજિંક્ય રહાણે, રિન્કુ સિંહ, આન્દ્રે રસેલ, રમણદીપ સિંહ, હર્ષિત રાણા, વરુણ ચક્રવર્તી, વૈભવ અરોરા, ઍન્રિક નૉર્કિયા/સ્પેન્સર જૉન્સન અને મનીષ પાન્ડે.

**પંજાબ:** શ્રેયસ ઐયર, જૉશ ઇંગ્લિસ (વિકેટકીપર), પ્રભસિમરન સિંહ, સ્ટોઇનિસ, મૅક્સવેલ, નેહલ વઢેરા, શશાંક સિંહ, માર્કો યેનસેન, હરપ્રીત બ્રાર, યશ ઠાકુર/કુલદીપ સેન/વિજયકુમાર વૈશાક, અર્શદીપ સિંહ અને ચહલ.


**લખનઊ:** રિષભ પંત (વિકેટકીપર), મિચલ માર્શ, એઇડન માર્કરમ, નિકોલસ પૂરન, આયુષ બદોની, ડેવિડ મિલર, શાહબાઝ અહમદ, અબ્દુલ સામદ, રવિ બિશ્નોઈ, આવેશ ખાન, મોહસિન ખાન અને મયંક યાદવ.

**દિલ્હી:** કેએલ રાહુલ, જેક ફ્રેઝર-મૅકગર્ક, અભિષેક પોરેલ (વિકેટકીપર), હૅરી બ્રૂક/ફૅફ ડુ પ્લેસી, ટ્રિસ્ટેન સ્ટબ્સ, અક્ષર પટેલ, આશુતોષ શર્મા, સમીર રિઝવી, કુલદીપ યાદવ, મિચલ સ્ટાર્ક, ટી. નટરાજન અને મુકેશ કુમાર. ■

# ગુકેશે ચીનના વર્લ્ડ ચૅમ્પિયનને ગેમ ડ્રૉમાં લઈ જવાની ફરજ પાડી

સિંગાપોર: ભારતના ટીનેજ ચેસ-સ્ટાર ડી. ગુકેશે અહીં મંગળવારે ચીનના વર્લ્ડ ચૅમ્પિયન ડિન્ગ લિરેન સામેની ગેમ ડ્રૉ કરાવી હતી. ગુકેશે કાળા મ્હોરાથી રમવા છતાં લિરેનને જોરદાર ટક્કર આપી હતી અને છેવટે લિરેન ૨૩મી ચાલ બાદ ગેમ ડ્રૉ જાહેર કરવા સંમત થયો હતો. સિંગાપોરમાં વર્લ્ડ ચેસ ચૅમ્પિયનશિપ શરૂ થઈ છે જેની પ્રથમ ગેમમાં ગુકેશનો લિરેન સામે પરાજય થયો હતો, પણ બીજી ગેમમાં ગુકેશે કમબૅક કરીને લિરેનને નહોતો જીતવા દીધો. આ ચૅમ્પિયનશિપમાં બેમાંથી જે પ્લેયર ૭.૫ પૉઇન્ટ પર સૌથી પહેલાં પહોંચી જશે એ વિશ્વ વિજેતા ઘોષિત થશે. લિરેનના ૧.૫ પૉઇન્ટ અને ગુકેશનો ૦.૫ પૉઇન્ટ છે. વર્લ્ડ ચૅમ્પિયન બનનાર ખેલાડીને ચેસની સર્વોચ્ચ સંસ્થા તરફથી પચીસ લાખ ડૉલર (૨૧.૦૭ કરોડ રૂપિયા)નું પ્રથમ ઇનામ મળશે.

ગુકેશ પચીસ વર્ષનો છે. વિશ્વ વિજેતાપદ માટે વર્તમાન વર્લ્ડ ચૅમ્પિયનને પડકારનાર તે સૌથી યુવાન ખેલાડી છે. તે આ ચૅમ્પિયનશિપ જીતશે તો વિશ્વનાથન આનંદ બાદ ભારતનો પહેલો વિશ્વ વિજેતા કહેવાશે. આનંદ પાંચ વખત વર્લ્ડ ચૅમ્પિયન બન્યો હતો. ૧૩૮ વર્ષના ઇતિહાસમાં પહેલી વાર આ ચૅમ્પિયનશિપમાં એશિયાના બે ખેલાડી વિશ્વ વિજેતાપદ માટે લડી રહ્યા છે. ■




# ૨૦૨૫ની આઈપીએલ માટે પાંચ ટીમના કૅપ્ટન નક્કી, અન્ય પાંચ ટીમ માટે નામ ચર્ચાય છે

જેદ્દાહ/મુંબઈ: આઇપીએલની માર્ચ, ૨૦૨૫ની સીઝન પહેલાંના મેગા ઑક્શનમાં તમામ ૧૦ ટીમોને જોઈતા હતા એ ખેલાડીઓ લગભગ મળી જ ગયા છે અને દરેક ટીમ પાસે થોડુંઘણું ફંડ બચ્યું છે ત્યારે એક વાત સ્પષ્ટ થઈ રહી છે કે મોટા ભાગની ટીમોને ઇચ્છા મુજબના કૅપ્ટન મળી ગયા છે. અમુક ટીમો પાસે રીટેન કરાયેલા ખેલાડીઓમાં જ કૅપ્ટન છે (જેમ કે મુંબઈ પાસે હાર્દિક પંડ્યા છે) ત્યારે બીજી કેટલીક ટીમોએ હવે સુકાની લગભગ નક્કી કરી લીધો છે.

એવામાં હવે આપણે ટીમોના નક્કી થયેલા અને સંભવિત કૅપ્ટન વિશે જાણીશું.

૧૦માંથી પાંચ ટીમે હરાજીની પહેલાં રીટેન કરેલા પ્લેસર્સમાં કૅપ્ટન નક્કી કરી લીધો હતો.

આપણે અગાઉ જાણી ગયા એમ મુંબઈ ઇન્ડિયન્સે હાર્દિકને ફરી કૅપ્ટન્સીની જવાબદારી સોંપી છે. ગુજરાત ટાઇટન્સ પાસે શુભમન ગિલ છે, જ્યારે ચેન્નઈ સુપર કિંગ્સ પાસે ઋતુરાજ ગાયકવાડ, રાજસ્થાન રૉયલ્સ પાસે સંજુ સૅમસન અને સનરાઇઝર્સ હૈદરાબાદ પાસે પૅટ કમિન્સ છે.

હરાજી પહેલાં જે પાંચ ટીમ સુકાનીની શોધમાં હતી એમાં દિલ્હી કૅપિટલ્સ, કોલકાતા નાઇટ રાઇડર્સ, લખનઊ સુપર જાયન્ટ્સ, પંજાબ કિંગ્સ અને રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુ સામેલ છે.

લખનઊએ ૨૭ કરોડ રૂપિયાના વિક્રમજનક ભાવે રિષભ પંતને મેળવ્યો છે, જ્યારે પંજાબે ૨૬.૭૫ કરોડ રૂપિયામાં શ્રેયસ ઐયરને ખરીદ્યો છે જેને સુકાન સોંપવામાં આવશે. શ્રેયસની કૅપ્ટન્સીમાં જ કોલકાતાએ ૨૦૨૪ની સીઝનમાં ટાઇટલ જીતી લીધું હતું.

દિલ્હી કૅપિટલ્સ કદાચ અક્ષર પટેલને અથવા ફૅફ ડુ પ્લેસીને અથવા કે. એલ. રાહુલને નેતૃત્વ સોંપશે. કોલકાતા કદાચ વેન્કટેશ ઐયરને સુકાની બનાવી શકે. તેને આ ટીમે ૨૩.૭૫ કરોડ રૂપિયાના તોતિંગ ભાવે મેળવ્યો છે. આરસીબીની વાત કરીએ તો વિરાટ કોહલીને ફરી સુકાન સોંપાશે એવી ચર્ચા હતી. જોકે કંઈ નક્કર વાત બહાર નથી આવી. એ ઉપરાંત, બેન્ગલૂરુ પાસે ફિલ સૉલ્ટ પણ છે જે ઇંગ્લૅન્ડની ટીમનું સુકાન સંભાળી ચૂક્યો છે. રજત પાટીદાર પણ બેન્ગલૂરુ પાસે છે.

# ચૅમ્પિયન્સ ટ્રોફીના સમયપત્રક માટે શુક્રવારે આઇસીસીની વર્ચ્યુઅલ મીટિંગ

દુબઈ: ફેબ્રુઆરીમાં પાકિસ્તાનમાં વન-ડેની જે બહુચર્ચિત ચૅમ્પિયન્સ ટ્રોફી યોજાવાની છે એનું સમયપત્રક નક્કી કરવા આઇસીસીની શુક્રવાર, ૨૯મી નવેમ્બરે વર્ચ્યુઅલ મીટિંગ યોજાશે. બીસીસીઆઇના સેક્રેટરી જય શાહ પહેલી ડિસેમ્બરે આઇસીસીના ચૅરમૅનપદે સત્તારૂઢ થશે એના બે દિવસ પહેલાં આઇસીસી ચૅમ્પિયન્સ ટ્રોફીના મુદ્દે આ બેઠક યોજવાનું છે. ■

# ગૌતમ ગંભીર અંગત કારણોસર ભારત પાછો આવી રહ્યો છે

પર્થ: ટીમ ઇન્ડિયાનો હેડ-કોચ ગૌતમ ગંભીર અંગત કારણસર થોડા દિવસ માટે ઑસ્ટ્રેલિયાથી ભારત પાછો આવી રહ્યો છે. બીજી ટેસ્ટ છઠ્ઠી ડિસેમ્બરથી રમાવાની છે અને ગંભીરે ક્રિકેટ બોર્ડને તથા ટીમ મૅનેજમેન્ટને કહ્યું છે કે તે બીજી ટેસ્ટ પહેલાં ઑસ્ટ્રેલિયા પાછો પહોંચી જશે. કૅપ્ટન રોહિત શર્મા ઑસ્ટ્રેલિયા પહોંચી ગયો છે અને ગંભીર થોડા દિવસ માટે ભારત પાછો આવી રહ્યો છે. ■

# પાકિસ્તાનના સઇમ અયુબની રેકૉર્ડ-બ્રેક બૅટિંગ

બુલવૅયો (ઝિમ્બાબ્વે): પાકિસ્તાને સોમવારે અહીં ઝિમ્બાબ્વેને સિરીઝની બીજી વન-ડેમાં ૧૯૦ બૉલ બાકી રાખીને ૧૦ વિકેટના માર્જિનથી હરાવીને શ્રેણીમાં ૧-૧ની બરાબરી કરી લીધી હતી. આ મૅચમાં પાકિસ્તાને એક વર્લ્ડ રેકૉર્ડ કર્યો હતો અને એ વિક્રમ અપાવવામાં ઓપનર સઇમ અયુબ (૧૧૩ અણનમ, ૬૨ બૉલ, ત્રણ સિક્સર, સત્તર ફોર)નું સૌથી મોટું યોગદાન હતું.

વન-ડેમાં વ્યક્તિગત સદી ધરાવતા સૌથી નીચા ટીમ-સ્કોરમાં પાકિસ્તાનનો સ્કોર (૧૪૮/૦) હવે નવો વિશ્વવિક્રમ છે. ૧૪૮ રનમાંથી અણનમ ૧૧૩ રન સઇમ અયુબના હતા. પાકિસ્તાને સ્કૉટલૅન્ડનો વિક્રમ તોડ્યો છે. ૨૦૨૩માં નામિબિયા સામે સ્કૉટલૅન્ડે વિના વિકેટે જે ૧૫૭ રન બનાવ્યા હતા એમાં જ્યોર્જ મન્સીના અણનમ ૧૦૩ રન સામેલ હતા. એ રીતે, સઇમ અયુબ વન-ડેમાં ટીમના ૧૫૦ રનથી ઓછા સ્કોરમાં સેન્ચુરી ધરાવનાર વિશ્વનો પ્રથમ બૅટર બન્યો છે.

સઇમ અયુબે ૫૩ બૉલમાં સદી પૂરી કરી હતી અને સૌથી ઝડપી (સૌથી ઓછા બૉલમાં) સેન્ચુરી પૂરી કરનાર પાકિસ્તાની બૅટર્સમાં તે શાહિદ આફ્રિદી પછી બીજા નંબરે છે. જોકે આ લિસ્ટમાં પહેલા ત્રણેય સ્થાને આફ્રિદીનું નામ છે. આફ્રિદીએ શ્રીલંકા સામે ૩૭ બૉલમાં, ભારત સામે ૪૫ બૉલમાં અને બાંગ્લાદેશ સામે ૫૩ બૉલમાં સદી પૂરી કરી હતી.

પાકિસ્તાન રવિવારની પહેલી વન-ડેમાં ડકવર્થ/લુઇસ મેથડ અનુસાર ૮૦ રનથી હાર્યું હતું. ઝિમ્બાબ્વેએ ૨૦૫ રન બનાવ્યા બાદ વરસાદને પગલે પાકિસ્તાન માટેનો લક્ષ્યાંક વરસાદને લીધે ટૂંકાવવામાં આવ્યો હતો અને પાકિસ્તાનને જીતવા માટે ૨૧ ઓવરમાં ૧૪૧ રન બનાવવા કહેવામાં આવ્યું હતું. જોકે તેઓ ૨૧ ઓવરમાં છ વિકેટે ફક્ત ૬૦ રન બનાવી શક્યા હતા અને ઝિમ્બાબ્વેએ ૮૦ રનથી જીતીને ૧-૦થી સરસાઈ મેળવી હતી. ■

## દેશ-વિદેશ

# વકફ ખરડાને વિલંબિત કરવા સંયુક્ત સમિતિના કાર્યકાળને વધારવાની વિપક્ષની માગ

નવી દિલ્હી: વકફ સુધારા બિલ પરની સંયુક્ત સમિતિના વિપક્ષી સભ્યોએ સોમવારે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાને આપેલા મેમોરેન્ડમમાં, વિપક્ષી સભ્યોએ વિસ્તૃત કાયદા પર નોંધપાત્ર ચર્ચા કરવા માટે ‘‘વાજબી સમય’’ દ્વારા સંસદની સંયુક્ત સમિતિના કાર્યકાળને લંબાવવાની માગ કરી હતી.

બિરલા સાથે મુલાકાત કરીને એમણે પેનલના અધ્યક્ષ જગદંબિકા પાલ વિરુદ્ધ ફરિયાદ હતી અને તેમના પર નિર્ણાયક મુદ્દા પર કાર્યવાહીને બુલડોઝ કરવાનો આરોપ લગાવ્યો હતો.

ડીએમકેના સભ્ય એ. રાજાએ સ્પીકરને મળ્યા પછી પત્રકારોને જણાવ્યું હતું કે ‘‘અમે સ્પીકરને રજૂઆત કરી હતી કે અધ્યક્ષ દ્વારા યોગ્ય પ્રક્રિયાઓનું પાલન કરવામાં આવતું નથી. તેઓ ઉતાવળ કરી રહ્યા છે, કાર્યવાહીને બુલડોઝ કરી રહ્યા છે.’’

સ્પીકરને મળેલા સભ્યોમાં ડીએમકેના નેતા રાજા અને એમ. અબ્દુલ્લા, કૉંગ્રેસના સભ્યો સૈયદ નસીર હુસૈન, મોહમ્મદ જાવેદ અને ઈમરાન મસૂદ, તૃણમૂલના સભ્યો કલ્યાણ બેનર્જી અને એમ નદીમુલ હક, આપ સભ્ય સંજય સિંહ, સપા સભ્ય મોહીબુલ્લાહ અને અસદુદ્દીન ઓવૈસીનો સમાવેશ થાય છે.

રાજાએ જણાવ્યું હતું કે પાલ સંસદની સંયુક્ત સમિતિની યોગ્ય પ્રક્રિયાને અનુસરતા નથી અને તેમણે સુઓ-મોટો જાહેર કર્યો હતો કે રિપોર્ટ ૨૯ નવેમ્બરે સંસદમાં રજૂ કરવાનો છે. ■

# મહિલાઓ માટે પોતાનું ઘર જ સૌથી ખતરનાક જગ્યા, ગયા વર્ષે દરરોજ ૧૪૦ મહિલાની થઈ હત્યા

સંયુક્ત રાષ્ટ્રસંઘ: મહિલાઓ પોતાના ઘરમાં જ સુરક્ષિત નથી. આ વાતનો ખુલાસો સંયુક્ત રાષ્ટ્રની બે એજન્સીઓએ કર્યો છે. ઘરને સૌથી સુરક્ષિત સ્થળ માનવામાં આવતું હોવા છતાં ઘરમાં રહેવું મહિલાઓ અને છોકરીઓ માટે જીવલેણ બની ગયું છે. ગયા વર્ષે દરરોજ ૧૪૦ મહિલાઓ અને છોકરીઓની તેમનાં જ ઘરમાં હત્યા કરવામાં આવી હતી.

એજન્સીઓ અનુસાર, ગયા વર્ષે સરેરાશ ૧૪૦ મહિલાઓ અને છોકરીઓની તેમનાં ઘરોમાં તેમના સાથી અથવા પરિવારના સભ્યો દ્વારા હત્યા કરવામાં આવી હતી.

સંયુક્ત રાષ્ટ્ર મહિલા અને યુએન ઑફિસ ઑફ ડ્રગ્સ એન્ડ ક્રાઇમે જણાવ્યું હતું કે વૈશ્વિક સ્તરે ૨૦૨૩ દરમિયાન લગભગ ૫૧,૧૦૦ મહિલાઓ અને છોકરીઓના મૃત્યુ માટે જીવનસાથી અથવા પરિવારના સભ્ય જવાબદાર રહ્યા છે.

એજન્સી અનુસાર, ૨૦૨૨માં આ આંકડો અંદાજિત ૪૮,૮૦૦ હતો. મહિલાઓ વિરુદ્ધ હિંસા નાબૂદી માટેના આંતરરાષ્ટ્રીય દિવસ પર જાહેર કરાયેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આ વધારો વધુ હત્યાઓનું પરિણામ નથી, પરંતુ મુખ્યત્વે દેશોમાંથી વધુ ડેટા ઉપલબ્ધ થવાને કારણે છે.

બંને એજન્સીઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ‘‘દરેક જગ્યાએ મહિલાઓ અને છોકરીઓ લિંગ-આધારિત હિંસાના આ સ્વરૂપથી પ્રભાવિત છે અને કોઈ પણ ક્ષેત્ર તેનાથી બચ્યું નથી. મહિલાઓ અને છોકરીઓ માટે ઘર સૌથી ખતરનાક સ્થળ છે.

રિપોર્ટ અનુસાર, જીવનસાથી અને પરિવારના સભ્યો દ્વારા કરાયેલી હત્યાના સૌથી વધુ કેસ આફ્રિકામાં હતા, જેમાં ૨૦૨૩માં અંદાજિત ૨૧,૭૦૦ મહિલા પીડિત હતી. આફ્રિકા તેની વસ્તીની તુલનામાં પીડિતોની સંખ્યામાં પણ આગળ હતું, જેમાં ૧૦૦,૦૦૦ લોકો દીઠ ૨.૯ પીડિતો હતા.

આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ગયા વર્ષે અમેરિકામાં પણ આ દર ઘણો ઊંચો હતો, જ્યાં દર ૧ લાખે ૧.૬ મહિલા પીડિત હતી, જ્યારે ઓસનિયામાં આ દર ૧.૫ પ્રતિ ૧ લાખ હતો. એશિયામાં દર ઘણો ઓછો હતો, જ્યાં દર એક લાખ પર ૦.૮ પીડિતા હતી, જ્યારે યુરોપમાં દર એક લાખ મહિલા દીઠ ૦.૬ પીડિતા હતી.

રિપોર્ટ અનુસાર, યુરોપ અને અમેરિકામાં મહિલાઓની ઇરાદાપૂર્વક હત્યા તેમના જીવનસાથી દ્વારા કરવામાં આવે છે. તેનાથી વિપરીત, પુરુષોની હત્યાના મોટા ભાગના બનાવો પરિવારની બહાર બને છે. ■

# કેનેડા-બાંગ્લાદેશમાં હિંદુઓ પરના અત્યાચાર વિરુદ્ધ અમેરિકામાં ભારતીયોએ ખોલ્યો મોરચો

વૉશિંગ્ટન: અમેરિકાના સિલિકોન વેલીમાં ભારતીય-અમેરિકનો કેનેડા અને બાંગ્લાદેશમાં હિંદુઓ સામે હિંસાના વિરોધમાં મિલપિટાસ સિટી હોલ ખાતે એકતા રૅલી માટે એકત્ર થયા હતા. હિંદુ સમુદાયના નેતાઓએ અમેરિકાના નેતાઓને આ હુમલાઓની નિંદા કરવા, માનવ અધિકારોનું રક્ષણ કરવા અને હિંદુ લઘુમતીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા સંબંધિત સરકારોને જવાબદાર ઠેરવવા વિનંતી કરી હતી.

કેલિફોર્નિયાનો બે એરિયા ૨૦૦,૦૦૦થી વધુ ભારતીય અમેરિકનોનું ઘર છે. તેઓએ કેનેડાના બ્રામ્પટનમાં હિન્દુ સભા મંદિરમાં હિન્દુ ભક્તો પરના હુમલા સહિતની તાજેતરની ઘટનાઓ પર આક્રોશ વ્યક્ત કર્યો હતો. દેખાવકારોએ ‘ખાલિસ્તાની આતંકવાદ બંધ કરો, કેનેડિયન-હિંદુઓની રક્ષા કરો’ અને ‘ઇસ્લામિક આતંકવાદ બંધ કરો, બાંગ્લાદેશી-હિંદુઓને બચાવો’ જેવા સૂત્રોચ્ચાર કર્યા હતા.

રૅલીના એક વીડિયોને જાહેર કરીને એક મીડિયા રીલીઝમાં કહેવામાં આવ્યું છે કે દિવાળીના તહેવારની ઉજવણી કરવા ગયેલા હિંદુઓને ગુંડાઓ દ્વારા હેરાન કરવામાં આવ્યા હોવાનો વીડિયો જોવો ભયાનક હતો. પ્રેસ રિલીઝમાં કેનેડિયન અધિકારીઓની પણ ટીકા કરવામાં આવી હતી. અમે જોયું કે પોલીસ પહેલેથી જ ખાલિસ્તાન સમર્થકો સાથે ઘૂસી ગઈ હતી અને હિંદુ શ્રદ્ધાળુઓને માર મારતી હતી. કેનેડામાં હિંસાની આઝાદીને અભિવ્યક્તિની આઝાદી ગણવામાં આવી રહી છે. કેનેડિયન-હિંદુઓના મૂળભૂત માનવ અધિકારોનું રક્ષણ કરવા માટે અમે ટ્રુડો સરકાર પરનો તમામ વિશ્વાસ ગુમાવી દીધો છે. ■

# ટ્રમ્પના ટેરિફ ભય વચ્ચે એશિયાઇ બજારો ગબડ્યા, સેન્સેક્સે ૮૦,૦૦૦ની સપાટી માંડ માંડ જાળવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાના નવા ચૂંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ૨૦મી જાન્યુઆરીએ સત્તા સંભાળતાવેંત વિવિધ દેશ પર ટેરિફ લાદવાની ધમકીઓ અંગેની ચિંતાઓને પરિણામે વૈશ્વિક બજારમાં સર્જાયેલા નબળા વલણને અનુસારીને મંગળવારે બેન્ચમાર્ક શેરઆંક સેન્સેક્સ અને નિફ્ટીએ બે દિવસની તેજીને બ્રેક આપીને નેગટિવ ઝોનમાં સરકી ગયા હતા.

સારીએવી અફડાતફડીમાંથી પસાર થતો સેન્સેક્સ સત્રને અંતે ૧૦૫.૭૯ પોઈન્ટ અથવા ૦.૧૩ ટકા ઘટીને ૮૦,૦૦૪.૦૬ પર સેટલ થયો હતો. દિવસ દરમિયાન તે ૩૧૧.૧૮ પોઈન્ટ અથવા ૦.૩૮ ટકા ઘટીને ૭૯,૭૯૮.૬૭ પર પહોંચ્યો હતો. જ્યારે વ્યાપક પાયો ધરાવતો નિફ્ટી ઇન્ડેક્સ ૨૭.૪૦ પોઈન્ટ અથવા ૦.૧૧ ટકા ઘટીને ૨૪,૧૯૪.૫૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો છે. સેન્સેક્સ પેકમાંથી, અલ્ટ્રાટેક સિમેન્ટ, અદાણી પોર્ટ્સ, સન ફાર્મા, એનટીપીસી, ટાટા મોટર્સ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, લાર્સન એન્ડ ટુબ્રો અને પાવર ગ્રીડ સૌથી વધુ ગબડનારા શેરોની યાદીમાં હતા. જ્યારે એશિયન પેઈન્ટ્સ, ઈન્ફોસિસ, જેએસડબ્લ્યુ સ્ટીલ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સૌથી વધુ વધનારા શેરોની યાદીમાં હતાં.

અદાણી ગ્રીન એનર્જી ૭.૦૫ ટકા તૂટ્યા સાથે અદાણી જૂથના તમામ શેરો નીચા બંધ રહ્યા હતા. આ વર્ષે સૌથી મોટો ઓસએમઇ આઇપીઓ રજૂ કરનાર સીટુસી એડવાન્સ સિસ્ટમ્સે બજાર નિયમનકાર સેબીના હસ્તક્ષેપને પગલે તેનું લિસ્ટિંગ મુલતવી રાખ્યું છે. કંપનીએ રોકાણકારોને આ આઇપીઓમાંથી અરજી પાછી ખેંચવાનો વિકલ્પ પણ આપ્યો છે. પશ્ચિમ બંગાળ સ્થિત સંકલિત નિદાન શૃંખલા, સુરક્ષા ડાયગ્નોસ્ટિક લિમિટેડની પ્રારંભિક જાહેર ઓફર (આઈપીઓ), ૨૯ નવેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ત્રીજી ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ બંધ થશે. આ ડાયગ્નોસ્ટિક ક્લિનિક અને ચેઇનએ રૂ. ૪૨૦થી રૂ. ૪૪૧ની પ્રાઇસ બેન્ડ નક્કી કરી છે. અપર બેન્ડને આધારે આ જાહેર ભરનાનું કદ રૂ. ૮૪૬.૨૫ કરોડ જેવું થાય છે.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કેનેડા અને મેક્સિકો પર ૨૫ ટકા અને ચીન પર ૧૦ ટકાની વધારાની જકાત લાદવાની જાહેરાત કરી હોવાથી સર્જાયેલા સેન્ટિમેન્ટલ દબાણ વચ્ચે બપોરના સત્ર સુધીમાં એશિયાના મોટાભાગના બજારોમાં પીછેહઠ જોવા મળી હતી. જાપાનનો નીક્કી-૨૨૫ ઇન્ડેક્સ ૦.૯ ટકા ઘટીને ૩૮,૪૪૨ની સપાટીએ, ઓસ્ટ્રેલિયાનો એસએન્ડપી, એએસએક્સ-૨૦૦ ૦.૭ ટકા ઘટીને ૮૩૫૯.૪૦ની, દક્ષિણ કોરિયાનો કોસ્પી ૦.૬ ટકા ઘટીને ૨૫૨૦.૩૬ની, હોંગકોંગનો હેંગસેંગ ૦.૧ ટકા ઘટીને ૧૯,૧૫૮.૭૬ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો. જોકે, ચાઇનાનો શાંઘાઇ કમ્પોઝિટ ૦.૧ ટકા વધીને ૩૨૬૧.૧૨ની સપાટીએ પહોંચ્યો હતો.

સત્રના અંત સુધીમાં ચિત્ર જોકે બદલાયું હતું અને એશિયન બજારોમાં સિઓલ, ટોક્યો અને શાંઘાઈ નીચામાં સ્થિર થયા જ્યારે હોંગકોંગ ઊંચા સ્તરે બંધ થયા. યુરોપિયન બજારો નીચામાં ટ્રેડ થઈ રહ્યા હતા. સોમવારે યુએસ બજારો સકારાત્મક ક્ષેત્રમાં સમાપ્ત થયા હતા. એક માહિતી અનુસાર ભારતીય રોકાણકારોએ વર્ષના પ્રથમ ૧૦ મહિનામાં સ્થાનિક શેરોમાં ૭૦ બિલિયન ડોલરથી વધુનું રોકાણ કર્યું છે. એક તરફ વિદેશી ફંડ્સ વેચવાલી કરી રહ્યાં છે ત્યારે બીજી તરફ સ્થાનિક રોકાણકારાની લેવાલીનો આંકડો નવી વિક્રમી સપાટીએ પહોંચી રહ્યો છે.

ઑક્ટોબરમાં વિદેશી ભંડોળ દ્વારા વેચાણની શરૂઆત થઈ હતી, કારણ કે મોંઘા મૂલ્યાંકન અને ચીનના ઝડપી ઈક્વિટી રિબાઉન્ડે દક્ષિણ એશિયાના બજારથી દૂર રહેવાની પ્રેરણા આપી હતી. નિરાશાજનક કોર્પોરેટ કમાણીએ પણ સ્થાનિક ઈક્વિટી માટેનું આઉટલૂક ખરાબ કર્યું છે. નિફ્ટી ૫૦ ઇન્ડેક્સ સપ્ટેમ્બરના અંતમાં રેકોર્ડ ઉચ્ચ સ્તરે પહોંચ્યો ત્યારથી લગભગ આઠ ટકા ઘટ્યો છે, પરંતુ હજુ પણ તે સતત નવમા વર્ષે લાભ તરફ આગળ વધી રહ્યો છે.




ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૭૧ ટકા વધીને ૭૩.૫૮ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે. એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ પાછલા ઘણા દિવસોથી સતત વેચવાલી બાદ સોમવારે ભારતીય શેરબજારમાં લેવાલી નોંધાવી હતી. એફઆઇઆઇએ સોમવારે સતત ૩૬ સત્ર બાદ રૂ. ૯,૯૪૭.૫૫ કરોડની ઇક્વિટી ખરીદી હતી.

બેન્ચમાર્ક ઇક્વિટી સૂચકાંકોમાં સોમવારે વધારો થયો હતો, જેમાં ભાજપે મહારાષ્ટ્રમાં અદભૂત પ્રદર્શનને ખેંચીને મદદ કરી હતી, જેમાં પાર્ટીની આગેવાની હેઠળની શાસક મહાયુતિ ગઠબંધનને પ્રચંડ જીત તરફ આગળ વધારવા માટે રેકોર્ડ સંખ્યામાં બેઠકો જીતી હતી. સોમવારે બેન્ચમાર્ક ૯૯૨.૭૪ પોઈન્ટ અથવા ૧.૨૫ ટકા વધીને ૮૦,૧૦૯.૮૫ પર સેટલ થયો હતો. નિફ્ટી ૩૧૪.૬૫ પોઈન્ટ અથવા ૧.૩૨ ટકા વધીને ૨૪,૨૨૧.૯૦ પર પહોંચ્યો હતો.

મંગળવારે બીએસઈ સેન્સેક્સ ગત સોમવારના ૮૦,૧૦૯.૮૫ના બંધથી ૧૦૫.૭૯ પોઈન્ટ્સ (૦.૧૩ ટકા) ઘટ્યો હતો. માર્કેટ કેપ રૂ.૦.૨ લાખ કરોડ વધીને રૂ.૪૩૯.૭૮ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સ ૮૦,૪૧૫.૪૭ ખૂલીને ઉપરમાં ૮૦,૪૮૨.૩૬ અને નીચામાં ૭૯,૭૯૮.૬૭ સુધી જઈને અંતે ૮૦,૦૦૪.૦૬ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૧૪ સ્ક્રિપ્સ વધી હતી અને ૧૬ સ્ક્રિપ્સ ઘટી હતી. એક્સચેન્જમાં ૪,૦૩૧ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૨૭૭ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૬૪૪ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૧૦ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૨૧૫ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૫૩ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૧૦ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૬૨ ટકા વધ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ૦.૭૫ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૮૯ ટકા વધ્યો હતો.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ આઈટી ૧.૧૧ ટકા, ફોકસ્ડ આઈટી ૧.૦૪ ટકા, ટેક ૦.૮૯ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૮૦ ટકા, એફએમસીજી ૦.૫૭ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૧૪ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૦૫ ટકા અને રિયલ્ટી ૦.૦૫ ટકા વધ્યા હતા, જ્યારે યુટિલિટીઝ ૧.૭૭ ટકા, પાવર ૧.૫૫ ટકા, ઓટો ૧.૨૬ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૯૩ ટકા, સર્વિસીસ ૦.૬૪ ટકા, એનર્જી ૦.૫૯ ટકા, હેલ્થકેર ૦.૫૯ ટકા, બેન્કેક્સ ૦.૧૨ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૧૧ ટકા, કોમોડિટીઝ ૦.૧૧ ટકા અને કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૧૧ ટકા ઘટ્યા હતા. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે એશિયન પેઈન્ટ્સ ૧.૭૯ ટકા, ઈન્ફોસિસ ટેકનોલોજી ૧.૭૩ ટકા, જેએસડબલ્યુ સ્ટીલ ૧.૧૧ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૦.૮૫ ટકા, રિલાયન્સ ૦.૬૦ ટકા, ટાટા સ્ટીલ ૦.૫૯ ટકા, ટાઈટન ૦.૫૮ ટકા, ટેક મહિન્દ્ર ૦.૫૮ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૦.૫૬ ટકા અને એચસીએલ ટેકનોલોજી ૦.૩૫ ટકા વધ્યા હતા.

જ્યારે અદાણી પોર્ટ્સ ૩.૨૩ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ્સ ૩.૦૭ ટકા, સન ફાર્મા ૨.૪૮ ટકા, એનટીપીસી ૧.૯૦ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૮૭ ટકા, તાતા મોટર્સ ૧.૭૦ ટકા, લાર્સન ૩.૨૩ ટકા, પાવર ગ્રીડ ૧.૨૧ ટકા, એક્સિસ બેન્ક ૧.૦૪ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૦૧ ટકા, મારુતિ ૦.૮૮ ટકા, સ્ટેટ બેન્ક ૦.૬૪ ટકા અને કોટક બેન્ક ૦.૫૦ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં મંગળવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૫૫.૨૮ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૩૯૫ સોદામાં ૬૮૭ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૫,૧૮,૩૧૩ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૫,૩૫,૭૪૧.૦૩ કરોડનું રહ્યું હતું. એફઆઈઆઈની રૂ. ૯,૯૪૭.૫૫ કરોડની ચોખ્ખી લેવાલી અને સ્થાનિક સંસ્થાઓની ચોખ્ખી વેચવાલી રૂ. ૬,૯૦૭.૯૭ કરોડની રહી હતી.

# ટ્રેડ વૉરની ભીતિ સપાટી પર આવતા ધાતુમાં નરમાઈનું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાવી અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે અમેરિકામાં ગેરકાયદેસર પ્રવેશતા ઈમિગ્રેન્ટ અને નકલી દવાઓને અટકાવવા માટે કેનેડા, મેક્સિકોથી થતી આયાત પર ૨૫ ટકા અને ચીનથી થતી આયાત પર ૧૦ ટકા ટેરિફ લાદવાની ધમકી ઉચ્ચારતા આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં પીછેહઠ જોવા મળી હતી. તેમ જ વૈશ્વિક બજારને અનુસરતા સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ માત્ર ઝિન્ક સ્લેબમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. ત્રણના સુધારા અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓના ભાવમાં કિલોદીઠ રૂ. એકથી નવનો ઘટાડો આવ્યો હતો.

નવા અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પના શાસનકાળમાં ટ્રેડ વૉર વધુ ઉગ્ર બને તેવી ભીતિ હેઠળ આજે લંડન ખાતે સત્રના આરંભે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા ઘટીને ટનદીઠ ૯૦૨૬.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક ધાતુ બજારમાં ચોક્કસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ ખપપૂરતી રહેતાં ભાવમાં પીછેહઠ જોવા મળી હતી તેમાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. નવ ઘટીને રૂ. ૨૫૪૮, કોપર સ્ક્રેપ હેવી, કોપર વાયરબાર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને અનુક્રમે રૂ. ૭૭૯, રૂ. ૮૦૭ અને રૂ. ૨૫૦ અને કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૭૮૫ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલી નિરસ રહેતાં આજે કોપર આર્મિચર અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૭૭૫ અને રૂ. ૧૮૦, નિકલ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૧૩૬૩ અને રૂ. ૭૨૬ તથા બ્રાસ શીટ કટિંગ્સ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૫૬૦ અને રૂ. ૫૦૯ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૧૮૦ના મથાળે રહ્યા હતા, જ્યારે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં પાંખાં કામકાજો વચ્ચે ભાવ કિલોદીઠ રૂ. ૧૯૫ના મથાળે ટકેલા રહ્યા હતા.

# વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૧૩૯૧નું ગાબડું, ચાંદી ₹ ૯૮૨ ઘટી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર ગઈકાલે સોનામાં નફારૂપી વેચવાલીના દબાણ હેઠળ સોનાના ભાવમાં ત્રણ ટકા જેટલો કડાકો બોલાઈ ગયો હતો અને ભાવ ઘટીને એક સપ્તાહની નીચી સપાટી સુધી ઊતરી ગયા હતા. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને ભાવી અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ચીન, કેનેડા અને મેક્સિકોથી આયાત થતાં માલ પર ઊંચા ટેરિફના દર લાદવાના સંકેતો આપતાં ટ્રેડ વૉરની ભીતિ સપાટી પર આવી હોવાથી હાજરમાં સોનામાં ભાવઘટાડો અટક્યો હતો અને સોનાના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે વાયદામાં ઘટ્યા મથાળેથી ધીમો સુધારો આવ્યો હતો અને ચાંદીના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આમ વૈશ્વિક ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલે આજે સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૩૮૫થી ૧૩૯૧નું ગાબડું પડ્યું હતું અને ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૯૮૨ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં સોનામાં વિશ્વ બજાર પાછળ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૩૮૫ તૂટીને રૂ. ૭૫,૩૮૭ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૩૯૧ તૂટીને રૂ. ૭૫,૬૯૦ના મથાળે રહ્યા હતા.જોકે, ભાવઘટાડાના માહોલમાં સ્ટોકિસ્ટો, રોકાણકારો અને જ્વેલરી ઉત્પાદકોની લેવાલી નિરસ રહી હતી અને માત્ર રિટેલ સ્તરની પ્રવર્તમાન લગ્નસરાની ખપપૂરતી માગ જળવાઈ રહી હતી. તે જ પ્રમાણે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય વેચવાલીના દબાણ સામે ઔદ્યોગિક વપરાશકારો અને સ્થાનિક ડીલરોની છૂટીછવાઈ માગ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૯૮૨ના ઘટાડા સાથે રૂ. ૮૮,૪૬૩ના મથાળે રહ્યા હતા.




દરમિયાન ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોનામાં નફારૂપી વેચવાલીનું દબાણ અને નવા નિયુક્ત થયેલા ટ્રેઝરી સચિવ સ્કોટ બેસન્ટ ઊંચા ટેરિફના દર લાદવા જેવાં પગલાં નહીં લે તેવી શક્યતાને ધ્યાનમાં લેતાં સોનામાં વેચવાલીનું દબાણ વધતાં ભાવ ત્રણ ટકા જેટલા ઘટીને એક સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. જોકે, ભાવી અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ચીનથી આયાત થતા માલ પર વધુ ૧૦ ટકા તથા કેનેડા અને મેક્સિકોથી આયાત થતાં માલ પર ૨૫ ટકા જેટલા ટેરિફના દર ઊંચા રાખવામાં આવે એવા સંકેતો આપતાં સોના-ચાંદીના ભાવમાં ઘટાડો અટક્યો હતો. આજે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ આસપાસ ઔંસદીઠ ૨૬૨૮.૯૯ ડૉલર આસપાસ ટકેલા ધોરણે ક્વૉટ થઈ રહ્યા હતા અને વાયદામાં ભાવ સાધારણ ૦.૪ ટકાના સુધારા સાથે ૨૬૨૯.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા વધીને ઔંસદીઠ ૩૦.૪૭ ડૉલર આસપાસ ટકેલા રહ્યાના અહેવાલ હતા.

એકંદરે ગઈકાલે સોનામાં વેચવાલીનું દબાણ વધ્યું હોવા છતાં ડૉનલ્ડ ટ્રમ્પના સંકેતોને ધ્યાનમાં લેતાં ભવિષ્યમાં ટ્રેડ વૉર સહિત અન્ય વિવાદોમાં વધારો થતાં આગામી સમયગાળામાં સોનામાં સલામતી માટેની માગ જળવાઈ રહે તેવી શક્યતા સિટી ઈન્ડેક્સના વિશ્લેષક મેટ્ટ સિમ્પસને વ્યક્ત કરી હતી.

જોકે, ગઈકાલે મિનિયાપોલિસ ફેડના પ્રમુખ નીલ કશ્કરીએ ફેડરલ રિઝર્વ તંગ નાણાનીતિનો અંત લાવશે અને આગામી ડિસેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા વ્યક્ત કરી હતી. અત્રે નોંધનીય બાબત એ છે કે આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ગઈકાલે અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૫૯.૬ ટકા શક્યતા ટ્રેડરો વ્યક્ત કરી રહ્યા હતા. તેમ છતાં હાલમાં રોકાણકારોની નજર આજે મોડી સાંજે જાહેર થનારી અમેરિકી ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની મિનિટ્સ તેમજ પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરના ડેટા પર સ્થિર થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

વધુમાં રાજકીય-ભૌગોલિક ક્ષેત્રે આજે અમેરિકી પ્રમુખ જો બાઈડન અને ફ્રેન્ચ પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન લેબેનોન ખાતે હિઝબુલ્લાહ અને ઈઝરાયલ વચ્ચેના યુદ્ધવિરામની જાહેરાત કરે તેવી શક્યતા બજાર વર્તુળો વ્યક્ત કરી રહ્યા છે.

# મલયેશિયા પાછળ આયાતી તેલમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના ડિસેમ્બર અને જાન્યુઆરી વાયદામાં અનુક્રમે ૫૬ અને ૫૧ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૩૫ રિંગિટ ઘટી આવ્યાના નિર્દેશો હતા. વધુમાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે વેપાર પાંખાં રહ્યાં હોવાથી આયાતી તેલમાં આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડના ભાવમાં અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. પાંચ અને રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે રૂચીના આરબીડી પામોલિનના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૪૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારો નિરસ રહ્યા હતા. વધુમાં આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત તા. ૧થી ૨૫ નવેમ્બર દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા ઑક્ટોબર મહિનાના સમાનગાળાના ૧૩,૨૨,૩૨૫ ટન સામે ૯.૨૨ ટકાના ઘટાડા સાથે ૧૨,૦૦૪૨૧ ટનની સપાટીએ રહી છે.

દરમિયાન આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૩૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૯૦, સિંગતેલના રૂ. ૧૪૭૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૩૦ અને સરસવના રૂ. ૧૪૦૦ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૮૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૨૫માં ટકેલા ધોરણે થયા હતા.

# સેબીની દરમિયાનગીરી બાદ સીટુસી એડવાન્સનું લિસ્ટિંગ મોકૂફ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ આ વર્ષે સૌથી મોટો ઓસએમઇ આઇપીઓ રજૂ કરનાર સીટુસી એડવાન્સ સિસ્ટમ્સે બજાર નિયમનકાર સેબીના હસ્તક્ષેપને પગલે તેનું લિસ્ટિંગ મુલતવી રાખ્યું છે. કંપનીએ રોકાણકારોને આ આઇપીઓમાંથી અરજી પાછી ખેંચવાનો વિકલ્પ પણ આપ્યો છે. સેબી તરફથી મળેલી સૂચનાના આધારે, એન્કર રોકાણકારો સિવાયના તમામ રોકાણકારો પાસે ૨૬ નવેમ્બરથી ૨૮ નવેમ્બર દરમિયાન, તમામ શ્રેણીઓ માટે સીટુસી એડવાન્સ્ડ સિસ્ટમ્સના ચાલુ એસએમઇ આઇપીઓ માટે તેમની બિડ પાછી ખેંચી લેવાનો વિકલ્પ હશે, એમ કંપનીએ જણાવ્યું છે.

કેપિટલ માર્કેટ રેગ્યુલેટર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ સોમવારે એસએમઇ સેગમેન્ટમાં સીટુસી એડવાન્સ સિસ્ટમ્સ દ્વારા શેરનું નિકટવર્તી લિસ્ટિંગ મુલતવી રાખ્યું છે. તેની કાર્યવાહી ચોક્કસ રોકાણકારોની ફરિયાદ પર આધારિત હોવાનું જાણવા મળ્યું છે. સીટુસી એડવાન્સ્ડ સિસ્ટમ્સ વિવિધ ઉત્પાદનો, વ્યાવસાયિક સેવાઓ અને પ્રોડક્ટ એન્જિનિયરિંગ સોલ્યુશન્સની શ્રેણી પૂરી પાડે છે.

માર્કેટ રેગ્યુલેટરે કંપનીને સ્વતંત્ર ઓડિટરની નિમણૂક કરવાનો નિર્દેશ આપ્યો હતો અને આ બાબતે સ્વતંત્ર ઓડિટરનો રિપોર્ટ ન મળે ત્યાં સુધી લિસ્ટિંગ મુલતવી રાખવા જણાવ્યું હતું. સેબીએ જણાવ્યું હતું કે આઇપીઓમાં સહભાગ લેનારા રોકાણકારો પાસે તેમના ભંડોળ સામે રિફંડ મેળવવાનો વિકલ્પ હશે. આ કંપનીનો શેર ૨૯ નવેમ્બરના રોજ એસએણઇ સેગમેન્ટમાં યાદીબદ્ધ થવાનો હતો. આ મહિને એક અલગ બાબતમાં, સેબીએ ચોક્કસ રોકાણકારોની ફરિયાદોને આધારે ઓટોમોટિવ ડિજિટલ સોલ્યુશન્સ અને ડિસ્ટ્રિબ્યુશન સર્વિસ પ્રોવાઈડર રોઝમેર્ટા ડિજિટલ સર્વિસિસના આઇપીઓને અટકાવ્યો હતો.

### મર્યાદિત માગે ખાંડમાં આગળ ધપતો ઘટાડો

# ડિસેમ્બરમાં મુક્ત વેચાણ માટે બાવીસ લાખ ટન ખાંડ છૂટી કરાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૪૪૦થી ૩૪૯૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સતત બીજા સત્રમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી ખપપૂરતી માગ અને અમુક માલની ગુણવત્તા પણ નબળી હોવાથી હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૮નો અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં રૂ. ૧૦થી ૩૦નો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી ખપપૂરતી રહેતાં ભાવ ક્વિન્ટલે રૂ. ૩૦ ઘટી આવ્યા હતા. દરમિયાન આજે સરકારે આગામી ડિસેમ્બર મહિનામાં મુક્ત વેચાણ માટે બાવીસ લાખ ટન ખાંડ છૂટી કરી હોવાનું ડિપાર્ટમેન્ટ ઑફ ફૂડ ઍન્ડ પબ્લિક ડિસ્ટ્રીબ્યુશને એક યાદીમાં જણાવ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીમાં નિરુત્સાહ રહેવાની સાથે રિટેલ સ્તરની માગ પણ મર્યાદિત રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૮ના ઘટાડા સાથે રૂ. ૩૫૭૨થી ૩૭૦૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૦ અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ ઘટીને રૂ. ૩૬૭૨થી ૩૮૫૦માં થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી છૂટીછવાઈ રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૩૦નો ઘટાડો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૦૦થી ૩૫૬૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૭૦થી ૩૬૨૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ડૉલર સામે રૂપિયો એક પૈસો નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાવી અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની ટેરિફ યોજનાને ધ્યાનમાં લેતા ટ્રેડ વૉરની ભીતિ સપાટી પર આવી હોવાથી આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાને બ્રેક લાગતા સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો એક પૈસાના ઘટાડા સાથે ૮૪.૨૯ના મથાળે બંધ રહ્યો હતો. વધુમાં ટ્રેડરોની નજર આજે મોડી સાંજે જાહેર થનારી અમેરિકી ફેડરલ રિઝર્વની નીતિવિષયક બેઠકની મિનિટ્સ પર પણ હોવાથી એકંદરે કામકાજો પાંખાં રહ્યાં હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૪.૨૯ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૪.૨૭ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪.૩૫ અને ઉપરમાં ૮૪.૨૨ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે સાધારણ એક પૈસાના ઘટાડા સાથે ૮૪.૩૦ની સપાટીએ બંધ રહ્યો હતો.

આજે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ચીનથી થતી આયાત સામે વધુ ૧૦ ટકા ડ્યૂટી અને કેનેડા તથા મેક્સિકોથી થતી આયાત પર ૨૫ ટકા ડ્યૂટી લાદવાની ધમકી ઉચ્ચારતા ટ્રેડ વૉરની ભીતિ સપાટી પર આવી હતી. તેમ જ આજે મોડી સાંજે ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની મિનિટ્સની જાહેરાત થવાની હોવાથી ટ્રેડરોના સાવચેતીના અભિગમ વચ્ચે ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ રહ્યો હોવાનું બીએનપી પારિબાસના વિશ્લેષક પ્રવીણ સિંઘે જણાવ્યું હતું.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૬ ટકા વધીને ૧૦૬.૮૭ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડ તેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭૯ ટકા વધીને બેરલદીઠ ૭૩.૫૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વધુમાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૦૫.૭૯ પૉઈન્ટનો અને ૨૭.૪૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી રૂપિયો દબાણ હેઠળ રહ્યો હતો. જોકે, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૯૯૪૭.૫૫ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના અહેવાલને ધ્યાનમાં લેતા રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ભાવનગરમાં ભાજપ દ્વારા ૭૫મા સંવિધાન દિવસ અંતર્ગત સંવિધાન યાત્રા યોજાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગર શહેર ભાજપ અધ્યક્ષ અભયસિંહ ચૌહાણના માર્ગદર્શનમાં તેમજ અનુ. જાતિ મોરચાના પૂર્વ અધ્યક્ષ અશ્ર્વિનભાઈ બેન્કરની ઉપસ્થિતિમાં ભાવનગર શહેર ભાજપ સંગઠન અને અનુ. જાતી મોરચા દ્વારા તા. ૨૬-૧૧ ના રોજ ૭૫માં સંવિધાન દિવસ અંતર્ગત 'સંવિધાન યાત્રા'નું આયોજન કરવામાં આવેલ, જેમાં બાબાસાહેબ આંબેડકરજીની તસ્વીરોથી શણગારેલી રમ્ય બગીમાં બંધારણની પ્રતને લઈને શહેર કાર્યાલયથી જશોનાથ સર્કલ સુધી 'બંધારણ અમર રહો' અને 'જય ભીમ' ના નારા સાથે યાત્રા કાઢવામાં આવી હતી.

આ યાત્રામાં ભાજપના વરિષ્ઠ આગેવાનો, શહેર અને વોર્ડ સંગઠન સહિત મહાનગર પાલિકાના પદાધિકારીઓ અને નગરસેવકો તેમજ તમામ સેલ, મોરચા અને સમિતિઓના હોદ્દેદારો અને કાર્યકરો જોડાયા હતા અને જશોનાથ ખાતે બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમાને શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં હતાં, ત્યાર બાદ શહેર અધ્યક્ષ અભયસિંહ ચૌહાણ અને અશ્ર્વિનભાઈ બેન્કર સહિતના આગેવાનોએ લોકોને બંધારણ અને બાબાસાહેબ આંબેડકારજીની જીવન વિશે સંબોધ્યા હતા. ■

# ગીર સોમનાથના તાલાલામાં ૩.૨ની તીવ્રતાનો ભૂકંપઃ લોકોમાં ભયનો માહોલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી ભૂકંપના હળવા આચકા અનુભવાઈ રહ્યા છે. મંગળવારે ફરી એક વખત ધરા ધ્રૂજી હતી. મંગળવારે સાંજે ૬.૦૮ કલાકે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ગીર સોમનાથના તાલાલામાં ભૂકંપનો આંચકો અનુભવાતા લોકોમાં ડરનો માહોલ જોવા મળ્યો હતો. ધરતીકંપનું કેન્દ્રબિંદુ તાલાલાથી બે કિલોમીટર દૂર નોંધાયું હોવાનું જાણવા મળ્યું હતું. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૩.૨ નોંધાઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ પહેલા ૧૯ નવેમ્બરના રોજ દક્ષિણ ગુજરાતના વલસાડમાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જિલ્લાના ધરમપુર તાલુકામાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. સવારે ૧૧.૦૩ વાગ્યે ૨.૫ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો.

વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના મોળાઆંબા ગામ નજીક ભૂકંપનું એપિસેન્ટર નોંધાયું હતું.

તેના એક દિવસ અગાઉ કચ્છ જિલ્લામાં રાપર સહિત વાગડ વિસ્તારમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જેમાં ૪.૦ની તીવ્રતાના ભૂકંપને કારણે વાગડની ધરા ધ્રૂજી હતી. રાતે ૮.૧૮ મિનિટે અહીંયા ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જેના કારણે લોકો દોડીને ઘરની બહાર નીકળ્યા હતા.

ભૂકંપને કારણે લોકોમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો. રાપરથી લઈને ભચાઉ, ગાંધીધામ સહિતના વિસ્તારોમાં આ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. મહત્ત્વનું છે કે આ ભૂકંપનું કેન્દ્ર બિંદુ રાપરથી ૨૬ કિમી દૂર નોંધાયું હતું.

જ્યારે દેવદિવાળીના દિવસે રાત્રે ૧૦.૧૬ કલાકે ઉત્તર ગુજરાતની ઘણી બધી જગ્યાએ ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જેમાં પાટણ, પાલનપુર, મહેસાણા અને અમદાવાદ સહિતના શહેરોમાં ૪.૨ની તીવ્રતાનો ભૂકંપના આંચકા લોકોએ અનુભવ્યા હતા. જેનું કેન્દ્ર બિંદુ પાટણથી ૧૩ કિલોમીટર દૂર ચાણસ્મા તાલુકાના સેવાળા ગામમાં નોંધાયું હતું ધરતીકંપના પગલે લોકો ઘરની બહાર લોકોનો જીવ બચાવવા દોડ્યા હતા. ■

## ભાવનગરના અલંગમાં મેગા ડિમોલિશન

# ૨૬૪ હેક્ટર જમીન ખાલી કરાવવા બુલડોઝર ફર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગર જિલ્લાના અલંગ શિપબ્રેકિંગ યાર્ડ નજીક જિલ્લાની સૌથી મોટી ડિમોલિશન કામગીરી શરૂ થઈ છે. તંત્રની આ કાર્યવાહી સમગ્ર પંથકમાં ચર્ચાનો ચર્ચાનો વિષય બન્યો છે. અલંગ શિપબ્રેકિંગ યાર્ડના પ્લોટ સામેની તરફ આવેલી સરકારની જમીન પર બુલડોઝર ફરવાની શરૂઆત થઈ છે. દુકાનદારો અને રહેણાંકી જુગ્ગીઓને દૂર કરવા માટે સૂચના આપ્યા બાદ પ્રથમ દિવસે કાર્યવાહી હાથ ધરાઈ હતી.

ભાવનગર જિલ્લાના અલંગમાં મામલતદાર કચેરીએ મણાર ગામ નીચે આવતી જમીન પરના દબાણ હટાવવા અનેક ખાડા, ખોલી અને દુકાનો વગેરે પર બુલડોઝર ફેરવ્યું છે. આ ૨૬૪ હેક્ટર જમીનનું દબાણ હટાવવા જતા અનેક વેપારી તળાજા કોર્ટ અને હાઈ કોર્ટમાં પહોંચ્યા હતા, પરંતુ તેમની અરજી નકારી કાઢતાં હવે દબાણ હટાવવામાં આવ્યા હતા. આશરે ૫૦ કરોડની જમીન પર દબાણ હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

ડેપ્યુટી કલેક્ટર જે. આર. સોલંકીએ જણાવ્યું હતું કે, મણાર ગામ હેઠળની ૨૬૪ હેક્ટર જમીન પર ૨,૪૧૮ દબાણકર્તાઓએ દબાણ કર્યું હોવાથી જમીન ખુલ્લી કરવા કાર્યવાહી હાથ ધરાઈ હતી. પ્રથમ દિવસે ૧૨ હેક્ટર જમીન પરથી ૫૫ દબાણ દૂર કરવામાં આવ્યા છે, જેમાં બે ધાર્મિક દબાણનો સમાવેશ છે. ડેપ્યુટી કલેક્ટરે વધુમાં જણાવ્યું હતું કે, દબાણમાં કોમર્શિયલ અને રહેણાંકી બંને પ્રકારના દબાણો છે. હાલમાં કોમર્શિયલ દબાણો પર કાર્યવાહી કરાઈ છે. રહેણાકીમાં જોઈએ તો ૬૦ ટકા ખોલીઓ મજૂરોની છે. આ લોકોને સરકારે બનાવેલી મજૂરોની કોલોનીમાં શિફ્ટ કરવા એસોસિયેશનની મદદ લઈ રહ્યા છીએ. હજુ આ કામગીરી ૫ થી ૭ દિવસ સુધી ચાલી શકે એમ છે. ■

# રાજકોટમાં સરદારધામના ઉપપ્રમુખ પર પીઆઈ સંજય પાદરિયાએ જીવલેણ હુમલો કરતા ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)



(તસવીર-પ્રવીણ સેદાણી, રાજકોટ)

અમદાવાદઃ રાજકોટ મનપાના પૂર્વ કોર્પોરેટર અને પાટીદાર સમાજના અગ્રણી જયંતીભાઈ સરધાર પર ગત ૨૫ નવેમ્બરની રાત્રે કણકોટ મવડી રોડ પર આવેલા શ્યામ પાર્ટી પ્લોટમાં એક લગ્નપ્રસંગ દરમિયાન જીવલેણ હુમલો થયો હતો. સરદારધામના ઉપપ્રમુખ જયંતી સરધારા પર પીઆઈ સંજય પાદરિયાએ હુમલો કર્યો હતો. આ હુમલામાં ઘાયલ થયેલા જયંતી સરધારાને લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલની બહાર મોટી સંખ્યામાં પાટીદાર આગેવાનો આવી પહોંચ્યા હતા. ખોડલધામના ચેરમેન નરેશ પટેલના ઈશારે આ હુમલો કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરતાં હવે લેઉવા પાટીદાર સમાજની જ બન્ને સંસ્થા સરદારધામ અને ખોડલધામ સામસામે આવી ગઈ છે. સરદારધામના ઉપપ્રમુખ જયંતી સરધારા પર પીઆઈ પાદરીયા હુમલો કરતા સૌરાષ્ટ્રમાં ખળભળાટ મચી ગયો હતો. પીઆઈ પાદરીયાએ આક્ષેપ કર્યા હતા કે ઉપપ્રમુખ સમાજનો ગદ્દાર છે. આવું કહીં પિસ્તોલના કુંદા મારી હત્યાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટના બાદ પીઆઈ સામે હત્યાના પ્રયાસ અંગે ગુનો નોંધાયો હતો.

રાજકોટના પૂર્વ કોર્પોરેટર અને સરદારધામ સૌરાષ્ટ્રના ઉપપ્રમુખ કોઠારીયા રોડ ઉપર નવનીત હોલ સામે સાવ નામના મકાન શ્રીરામ પાર્ક ૧માં રહેતા જયંતીભાઈ કરસનભાઈ સરધારાએ રાજકોટ તાલુકા પોલીસમથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ખોડલધામના સમર્થક જુનાગઢ ચૌકી સોરઠ ટ્રેનિંગ સેન્ટરના પીઆઈ સંજય પાદરીયાનું નામ આપ્યું હતું. જયંતીભાઈએ ફરિયાદમાં જણાવ્યા મુજબ પોતે સરદારધામ સૌરાષ્ટ્ર ઝોન ટ્રસ્ટના ઉપપ્રમુખ તરીકે સમાજના અગ્રણી છે.

એફઆઈઆર મુજબ સરદારધામ સૌરાષ્ટ્રના ઉપપ્રમુખ તેમના મિત્રના પુત્રના લગ્નમાં આવ્યા હતા. થોડીવારમાં પીઆઈ આવ્યા નામ પુછ્યુ અને ઉપપ્રમખને કહ્યું હું જૂનાગઢ એસઆરપી રિજિયનમાં છું અને તું સમાજનો ગદ્દાર છે. તેને વધુમાં કહ્યું કે હું નરેશભાઈ પટેલની સક્રિય ટીમમાં છું અને તું સરદાર ધામમાં ઉપપ્રમુખ બનીને ગદ્દારી કરે છે જેથી હવે તને અહીંથી જીવતો જવા દેવો નથી. એવી ધમકી પણ આપી હતી. ત્યારબાદ સમાજના અગ્રણીઓ વચ્ચે પડતા સમગ્ર મામલાને થાળે પાડ્યો હતો.

જો કે, જયંતીભાઈ સરધારા અને પી.આઈ. સંજય પાદરીયા વચ્ચેની લડાઈના કારણે ખોડલધામ વચ્ચે ચાલતા વિવાદમાં બળતામાં ઘી રેડાયું છે. ■

# અમદાવાદમાં બીએમડબ્લ્યુના શો-રૂમમાંથી કારની ચોરી કરનાર મોરબીનો યુવક સામખિયાળી ટોલનાકેથી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ અમદાવાદ શહેરના સરખેજ વિસ્તારમાં આવેલા બીએમડબ્લ્યુના શો-રૂમમાં તમિલનાડુના ચેન્નઈથી ટ્રેઇલરમાં આવેલી નવી નક્કોર કારની સિફતપૂર્વક ઉઠાંતરી કરી જનારા શખ્સને પોલીસે કચ્છના સામખિયાળી વિસ્તારમાંથી ઝડપી પાડ્યો હતો.

પોલીસે માહિતી આપતાં જણાવ્યું હતું કે, શો-રૂમ બંધ હોવાથી ડિલિવરી માટે ત્રણ બીએમડબ્લ્યુ કાર લઇ આવનારા ટ્રેલરના ડ્રાઈવર અને ક્લીનર બહાર ઊભા હતા એ દરમિયાન શો-રૂમના કર્મચારી તરીકે પોતાની ઓળખ આપનારા એક યુવકે ટ્રેલરમાં પડેલી ત્રણ મોંઘેરી કારને નીચે ઉતરાવી હતી. જે બાદ તેમાંથી બીએમડબલ્યુ કારની ચાવી માગી કારને શો-રૂમ પર મુકવા જવાનું કહી, કાર ચોરી કરી ભાગી ગયો હતો. થોડા સમય સુધી યુવક ન આવતા ડ્રાઇવર દ્વારા શોરૂમમાં તપાસ કરતા આવો કોઈ કર્મચારી મોકલ્યો ન હોવાની જાણ થઈ હતી. જે બાદ સમગ્ર મામલે ટ્રેલરના ડ્રાઈવરે સરખેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

એક્શન મોડમાં આવી ગયેલી સરખેજ પોલીસે સીસીટીવી જોતા આ યુવક બીએમડબલ્યુ કાર લઈને અમદાવાદથી સાણંદ તરફ જઈ રહ્યો હતો અને રસ્તામાં એક પેટ્રોલપંપ પર ઈંધણ પુરાવા ઊભો રહ્યો હતો. સીસીટીવીના આધારે સાણંદથી કચ્છ તરફ જતા રસ્તા ઉપર બીએમડબ્લ્યુ કારની પાછળ જઈને અલગ અલગ ટોલટેક્સ તેમજ રસ્તા ઉપર લાગેલા સીસીટીવી તપાસ્યાં તેમાં ચોરીની બીએમડબ્લ્યુ કાર હળવદ મોરબી તરફ પસાર થઈ રહી હોવાનું ધ્યાને આવ્યું હતું. હળવદથી અણિયારી રાષ્ટ્રીય ધોરીમાર્ગ આસપાસના રસ્તાઓ પર સ્થાનિકોની મદદથી પોલીસે કાર કચ્છના નાના રણ તરફ જતી હોવાની માહિતી મેળવી હતી. કારની માહિતી મેળવતા પોલીસે રાત્રી દરમિયાન આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પણ શોધખોળ હાથ ધરી હતી અને સવારે હાઈવે પર તપાસ કરતા આ કાર સામખિયાળી ટોલનાકા તરફ જતી હોવાની માહિતી મળતા ત્યાં નાકાબંધી કરાઈ અને કાર ટોલનાકા પર પહોંચતા કારચાલકને દબોચી લેવામાં આવ્યો હતો.

મોંઘેરી કારને હંકારી જનાર યુવકની પોલીસે પૂછપરછ કરતાં સામે આવ્યું છે કે તેનું નામ ગૌરાંગ ગોસ્વામી છે અને તે ૨૩ વર્ષનો છે. ગૌરાંગ મૂળ મોરબી જિલ્લાના રસનાલ ગામમાં રહે છે. આરોપી ગૌરાંગે બીબીએ સુધીનો અભ્યાસ કર્યો છે અને અગાઉ તે ખાનગી કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતો હતો, પરંતુ ગૌરાંગ સ્વતંત્ર વ્યવસાય કરવા માગતો હતો જે બાબતે પરિવાર તરફથી તેને સહયોગ ન મળતા તે પોતાના વ્યવસાય કરવા માટે રૂપિયાની વ્યવસ્થા કરવા ઘરેથી નીકળી ગયો અને અલગ અલગ વાહનોમાં લિફ્ટ મેળવીને (હીચ હાઇકિંગ) અમદાવાદ સુધી પહોંચ્યો હતો અને અહીં ફરતા ફરતા તે એસ.જી હાઇવે મકરબા ખાતે આવેલા બીએમડબ્લ્યુ કારના શોરૂમ પાસે પહોંચ્યો હતો અને ટ્રેલરના ડ્રાઇવરને શોરૂમના કર્મચારી તરીકેની ઓળખાણ આપી વિશ્ર્વાસમાં લઈ અને બીએમડબ્લ્યુ કાર મેળવી નાસી ગયો હતો. ગૌરાંગ ગુજરાત છોડી અને અન્ય રાજ્યમાં જવાનો હતો અને ત્યાં પોતાનો સ્વતંત્ર ધંધો શરૂ કરવાનો હતો. જોકે ગૌરાંગ ગુજરાત બહાર નીકળે તે પહેલા જ સરખેજ પોલીસે તેની ધરપકડ કરી અને મોંઘીદાટ બીએમડબ્લ્યુ કારની રિકવરી કરી છે. ■

# ભાવનગરમાં દેશી બનાવટની પિસ્ટલ સાથે બે ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગર-રાજકોટ હાઈ-વે પરથી દેશી બનાવટની પિસ્ટલ તથા કાર્ટીસ સાથે બે શખ્સને ભાવનગર પેરોલ ફર્લો સ્કવોડએ ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ભાવનગર એલ.સી.બી., પેરોલ ફર્લો સ્કવોડના પોલીસ સ્ટાફના માણસો ભાવનગર શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતાં તે દરમ્યાન પોલીસ કોન્સ. સોહીલભાઈ ચોકીયા ને બાતમી મળ હતી કે, ભાવનગરના ભરત ભુપતભાઇ માધર તેના મિત્ર જગદીશ ઉર્ફે માંદો બળવંતભાઈ બારડને ગેર કાયદેસર દેશી પિસ્ટલ જેવુ હથિયાર આપવા આવ્યા છે. અને જગદીશ બારડના પેન્ટના નેફામાં હથીયાર છે. જે બન્ને ભાવનગર શહેર, ભાવનગર- રાજકોટ હાઈ-વે રોડ, મિલીટ્રી સોસાયટીના નાકા પાસે, સી.સી.પાન દુકાનની સામે જાહેર રોડ ઉપર ઊભા હોવાની બાતમીના આધારે પિસ્ટલ તથા પિસ્ટલનાં જીવતા કાર્ટીસ સાથે જગદીશ ઉર્ફે માંદો બળવંતભાઇ બારડને ઝડપી લઇ તેની પાસેથી લોખંડની ધાતુની દેશી બનાવટની પિસ્ટલ જેની કિ. રૂ.૧૦,૦૦૦ અને પિસ્ટલના જીવતા કાર્ટીસ નંગ-૩ જેની કિ.રૂ.૩૦૦ મળી કુલ કિ.રૂ.૧૦,૩૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ■

# જૂનાગઢના વંથલીમાં પથ્થરમારાના કેસમાં પોલીસે ભાજપ નેતા જવાહર ચાવડાને ભાગેડું દર્શાવતા હાઈ કોર્ટ લાલઘુમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાજપના નેતા અને ગુજરાત સરકારના પૂર્વ પ્રધાન જવાહર ચાવડા જ્યારે કોંગ્રેસમાં હતા ત્યારે વર્ષ ૨૦૧૮માં જૂનાગઢના વંથલીમાં પથ્થરમારાની ઘટનામાં પોલીસે તેમના પર ગુનો નોંધ્યો હતો. આ કેસમાં જવાહર ચાવડાએ હાઈ કોર્ટમાં ક્વોશિંગ પિટિશન દાખલ કરી હતી અને આરોપ લગાવ્યો હતો કે આ કેસમાં પોલીસે તેમને ભાગેડું જાહેર કર્યા હતા.

જવાહર ચાવડાએ કોર્ટ સમક્ષ પિટિશનમાં કહ્યું હતું કે પોલીસ આ કેસમાં તપાસ આગળ વધારી રહી નથી અને આમ કરીને તેમના પર લટકતી તલવાર રાખી દીધી છે. તેમને આરોપી બનાવવાના હોય તો આરોપી બનાવે, જેથી તેઓ ટ્રાયલ લડી શકે અથવા તેમને છોડી મુકવા માટેનો રિપોર્ટ દાખલ કરે. આ રીતે ૬ વર્ષોથી મામલો લટકાવી રાખી શકાય નહીં. આ મામલે હાઇ કોર્ટે પોલીસ અને સરકારને સવાલો કર્યા હતા. આ સમગ્ર મામલે હાઇ કોર્ટના જજ નિરલ મહેતાએ સુનાવણી હાથ ધરી હતી, દરમિયાન રાજ્ય સરકારનો ઉધડો લેતાં તેમણે ટકોર કરી હતી કે તમે બીજા બધાં કેસમાં તાકીદે પગલાં લો છો અને આ કેસમાં તમે નોટિસ પાઠવીને બેસી રહ્યા છો. એક અઠવાડિયામાં સમગ્ર મામલે સ્પષ્ટતા કરો. આરોપી બનાવવા હોય તો બનાવો નહીં તો છોડી મૂકવાનો રિપોર્ટ ભરો, આવી રીતે કેસ દબાવી ના રાખો.

હાઇ કોર્ટે એવી ટકોર પણ કરી હતી કે પોલીસે તપાસ દરમિયાન અરજદારને ભાગેડું કે ફરાર દર્શાવ્યા છે, પરંતુ શું તેઓ એ વિસ્તારની જાણીતી વ્યક્તિ નથી? તમે એમને બોલાવવા કે પકડવા માટે શું કર્યું? સરકાર તરફથી એડવોકેટે કહ્યું હતું કે તેમને નોટિસ પાઠવવામાં આવી હતી. કોર્ટે વધુ ગંભીર નોંધ લેતાં ટકોર કરી હતી કે, તેઓ હાજર ન થયા તો શું પોલીસ ચૂપચાપ બેસી રહી હતી? તમે દરેક કેસમાં આવી રીતે નોટિસ પાઠવીને બેસી રહો છો? પોલીસ પર હુમલો થયો હોય એવા ગંભીર ગુનામાં તમે આવી રીતે કાર્યવાહી કરો છો? શું તમે આરોપીને હાજર થવા માટે આવી રીતે નોટિસ પાઠવીને બેસી રહો છો અને તેમને પકડતાં નથી! હાઇ કોર્ટે આ સમગ્ર મામલે કહ્યું કે એક અઠવાડિયામાં જવાબ નહીં આપો તો ગૃહવિભાગના સચિવને બોલાવામાં આવશે. ■

# ચાર કરોડ માટે આહીર યુવકને હનીટ્રેપમાં ફસાવી મરવા મજબૂર કરવાના પ્રકરણમાં મનીષા ગોસ્વામીનો ફરાર પતિ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ માધાપરના ટ્રાન્સપોર્ટર એવા દિલીપ ગાગલ નામના આહીર યુવક ચાર કરોડ રૂપિયા પડાવવાના હેતુથી તેને બ્લેકમેઈલ કરવા માટે બળાત્કારની બોગસ ફરિયાદ નોંધાવી મરવા મજબૂર કરવાના ગુનામાં વધુ એક મહત્ત્વના આરોપીની ધરપકડ થઈ હતી. ગુનાની તપાસ કરી રહેલી સ્થાનિક ગુનાશોધક શાખાએ આ ચકચારી હનીટ્રેપ કાંડમાં જેને સૂત્રધાર ગણાવેલી તે મનીષા ગોસ્વામીના પતિ ગજ્જુગીરી ભીમગીરી ગોસ્વામીની પૂર્વ બાતમીના આધારે ભચાઉથી ધરપકડ કરી હતી.

ગત ૫-૬-૨૦૨૩ના રોજ બનાવ અંગે નખત્રાણા પોલીસ મથકે ફરિયાદ દાખલ થઈ હતી. ગુનાના સમગ્ર ષડયંત્રને અંજામ આપવામાં ભુજના ગણેશનગરમાં ભાડાના મકાનમાં રહેતા ગજ્જુગીરીએ ચાવીરુપ ભૂમિકા ભજવી હોવાનું તપાસમાં ખૂલ્યું હતું.

આ ગુનામાં અખલાક પઠાણ નામનો અન્ય એક આરોપી હજુ પણ પોલીસની પકડથી દૂર છે.

દોઢ વર્ષના સમયગાળા બાદ પાલારા જેલમાં રહીને કથિત રીતે પોતાનું ગુનાનું નેટવર્ક ચલાવતી મનીષા ગોસ્વામી સહિતના મોટાભાગના આરોપીઓ જામીન પર મુક્ત થઈ ગયાં છે. અગાઉ



(તસવીર- ઉત્સવ વૈદ્ય- ભુજ)

લાંબા સમય સુધી નાસતાં રહેલા અંજારના જાણીતા વકીલ એવા આકાશ મકવાણાની ધરપકડ બાદ તે જામીન પર છૂટયો હતો. આકાશની મુક્તિના થોડાં માસ બાદ આકાશ સાથે પ્રેક્ટિસ કરતી ભાગેડુ વકીલ કોમલ જેઠવા ૦૪-૧૧-૨૦૨૪ના રોજ નાટ્યાત્મક સંજોગોમા પકડાઈ હતી, જે તાજેતરમાં ભુજની અદાલતમાંથી જામીન મેળવી બહાર આવી ગઈ છે. હવે આગામી દિવસોમાં અખલાક પઠાણ પણ આવી સરળતાથી ઝડપાઈ જાય તેવી શક્યતા છે.

ગજ્જુ સહિતના આરોપીઓ વિરુદ્ધ અરેસ્ટ વોરન્ટ જારી કરાયું હતું ત્યારે આ આરોપીઓ આટલાં સમય સુધી ક્યાં નાસતાં ફરતાં રહ્યાં હતા અને તેમને કોણે આશરો અને મદદ આપેલી તે જાણવા પોલીસે તપાસ હાથ ધરી છે. ■

# કચ્છના માધાપરમાંથી બોગસ તબીબ ઝડપાયોઃ દવાઓ, મેડિકલ સાધનો વગેરે મળીને ₹ ૨૩,૫૧૦નો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ડિગ્રી વગરના બોગસ તબીબોના સંખ્યાબંધ હાટડા આરોગ્ય વિભાગના આંખ મિચામણાંના કારણે મોટી સંખ્યામાં ધમધમી રહ્યા છે. મંગળવારે માધાપર નવા વાસમાં ઐશ્ર્વર્ય નગર ખાતે માન્ય ડિગ્રી વગર દવાખાનું અને મેડિકલ સ્ટોર ચલાવતા ઉત્તર પ્રદેશના બોગસ તબીબને સ્થાનિક ગુનાશોધક શાખાએ ઝડપી પાડ્યો હતો.

મૂળ યુપીના વતની ૩૪ વર્ષીય જગદીશસિંઘ રાજારામ પટેલ (રહે. હર્ષલ પાર્ક, ગ્રીનસીટી સોસાયટી)એ વર્ષોથી પોતાની પત્નીના નામે 'આરતી ક્લિનીક' શરૂ કર્યું હતું અને એક નિષ્ણાત તબીબની જેમ હૃદયરોગ, બ્લડપ્રેશર, ડાયાબિટીસ, ડેંગ્યુ જેવી 'લાઈફ થ્રેટનીંગ' બીમારીઓના દર્દીઓની સારવાર કરતો હતો.



(તસવીર- ઉત્સવ વૈદ્ય- ભુજ)

પૂર્વ બાતમીના આધારે રેન્જ આઈજી ચિરાગ કોરડીયા અને ઈન્ચાર્જ એસપી વિકાસ સુંડાના માર્ગદર્શન તળે એલસીબીના પી.આઈ સંદિપસિંહ ચુડાસમાએ મેડિકલ ઑફિસરને સાથે રાખીને દરોડો પાડ્યો હતો. પોલીસને હોસ્પિટલમાંથી વિવિધ પ્રકારની એન્ટિબાયોટીક અને એલોપેથિક દવાઓ સાથે સૂચર (ટાંકા લેવા માટે વપરાતા ખાસ દોરાં) અને વાઢકાપ માટેના વિવિધ પ્રકારના ફોરસેપ્સ પણ મળી આવ્યાં હતા. જગદીશે પોતાના દવાખાનામાં ઈન્ડિયન બોર્ડ ઑફ ઑલ્ટરનેટીવ મેડિસીન્સ નામની પશ્ચિમ બંગાળની કોઈ ભળતી સંસ્થામાંથી ઑલ્ટરનેટીવ સિસ્ટમ ઑફ મેડિસીન્સમાં બેચલરની ડિગ્રીનું પ્રમાણપત્ર લેમિનેટેડ છબીમાં લટકાવી રાખ્યું હતું. આ પ્રમાણપત્રના આધારે તે પોતાની ડિગ્રીમાં બીએએસએમ લખી લોકોને ભરમાવતો હતો. પોલીસે બોગસ ડોક્ટર સાથે મેડિકલ સ્ટોરમાં નોકરી કરતા મહેન્દ્ર અને નઈમની પણ ધરપકડ કરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી ચાર મોબાઈલ ફોન અને વિવિધ દવાઓ, મેડિકલ સાધનો વગેરે મળીને ૨૩૫૧૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી ત્રણે વિરુદ્ધ માધાપર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ■

# કચ્છમાં અપમૃત્યુના વિવિધ બનાવોમાં ત્રણનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સરહદી કચ્છમાં વીતેલા ૨૪ કલાક દરમ્યાન અપમૃત્યુના સામે આવેલા બનાવોમાં ત્રણ સંતાનોની માતા સહીત ત્રણ લોકોના અકાળે મોત નીપજતાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી હતી.

અંજારના ખોખરા ગામની વાડીમાં બોર ખોદતી સમયે માથે પડેલા માટીના ઢગલામાં દબાઇ જતાં યુવાનનો જીવ ગયો હોવાની, સામખીયાળીમાં ત્રણ સંતાનોની માતાએ અગમ્ય કારણોસર ફાંસો ખાઇ જીવન ટુંકાવી લીધું હોવાની અને ગાંધીધામના રેલવે સ્ટેશનના મુખ્ય દરવાજા પાસેથી બિમાર હાલતમાં મળી આવેલા અજ્ઞાત યુવકે સારવાર દરમિયાન છેલ્લા શ્વાસ લીધો હતો.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ, ખોખરા ખાતે રહેનારો ૨૧ વર્ષીય મૃતક હાર્દિક હરેશ ગોયલ એક વાડીમાં બોરવેલનો પાઇપ સેટ કરાવી રહ્યો હતો ત્યારે તેના ઉપર પડેલા માટીના ઢગલામાં દબાઇ જતાં તેનું કમકમાટીપૂર્ણ મોત થયું હતું. આ બનાવ અંગે અંજારના પી.એસ.આઇ બી.એસ.ચૌહાણે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બીજી તરફ, સામખિયાળી ગામના રામ મંદીર પાસે રહેનારી ૨૬ વર્ષની સવિતા ભરત કોલી નામની અગિયાર વર્ષનો લગ્નગાળો ધરાવનારી પરિણીતાએ ગત ૨૪મી નવેમ્બરના રોજ પોતાના ઘરે જ ત્રણ સંતાનોની હાજરીમાં અગમ્ય કારણોસર સાડી વડે ફાંસો ખાઇ લીધો હતો.

આ બનાવ સંદર્ભે સામખિયાળી પોલીસના પી.એસ.આઇ. એચ.એચ.પરમારે આગળની તપાસ હાથ ધરી છે.

આ દરમ્યાન, પંચરંગી ગાંધીધામ શહેરના રેલવે સ્ટેશનના ગેટ પાસેથી ચાર દિવસ અગાઉ બીમાર હાલતમાં મળી આવેલા ૪૦ વર્ષના અજ્ઞાત યુવકને સેવા ભાવીઓ દ્વારા આદિપુરની રામબાગ હોસ્પિટલમાં લઇ જવાયો હતો. શ્વાસની ગંભીર તકલીફ ધરાવતા યુવકને ભુજની જી.કે.જનરલ હોસ્પિટલમાં રીફર કરાયો હતો જ્યાં સારવાર કારગત નિવડે તે પહેલા જ યુવાને દમ તોડ્યો હોવાનું તબીબે બી-ડિવિઝન પોલીસને જણાવતાં અકસ્માત મોત નોંધી હતભાગીની ઓળખ મેળવવા સહિતની કાર્યવાહી પોલીસે હાથ ધરી છે. ■